સ્થાનીક ગ્રામીણ લોક કામગીરી માર્ગદર્શિકા

ગ્રામ્ય વિકાસ મંત્રાલય, ભારત સરકાર

આજીવિકા

"સ્થાનિક લોકો પોતે વ્યવસ્થાપન તથા સંસ્થાઓની નેતાગીરી સંભાળશે."

વિષય સૂચિ

વિષય	પૃષ્ઠ નં.
યોજનાની મહત્વનીબાબતો	૮
ફેરફાર ન કરી શકાય તેવી બાબતો	
ભાગ-૧ : લક્ષ્યાંક નક્કી કરવા અને જન જાગૃતિ લાવવી	૧૦-૨૩
- ગ્રામીણ ગરીબોને કેન્દ્રમાં રાખીને કામગીરી કરવી	
-સામાજિક જાગૃતિ દ્વારા લક્ષ્યાંક નક્કી કરવા અને સિદ્ધ કરવા	
ભાગ- ૨ : સંસ્થાઓ ઉભી કરવી	૨૩-૬૬
-સંસ્થાઓ અંગે	
-સ્વસહાય જૂથો(મહિલા / સખી મંડળ)	
સ્વસહાય જૂથના વિકાસના પગથીયા	
હયાત સ્વસહાય જૂથો માટેકાર્યરચના	
ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ)	
ગ્રામ્ય સંઘનિર્માણ અને ગ્રામ્ય સંઘ માટે હેતુ નક્કી કરવા	
ગ્રામ્ય સંઘના સભ્યપદ માટેનીલાયકાત	
ગ્રામ્યસંઘની ચાવી રૂપ ભૂમીકા	
ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) નું માળખું	
ગ્રામ્યસંઘને નિભાવવાના થતાં રજીસ્ટરોની નિભવણી અને વ્યવસ્થાપન	
ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના વિકાસના તબકકા અને પ્રવૃત્તિઓ	
પ્રથમ તબક્કો (૧૨ મહિના સુધી) પેટા સમિતિઓ	
ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) માટે ઉપલબ્ધ અને સ્થાનીક સંશાધનો સાથે જોડાણ	
કાયદાકીય જરૂરિયાતો	
અમલીકરણ, દેખરેખ અને સમીક્ષા	

વિષય	પૃષ્ઠ નં.
ક્લસ્ટર/સેજા/સેજા કક્ષાનું સંઘ	
ક્લસ્ટર/સેજા/સેજાકક્ષાના સંઘની રચના	
ક્લસ્ટર/સેજાકક્ષાના સંઘ માટે ઉપલબ્ધ સંશાધન સાથે જોડાણ	
ક્લસ્ટર/સેજાકક્ષાના સંઘનું માળખું	
ક્લસ્ટર/સેજાકક્ષાના સંઘની કામગીરી અને જવાબદારીઓ	
પેટા-સમિતિઓ	
કાયદાકીય જરૂરિયાતો	
તાલુકા કક્ષાના સંઘ (બ્લોક લેવલ સંઘ - ટીએલએફ)	
સામુદાયિકસ્તરનો વિકાસ કરવો (કોમ્યુનિટી કેડર ડેવલપમેન્ટ)	
ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) માટે રજીસ્ટરોની નિભવણી અને વ્યવસ્થાપનકરનાર(બૂક કીપર)	
આંતરિક સક્રીય મહિલા(ઇન્ટર્નલકોમ્યુનિટી રીસોર્સ પર્સન)	
સ્થાનીક સંસ્થાઓ/ સામુદાયિકસ્તર/અમલીકરણકરનારનું ક્ષમતા વર્ધન	
ભાગ- 3 : નાણાંકીય જોડાણ	૬૭-૯૪
બચત	
આંતરિક ધિરાણ અને પરત ચૂકવણી	
રજીસ્ટરોની નિભવણી અને વ્યવસ્થાપન/બુક કીપીંગ	
બચત બેંક ખાતું	
સ્વસહાય જૂથનું મૂલ્યાંકન	
સ્થાનિક લોકો/લોક ભંડોળ	
૧. ફરતું ભંડોળ (રીવોલ્વીંગ ફંડ)	
૨. લોક ધીરાણભંડોળ (કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ)	
૩. જોખમ સમયનું ફંડ(વલ્નરેબિલિટીરીડ્ક્શન ફંડ)	
સૂક્ષ્મ મૂડીરોકાણ આયોજન (એમઆઇપી) / સૂક્ષ્મ ધિરાણ આયોજન (એમસીપી) /સૂક્ષ્મ આયોજન (એમપી)	
નાણાંનું આવક જાવકનું વ્યવસ્થાપન	

વિષય	પૃષ્ઠ નં.
બેંક ધિરાણ સાથે જોડાણ	
સામૂદાયિક સ્તરનો નાણાંકીય સમાવેશ	
• કાર્યો	
તાલીમ	
ભાગ-૪ : માળખા બનાવવા અને તેનું જોડાણ કરવું • સામાજિક જોડાણ અને સામાજિક વિકાસ • પંચાયતી રાજની સંસ્થાઓ (પીઆરઆઇ) અને સ્થાનિક ગ્રામ્ય સંગઠન (સીબીઓ)નું જોડાણ • આજીવિકાઓની પ્રવૃત્તિઓ	૯૬-૧૦૦
વીમો	
કૌશલ્યવર્ધન અને રોજગારી નિર્માણ (સ્કીલ &પ્લેસમેન્ટ)	
નિયમન અને જવાબદારી	
સ્થાનીક લોકો દ્વારા દેખરેખ	
ભાગ- ૫ : દેખરેખ, મૂલ્યાંકન અને શીખવું	૧૦૧-૧૦૬
બિડાણ :	૧૦૭-૧૪૦
બિડાણ-૧ : અમલીકરણ માટેની વ્યૂહ રચના	
બિડાણ-૨:સહભાગીતાથી ગરીબોની ઓળખ (પીઆઇપી)અંગેની કેબીનેટ મંત્રી મંડળની નોંધ	
બિડાણ- ૩: સ્વસહાય જૂથ માસિક પ્રગતિ અહેવાલનું પત્રક	
બિડાણ- ૪: સૂક્ષ્મ મૂડીરોકાણ આયોજન (એમઆઇપી) / સૂક્ષ્મ ધિરાણ આયોજન (એમસીપી) /સૂક્ષ્મ આયોજન (એમપી) તૈયાર કરવું	
બિડાણ- ૫: અન્ન સુરક્ષા ભંડોળ	

પ્રસ્તાવના

સ્થાનિક લોકોનાપાયાની વિચારસરણીનેધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનની જરૂરિયાત, પ્રક્રિયા અને હેતુઓનો દસ્તાવેજ તૈયાર કરવાનાં ઉદ્દેશથી **સ્થાનીક ગ્રામીણ લોક કામગીરી માર્ગદર્શિકા(કોમ્યુનિટી ઓપરેશનલ મેન્યુઅલ)**તૈયાર કરવામાં આવેલી છે.આ માર્ગદર્શિકા આજીવિકાની તકો ઉપર ધ્યાન આપીને ગરીબીમાંથી બહાર આવવામાં માર્ગદર્શન પૂરું પાડવાના હેતુ સાથે તૈયાર કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ સ્વસહાય જૂથને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ ધરાવતા સુવર્ણ જંયતિ ગ્રામ્ય સ્વરોજગાર યોજના(એસજીએસવાય) કાર્યક્રમના અનુસંધાનમાં છે.પરંતુ, સુવર્ણ જંયતિ ગ્રામ્ય સ્વરોજગાર યોજના(એસજીએસવાય) કાર્યક્રમનુંઅમલીકરણ સ્થાનિક લોકોનીસક્રીય ભાગીદારી વિના કરવામાં આવેલ હોવાથી આખરે તેનું ધાર્યું પરિણામ મેળવી શકાયું ન હતું. આ પરિણામના અંતે એવું સ્પષ્ટ થયું કે સ્થાનીક લોકોની સ્થિતિ, સ્થાનિક લોકોની જરૂરિયાતો સ્થાનિક લોકોપોતે જ સૌથી સારી રીતે જાણે છે,તેથી આ કાર્યક્રમની સફળતા માટે સ્થાનિક લોકોની સક્રીય ભાગીદારીઅતિ આવશ્યક છે. આ કાર્યક્રમનો હેતુગરીબ મહિલાઓને સ્વસહાય જૂથના સ્વરૂપમાં સંગઠિત કરી સંસ્થાકીય નિર્માણ કરી, અને તેમનું ક્ષમતાવર્ધન કરી, નાણાંકીય જરૂરિયાત પૂર્ણ કરી અને ટકાઉ આજીવિકાના વિકલ્પો નક્કી કરવામાં સ્થાનિક લોકોને મદદ કરવાનો છે.

આ માર્ગદર્શિકાસ્થાનિક લોકોના ગ્રામીણ ગરીબ મહિલાઓનેકેન્દ્રમાંરાખીને તેમને વિવિધ વ્યૂહરચના દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(આજીવિકા) કાર્યક્રમમાંકેવી રીતે સમાવિષ્ટ કરવાતેમજ કાર્યક્રમના સ્ટાફ માટેનું સ્થાનિક લોકોને આ કાર્યક્રમ સાથે સક્રીય રીતે જોડવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે. તદઉપરાંતસ્થાનિક લોકોના દરેક વર્ગનો સમાવેશ નક્કી કરવા માટે તેમનાં નિર્માણમાં સમાવિષ્ટ મૂલ્યો, પ્રથાઓ, પદ્ધતિઓ અને કામગીરી વચ્ચેના આંતરિક સંબંધો સમજવા તથા મદદ કરવા માટે અને તેમાં સરળતા લાવવાં માટે આ માર્ગદર્શિકા ખૂબ જ ઉપયોગી નિવડશે.

આ માર્ગદર્શિકાસ્થાનિક લોકોના જીવનસ્તરમાં સમગ્રલક્ષી પરિવર્તન લાવવા તથા ટકાઉ આજીવિકા તરફ પ્રગતિ કરવા મહત્વની ભૂમિકા ભજવશે. તદઉપરાંત સ્થાનિક લોકો સંગઠિત થઇને કામ કરે અને વિશ્વાસ ઉભા કરી એકબીજાને સહયોગ આપીને ગરીબી ઓછી કરી શકાય તે સમજવામાં પણ સ્થાનિક લોકોને મદદરૂપ થશે. લાંબાગાળે સ્થાનિક લોકોના

વિકાસલક્ષી બદલાવ અને યોજનાઓનું ઘડતર તેમજ પ્રવૃતિઓના અમલીકરણ કરવા માટે સંગઠનો રચવામાં અત્યંત ઉપયોગી નિવડશે. આ કાર્યક્રમમાં સ્થાનિક લોકો પોતેમહત્વની ભૂમિકા ભજવીનેવિકાસની સમગ્ર પ્રક્રિયામાં આગેવાની લઈને પોતે જ સંસ્થાકીય નિર્માણમાં મૂળભૂત ભૂમિકા સાથે અને ઉચ્ચ ગુણવત્તાવાળું જીવન જીવવાનું નક્કી કરવું જોઇએ. તેથી આ બાબત આવશ્યક છે કે આ કાર્યક્રમના હેતુ અને મૂલ્યો આ માર્ગદર્શિકા દ્વારા સમજી શકાય અને સ્થાનિક લોકોના જીવનમાં હકારાત્મક સુધાર લાવી શકાય.

આ માર્ગદર્શિકા સમયાંતરે આવતા ક્ષેત્રકાર્યના પરિવર્તનો,અને અનુભવોતેમજ સ્થાનિક લોકોના પ્રતિભાવોને આવરી લઈને તેને સમૃદ્ધ અને અદ્યતન બનાવાય તેવો પરિવર્તનશીલ દસ્તાવેજ બનશે.

“રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન” (એનઆરએલએમ)યોજનાના મહત્વના લક્ષણો:-

એક મિશન તરીકે “રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન” (એનઆરએલએમ)નો સ્પષ્ટ ઉદ્દેશ સંસ્થાઓનાનિર્માણ અને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાણદ્વારા ગ્રામીણ લોકોને ગરીબીમાંથી બહાર લાવવાનો છે. આ કાર્યક્રમના કેટલાંક મહત્વના લક્ષણો નીચે પ્રમાણે છે.

- સ્થાનિક લોકોજાતે જ પોતાની જરૂરિયાતોને ઓળખે, વિકાસ માટેનું આયોજન કરે, પ્રવૃત્તિઓનો અમલ કરે અને આવી પ્રવૃત્તિઓની દેખરેખ પણ સ્થાનિક લોકોજાતે જ કરશે.
- સ્થાનિક લોકો એ નક્કી કરશે કેતેમાંથી કોઇપણવંચિત વ્યક્તિ કે પરિવાર આ કાર્યક્રમના લાભથી વંચિત ન રહે તેમજ યોજનાના બધાં અગત્યના નિર્ણયો ગામના વંચિત અને ગરીબ પરિવારનાઅભિપ્રાયને સાથે રાખીનેગ્રામ સભામાં લેવામાં આવશે..
- યોજનાના નાણાં સીધા જ સ્થાનિક લોકોને આપવામાં આવશે અને તેઓ સ્વતંત્ર રીતે તેમજ પારદર્શક રીતે નાણાંનો વ્યવહાર કરશે.
- સ્થાનિક લોકો પોતે વ્યવસ્થાપન તથા સંસ્થાઓની નેતાગીરી સંભાળશેતેમજ નક્કી કરેલા પરિણામ મેળવવા માટે એકબીજાનાસહકારથી કામ કરવા માટે સ્થાનિક લોકો પ્રયત્નશીલ રહેશે.

ફેરફાર ન કરી શકાય તેવી બાબતો

સત્તાની સાથે જવાબદારીપણ આવે જ છે એ બાબત સ્વયં સ્પષ્ટ છે. તેથી કેટલાક પાયાના સિદ્ધાંતો બનાવી અને તે સિદ્ધાંતોનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે તે બાબત સ્થાનિક લોકો ધ્યાનમાં રાખશે.રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એનઆરએલએમ) યોજનાના શરૂઆતના તબક્કે સ્થાનિક લોકોને મદદ કરીને માર્ગદર્શન આપશે જેથી સ્થાનિક લોકો ટકાઉ સંસ્થાનો પાયો નાખી શકે. આ માટે કેટલીક પાયાની અને અગત્યની બાબતો છે જે બાબતોનાફેરફારમાન્ય નથી તેવી ઉલ્લેખનીય બાબતો નીચે મુજબ છે.

૧. સક્રિય ભાગીદારી:-

સ્થાનિક લોકોજાતે જ પ્રવૃત્તિઓનું આયોજન તેમજ અમલીકરણ કરે :

સ્થાનિક લોકોતમામ હિત ધારકો, તમામ ગરીબ તથાવંચિતોની સક્રીય ભાગીદારીનક્કીકરશે. તમામ નિર્ણયો સામૂહિક ભાગીદારીથી લેવામાં આવશે અને કોઇપણ નિર્ણય પર કોઇપણ પ્રકારનું દબાણ આપવામાં નહીં આવે.

૨. **પારદર્શિતા :-**

સ્થાનિક લોકોદ્વારા કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓમાં પારદર્શિતા રાખવામાં આવે.

સ્થાનિક લોકો, તમામ કાર્યો કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ વિના અને પારદર્શક રીતે કરશે.સ્થાનિક લોકો,તમામ પ્રકારનીમાહિતી જેવી કે ભંડોળ,ખરીદી, લાભાર્થી લોકોની યાદી સહિત બધી યોજનાની માહિતી ગામના દરેક લોકોને આપશે, માહિતીની આપ-લે કરવા માટે નોટિસ બોર્ડનો ઉપયોગ કરશે, ગ્રામ્યલોકોની બેઠકો બોલાવશે અને જરૂર પડયે ગ્રામ્ય સભામાં તેની મંજૂરી મેળવશે. સ્થાનિક લોકોએ બાબત પણ ધ્યાનમાં રાખશે કે ગામના બધા લોકોને દસ્તાવેજઅને રજિસ્ટર જોવાનો તથા તપાસવાનો હક છે.

3. **જવાબદારી:-**

સ્થાનિક લોકોતમામ વ્યવહારો અને નિર્ણયો માટે સામૂહિક રીતે જવાબદાર રહેશે.

તમામ કક્ષાએ જવાબદારીઓ અરસપરસ રીતે અને સામૂહિક રીતે ઉઠાવાશે તેમજ દરેક લાભાર્થી લીધેલ પગલાં માટે જવાબદાર રહેશે.

૪. **મહિલાઓની ભાગીદારી :-**

મહિલાઓ મુખ્ય લાભાર્થી હશે.

કુલ વસ્તીના ૫૦% વસ્તી મહિલાઓની છે. તેથી મહિલાઓના વિકાસ સિવાય સમાજનો ખરા અર્થમાં વિકાસ થઈ શકશે નહીં.

૫. **અત્યંત ગરીબને આવરી લેવા:-**

સ્થાનિક લોકો અત્યંત ગરીબનો વિકાસ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.

અત્યંત ગરીબ કુટુંબને જોડી, તેમનેકૌશલ્યવર્ધક તાલીમઆપી, આજીવિકાની તકો ઊભી કરીને તેમના જીવનધોરણમા સર્વાંગલક્ષી પરીવર્તનકરવાનો મુખ્ય ઉદ્દેશ રહેશે.

૬. **વંચિતોનો સમાવેશ:-**

સ્થાનિક લોકો, સમાજના વંચિત રહી ગયેલા તમામ લોકોજેવા કે વિધવા, અનાથ, નિરાધાર, સ્થળાંતર કરી આવેલ લોકો, અશક્ત વ્યક્તિઓ, ભટકતા લોકો, વૃદ્ધ, વેશ્યાવૃત્તિમાંરોકાયેલી સ્ત્રી, કીન્નર(હીંજડા), લાંબાગાળાની માંદગી ધરાવતા વગેરે જેવા નબળાવર્ગ લોકોના સમાવેશ દ્વારા તેમને સશક્તકરવાનું નક્કી કરશે.

<u>ભાગ-૧ : લક્ષ્યાંક નક્કી કરવા અને તેને સિદ્ધ કરવા</u>

ગ્રામીણ ગરીબોને કેન્દ્રમાં રાખી કામગીરી કરવી :

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એનઆરએલએમ) દેશના તમામ ગરીબ અને છેવાડાના વંચિત કુટુંબો સુધી પહોંચવાનો ધ્યેય રાખે છે. આ કામમાં, આ મિશનસ્થાનિક લોકોને યોજના અંતર્ગત ગરીબ કુટુંબોને ઓળખી, તેમને જોડાણ કરી, તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા પૂરતો અવકાશ અને તક પૂરી પાડે છે. જ્યારે વ્યાપક કક્ષાએ લક્ષ્યાંક બનાવતી વખતે (ગરીબીનો ગુણોત્તર, બાળમૃત્યુદર (આઇએમઆર), માતા મૃત્યુદર (એમએમઆર), સાક્ષરતાદર, અનુ. જાતિ/અનુ.જનજાતિ/વંચિત રહી ગયેલા આદિમ જૂથો (પીવીટીજી)/લઘુમતિસ્થાનિક લોકો, મનરેગા અંતર્ગત કામગીરી કરતા કાર્યકરો, ઊંચી ધરેલું હિંસાનું પ્રમાણવાળા, અત્યાચારની શક્યતાવાળા વગેરે જેવી શક્યતાઓ ધરાવતા વિસ્તારો) નિર્દેશકોના ધોરણે યોજનાનો સ્ટાફ કામગીરી કરશે. યોજનાનાસધન અને સૂક્ષ્મ આયોજન અંગેસ્થાનિક લોકોનેતૃત્વ લેશે.

અગાઉ જણાવ્યા પ્રમાણેયોજનાના સધન, સૂક્ષ્મ અને પદ્ધતિસર આયોજન માટે સ્થાનિક લોકોનો મુખ્ય ઉદ્દેશ નીચેના કુટુંબોનો સમાવેશ કરવાનો રહેશે :

૧. અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / આદિમ જાતિ, પ્રાચીન આદિજાતિ, વિચરતી જાતિ, વિમુકત જાતિ, છૂટી છવાઇ જાતિ, સફાઇ કામદાર, વેઠિયા મજૂરો, જોખમી વ્યવસાય સાથે સંકળાયેલા, કુદરતી આફતથી અસરગ્રસ્ત/ વિકાસ યોજનાથી વંચિત રહેલા/ વિસ્થાપિત થયેલ સમૂહો / ઉપેક્ષિત સમૂહો, સંવેદનશીલ વિસ્તારમાં રહેતા સમૂહો, રોજમદારો / મજૂરો, ઓછી આવક ધરાવતા લોકો, નીચું જીવન ધોરણ ધરાવતા લોકો, સ્થળાંતર કરનાર મજૂરો, લઘુમતીઓ, જાતીય રીતે

લઘુમતીઓ, કીન્નરો, (રાજ્યમાં વિશિષ્ટ યાદી:ચાકર,વેઠીયા મજૂર)વગેરેની વસ્તીનું ઊંચુ પ્રમાણ ધરાવતાં ગામો/ વિસ્તારો/ પરાં.

૨. એવા કુટુંબો કે જેમાં એક કે એકથી વધારે સભ્ય અશકત હોય, એકાકી સ્ત્રીઓ, (વિધવાઓ, કુંવારી સ્ત્રીઓ, લગ્ન કર્યા વિનાની માતાઓ/ ત્યક્તા / છૂટાછેડા લીધેલી સ્ત્રીઓ, પીડિતા) કુટુંબના મુખ્ય વડા મહિલા હોય તેવા કુટુંબો, વૃદ્ધ, નિરાધાર વગેરે આ પ્રકારની એક કે તેથી વધુ બાબતો ધરાવતી વ્યક્તિઓ, કે કોઇપણ પ્રકારની અસમર્થતા ધરાવતી વ્યક્તિઓ / કુટુંબો /સમૂહ.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનનો સ્ટાફ, કોમ્યુનિટી રીસોર્સપર્સનની[1]મદદથી સામાજિક જાગૃતિથી પ્રાથમિક તબક્કાની ગ્રામ્ય કક્ષાએ શરૂઆત કરશે. શરૂઆતના તબક્કામાં કેટલાંક સ્વસહાય જૂથો અને પ્રાથમિક કક્ષાનાસંગઠનો (ગ્રામ્યસંઘ) રચવામાં આવશે ત્યારબાદ તેમના ક્ષમતાવર્ધન માટે સ્થાનિક લોકો દ્વારા જ સામાજિક ગતિશિલતાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

સામાજિક ગતિશિલતા દ્વારા લક્ષ્યાંક સિદ્ધિ (સોશિયલ મોબિલાઈઝેશન)

શરૂઆતમાંસ્થાનિક લોકોને ગતિશિલ / જાગૃતકરવાનું કામ યોજનાના સ્ટાફ દ્વારા કરવામાં આવશે.પરંતુસમયાંતરે આ કામગીરી સ્થાનિક લોકોદ્વારા જાતે જ કરવામાં આવશે. આ સમગ્ર કામગીરી પાર પાડવા માટે સ્થાનિક લોકો એક સામાજિક જાગૃતિ જૂથ/ પેટા સમિતિ બનાવશે. આ જૂથમાં સ્વસહાય જૂથ તથા પ્રાથમિક કક્ષાના સંઘના સભ્યોનો સમાવેશ કરશે અને પંચાયતી રાજની સંસ્થાઓ (પીઆરઆઇ)ને વિશ્વાસમાં લઈને કામગીરી કરશે. આ ઉપરાંત અશક્ત વ્યક્તિઓ, વૃદ્ધો, વિધવાઓ,શ્રમયોગી કુટુંબ,વિંકલાગ,નિરાધાર વગેરે જેવા સામાજિક અને આર્થિક નબળા વર્ગોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય તે બાબતસ્થાનિક લોકો પોતે જ નક્કી કરશે. આ કાર્યક્રમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેમને યોજનાનાપાયાના ખ્યાલ અંગેની સમજ અને સામાજિક ગતિશિલતા / જાગૃતિની કામગીરી અંગેની તાલીમ કોમ્યુનિટી રીસોર્સ પર્સન (સી.આર.પી.) /પ્રોફેશનલ રીસોર્સ પર્સન (પીઆરપી) /સક્રિય મહિલા કાર્યકર / યોજનાના સ્ટાફ દ્વારા આ તાલીમ આપવામાં આવશે.

આ સાથે ગામમાં શરૂઆતની જાગૃતિ કાર્યક્રમનાં દિવસોથી ૬ થી ૯ મહિનાના સમયગાળામાંગામમાં સ્થાનિક લોકો પોતેસહભાગી પ્રક્રિયા દ્વારાગરીબોની ઓળખકરવા માટે એક ટૂકડી બનાવશે. ગરીબોની સહભાગી ઓળખ એ એક એવી પધ્ધતિ છે જ્યાં ગામની

વસ્તીમાંથી ગરીબ લોકો તેમજઅતિ ગરીબ વ્યક્તિઓ / કુટુંબોની ઓળખકરવા માટે સ્થાનિક લોકોપોતે મુખ્યઅને મહત્વની જવાબદારી ભજવશે.

સહભાગી પ્રક્રિયા મારફતે ગરીબોની ઓળખ કરવા માટેની ટુકડી(પીઆઇપી ટીમ) ના સભ્યોસામાજિક ગતિશીલતા મુજબપસંદ કરવામાં આવશે. આ સામાજિક જાગૃતિ અંગેની ટુકડીને આ કામગીરીમાં ક્ષેત્રીય કામગીરીનો અનુભવ કરાવવામાં આવશે તદઉપરાંત તેમને તાલીમ પણ આપવામાં આવશે. આવા તાલીમકારને યોજનાનો સ્ટાફ તાલીમ આપશે.

---

[૧] કોમ્યુનિટી રીસોર્સ પર્સનએ સ્વસહાય જૂથની એવી મહિલા સભ્યો છે કે જેણેપોતાના જીવનમાં અત્યંત ગરીબી અનુભવી છે અને સ્વસહાય જૂથના માધ્યમથી ગરીબીમાંથી બહાર આવી છે અથવા સમય જતાં તેમની ગરીબીમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયો છે. પોતાના જીવનમાં અમુક કક્ષાની પ્રગતિ કર્યા પછી સ્વસહાય જૂથને પ્રોત્સાહિત કરવા અને તેમનું સંઘ કરવા માટે પોતાના જીવનના અનુભવોનું વર્ણન કરીને પોતાના અનુભવો/ પ્રયાસો જણાવવા માટે તેઓ આગળ આવ્યાં છે.

યોજનાકીય લક્ષ્યાંક નક્કી કરવાની કામગીરી બે તબક્કે કરાશે :

તબક્કો -૧ : વિવિધ ટુકડીઓ અને પદ્ધતિઓ દ્વારા ગામમાં લોકોને ભેગા કરવાની શરુઆતની કામગીરી.

ગામમાં લોકોના એકત્રીકરણ કરવાનીશરૂઆતની પ્રવૃત્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

✓ સમાજમાં માર્ગદર્શન અને બીજી અગત્યની વ્યક્તિઓને મળવું જેવા કે...

1. ગ્રામ પંચાયતના સભ્યો
2. ગામના અલગ-અલગજ્ઞાતિના વડીલ આગેવાન(અનુજાતિ, અનુ. જનજાતિ, અન્ય પછાતવર્ગો, લઘુમતીના લોકો) ખાસ કરીને ગરીબ લોકો પર વિશિષ્ટ ધ્યાન આપવું.
3. હયાતસ્થાનિક લોક સંગઠન(સીબીઓ) અને સામાજિક સંસ્થાઓના (સીએસઓ) આગેવાનોને મળવું
4. મનરેગા, ગ્રામ્ય શક્તિ જૂથો, સાથીઓ,**પાણી સમિતી ના સભ્યો,વાલી મંડળો**
5. ગ્રામ્યકક્ષાના સરકારી કર્મચારીઓ (પંચાયતના તલાટી કમ મંત્રી, મનરેગાના ક્ષેત્રીય સહાયક (ફિલ્ડ આસીસ્ટન્ટ)**ગ્રામ સેવક**વગેરે)
6. આંગણવાડી કાર્યકર અને આરોગ્ય કાર્યકરો/**આશા વર્કર.**
7. શાળાના શિક્ષકો

- ✓ માહિતી, શિક્ષણ અને સંદેશા વ્યવહાર (આઇઇસી:- ઇન્ફોર્મેશન-એજ્યુકેશન-કોમ્યુનિકેશન) ના ઉપયોગમાટે અન્ય વિસ્તારની સાંસ્કૃતિક ટુકડીઓ તથા બહારની એજન્સીઓની મદદથી વ્યક્તિઓને યોગ્ય તાલીમ આપીતેમજ નીચે દર્શાવેલી પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એનઆરએલએમ) અંગે સંવેદનશીલ બનાવવા
    1. ગીતો/ લોકકથાઓ/ લોક સાહિત્ય / કાવ્યો/**લોકગીત/ડાયરો/તમાશો/ભવાઇ**
    2. વાર્તાઓ/ નમૂનારૂપ અભ્યાસો/**સાફલ્ય ગાથાઓ**
    3. શેરી નાટકો/ કઠ પૂતળીના ખેલ
    4. તહેવારો/ સાંસ્કૃતિક કાર્યક્રમો વખતેના મેળાવડા.
    5. વિડિયો ફિલ્મો
    6. કલાના મેળાવડા
    7. ભીંતપત્રો, ચોપાનિયાં, વાવટાઓ, ચાર્ટ, સાઇન બોર્ડ, લાઉડસ્પીકર, ઢોલ-નગારા વગાડીને **અને સ્થાનિક ટી.વી ચેનલો**
    8. રેલીઓ, ઝુંબેશો
    9. સ્થાનિક ટેલિવિઝન, ગ્રામ્ય(સ્થાનિક લોકો) રેડીઓ, રેડીઓ, વર્તમાનપત્રો

- ✓ પ્રેરણા પ્રવાસ, (પંચાયતી રાજ સંસ્થા, સ્થાનિક લોક સંગઠનો અને સ્થાનિક લોકોના આગેવાનોવગેરે)
    1. ગામની અંદર જ
    2. ગામ બહારની સારી સાફલ્યગાથાનો પ્રેરણા-પ્રવાસ

તબક્કો:– રપ્રાથમિકકક્ષાના સંઘની રચના બાદ લક્ષિત જૂથોનેઓળખવા માટે લોક સહભાગીતા (PIP) દ્વારા ગરીબોની ઓળખ(બિડાણ-ર તરીકે મંત્રી મંડળની નોંધ સાથે સામેલ છે.)

ગરીબની સહભાગી ઓળખ પ્રક્રિયાનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે :

- ✓ લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ માટેની પ્રક્રિયાની આગેવાનીસ્થાનિક લોકો એ લેવાની રહેશે.
- ✓ લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ(PIP) માટેસહભાગીતાનીસરળ પદ્ધતિનો ઉપયોગ કરવો કે જેમાં ગામના દરેક લોકોનો સમાવેશ કરી શકાય.
- ✓ લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ(PIP)ની પ્રક્રિયા ગામમાં પ્રાથમિકકક્ષાના સંઘ(ગ્રામ્યસંઘ) ની રચના બાદ જ કરવાની રહેશે.
- ✓ લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ(PIP)ની પ્રક્રિયામાં યોજનાના કર્મચારીઓએકોમ્યુનિટી રીસોર્સ પર્સન (સીઆરપી) અને અન્ય સક્રિય કે તાલીમ પામેલ સમૂહના સભ્યો આ પ્રક્રિયાને સરળ બનાવવામાંમદદરૂપ થશે.
- ✓ લક્ષ્ય જૂથ નકકી કરવાનું ધોરણ સમુદાયે નક્કી કરવાનું રહેશે.
- ✓ આ પદ્ધતિ દ્વારા સ્થાનિક લોકો ફરિયાદો સાંભળી ભૂલો સુધારી શકશે. પીઆઇપીના અંતે, સ્થાનિક લોકોને નબળા, વિકલાંગો, અત્યંત ગરીબ, ગરીબ આદિવાસીઓ, લાંબા સમયથી બીમાર દર્દીઓ, ભટકતા લોકો અને ગામમાં બધા સંમત થાય તેવા બીજા સુખી સમુદાયોની આખરી યાદી પ્રાપ્ત થશે.લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખપ્રક્રિયાનો અમલ કરવા માટે સ્થાનિક લોકો વ્યાપકપણે નીચેની પદ્ધતિને અનુસરશે :

લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) માટે સમૂદાય નીચે દર્શાવેલી પદ્ધતિનું ચૂસ્તપણે પાલન કરશે.

૧. શરૂઆતમાં લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) પ્રક્રિયાની અગત્યતા અંગેની માહિતીનો વધુમાં વધુ ખ્યાલ લોકો સુધી પહોચાડવા મુલાકાત અભિયાન ચલાવાશે.

૨. આ અભિયાન દરમિયાન ગામના તમામ લોકોને માહિતગાર કરવામાં આવશેકે લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની કામગીરીમાં ગામના અપંગ, અસહાય લોકો, ગરીબ અને અત્યંત ગરીબ લોકો જેવા જુદી-જુદી કક્ષાનાં કુટુંબોનાં અને લોકોની ઓળખકરવા માટે હાથ ધરવામાં આવશે.

૩. લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) કરી ટુકડી પસંદ કરવાનું રહેશે જેમાં સ્થાનિક લોકો, ગામના તમામવિસ્તારના પ્રતિનિધિઓ અને એક કે બે બહારના પ્રતિનિધિ હશે કે જેઓ વિશેષ આવડત ધરાવતા હશે. લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) ટીમની સંખ્યાનું કદ ૧૦થી વધુ વ્યક્તિઓનું નહીં હોય.

૪. સ્થાનિક લોકોના પ્રતિનિધિઓ ૨-૫ દિવસની લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની તાલીમ લેશે જ્યાં તેમને યોજના વિશે,સમાજમાં નબળા લોકોનું જૂથોમાં જોડાણ કરવાનીઅગત્યતા વિશે તથા કરવાની તમામ કામગીરી અંગે તાલીમ અપાશે.

૫. સ્થાનિક લોકોલોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની કામગીરી અલગ અલગ વિસ્તાર મુજબ કરશે. વસવાટની દ્રષ્ટીએ વિસ્તારનું કદ મોટું હશે તો એટલે કે ૧૫૦ કુટુંબોથી વધુ વસ્તી હશે તો સમુદાયેલોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની કામગીરી એક કરતા વધુ વખત કરવી પડશે.

૬. સ્થાનિક લોકોલોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની ટીમ જુદાં-જુદાં સાધનોમાંથી ગામના દરેક કુટુંબવારઘર, વ્યવસાય સાથેની વિગત, અપંગની સંખ્યા અંગેની માહિતી એકત્ર કરીને શરૂઆત કરશે.

૭. સ્થાનિક લોકો,લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) ટીમની સાથે એકઠી કરેલી માહિતીની સમીક્ષા કરશે.

૮. સ્થાનિક લોકો નક્કી કરેલ તારીખ અને સમયે, અગાઉથી નક્કી કરવામાં આવેલબધાજ લોકોને અનૂકૂળ સ્થળેમળશે. (જે ગામના પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરીને નક્કી કરાશે.) આ બધાજ લોકોને અનૂકૂળ સ્થળ અને મહિલાઓને તેમજ કોઇપણ ભેદભાવ સિવાય બધી જ્ઞાતિના લોકોને સંપૂર્ણ અનુકૂળ હશે. નક્કી કરેલ સ્થળ એટલું મોટું હશે જેમાં લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની કામગીરી કરી શકાય તેવી બેઠક અનૂકુળતા, યોગ્ય સુરક્ષા અને વીજળી-પાણીની વ્યવસ્થા હશે, જેમાં નકશા અને ચાર્ટ બનાવી શકાશે તથા ગામના બધા રહીશો વધુમાં વધુ/ સંપૂર્ણ ભાગ લઇ શકે તે નક્કી કરાશે.

૯. આ કામગીરીના સમય, સ્થળ અને જગ્યા અંગેનો નિર્ણય સર્વાનુમતથી લેવામાં આવશે.

૧૦. સ્થાનિક લોકોની સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) ટીમની સાથે ગ્રામજનોને માહિતગાર કરવા માટે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવીકે ફિલ્મો બતવવી, કઠપૂતળીના ખેલ, શેરીનાટક, ભવાઈ, રેલી, સરઘસ રથો દ્વારા કરાશે.

૧૧. લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની કામગીરીના ભાગ રૂપે સ્થાનિક લોકો જરૂરી હોય તેવી સામાજિક મોજણી અને સાધનોની મોજણી કરશે. સામાજિક-સંસાધન નકશાની કામગીરીમાં નીચેના વિગતોનો સમાવેશ થશે :

- નકશા દોરવા માટે સ્થાનિકરીતે મળતી સામગ્રીએકત્રિત કરવી(જેવી કે બીજ, ફળ, પાંદડાં, રંગોળીનો પાવડર, ચોખાનો ભૂકો,ચૂનો,ચોક વગેરે)
- સ્થાનિક લોકો જમીન ઉપર ગામનો નકશો બનાવશે. મૂળભૂત રીતે તો પ્રથમ પગલું મહત્વના સ્થળ અને મિલકતો તથા શાળા,પંચાયત ઘર,રસ્તાઓ, આરોગ્ય કેન્દ્ર વગેરે જેવી મુખ્ય ઇમારતો નકશા ઉપર દર્શાવવાની છે.
- સામાજિક નકશા ઉપર લોકોનાં મકાનો દર્શાવાશે. નિરાધાર તથા ધર્મશાળા, મંદિર, મસ્જિદ વગેરે જેવી મહત્વના સ્થળ અને મિલકતોમાં રહેતા લોકોની અલગ સંખ્યા આપવાનું ઘણું અગત્યનું છે.
- ત્યારબાદ દરેક કુટુંબને એક કાર્ડ/ નંબર આપવામાં આવશે. આ કાર્ડ ઉપર તેમનો વ્યવસાય, કમાનાર સભ્યોની સંખ્યા, કુટુંબમાં વિકલાંગ વ્યક્તિની હાજરી, વિકલાંગતાનો પ્રકાર વગેરે નોંધીને દર્શાવવામાં આવશે.
- પ્રતીક તરીકે વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરી શકાશે (જેવી કે બત્તીના થાંભલા દર્શાવવા માટે વપરાયેલી પાણીની બાટલીઓ, મોટા વૃક્ષો બતાવવા પાંદડાં, શાળા વગેરે જેવી સમાજ સંસ્થાઓ દર્શાવવા માટે બીજ) જેથી કરીને આપણે કામગીરીમાં ભાગ લેતા સમૂહના બધા સભ્યો આ પ્રક્રિયાજાતે કરી શકે.

૧૨. બીજું પગલું, આર્થિક-સામાજિક સંપત્તિઆધારિત જૂથની ઓળખની કામગીરીનું રહશે જેમાં ૧૨થી ૧૫ લોકો ગામલોકોની આર્થિક-સામાજિક સદ્ધરતા વિશેજૂથમાં ચર્ચા કરશે જે લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની ટીમની મદદથી કરવામાં આવશે. અહીં સ્થાનિક લોકો કેટલીક કક્ષામાં કુટુંબના વર્ગો બનાવવાનાં ધારા ધોરણો નક્કી કરશે. અગાઉ ભેગી કરેલી માહિતીના આધારે સ્થાનિક લોકોઅતિ ગરીબ, ગરીબ, ઓછા ગરીબ, વગેરેકક્ષાનું વર્ગીકરણ કરવામાં આવશે.આ વર્ગીકરણ સામાજિક –સંસાધન નક્શા આધારિત હશે.

૧૩. ગામના કુટુંબોનું વર્ગીકરણ કરવાનું સ્થાનિક લોકોનું ધોરણ નીચે મુજબ ચર્ચા કરીને નક્કી કરવામાં આવશે :

- જીવન ધોરણ, આવકનું સાધન, જવાબદારી અને વંચિતતાનાં પાસાં સંબંધમાં ગરીબીની જુદી જુદી કક્ષાઓ (જેવી કે...મહિલાઓ આધારિત કુટુંબો, વિધવાઓ, વિકલાંગ લોકો, ભિક્ષુકો, સફાઇકામદારો, દેહ વ્યાપાર સાથે સંકળાયેલી સ્ત્રીઓ, લાંબા સમયથી બીમાર, વેઠિયા મજૂરો,કિન્નરો(હીજડા), તોફાનોને કારણે આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ વગેરે) અંગે અરસપરસ ચર્ચા વિચારણા કરીને કુટુંબના વર્ગીકરણ અંગે સ્થાનિક લોકોનિર્ણય કરશે. બધાં કુટુંબો માટે ઘર નંબર અને કુટુંબના વડાના નામ સાથેનાં કાર્ડ બનાવવામાં આવશે.

- સ્થાનિક લોકોમાંથી કોઇ એક વ્યક્તિ એક પછી એક એમ કુટુંબના નામો વાંચશે અને જૂથમાં ચર્ચા કરશે અને તે પ્રમાણે કુટુંબના વર્ગો (સૌથી ગરીબ, ગરીબ, અને ઓછા ગરીબ તેવા વર્ગો)નું વર્ગીકરણ કરવામાં આવશે.

૧૪. સ્થાનિક લોકો, ઉપર દર્શાવ્યા પ્રમાણેના વર્ગિત કુટુંબો વિશે ગામની જુદી જુદી મહિલાઓ સાથે ચર્ચા કરશે. જેથી ઉપર થયેલ વર્ગીકરણનો યોગ્ય ખ્યાલ મળી શકે અને પુન: ચકાસણી થઈ શકે. ચકાસણીના અંતે માહિતીમાં કે વર્ગીકરણમાં ખામી જણાય તો સમગ્ર પ્રક્રિયા ફરી વખત શરૂ કરવામાં આવશે.

૧૫. સૌથી ગરીબની ઊંચી કક્ષા અને ગરીબ પરિવારને અત્યંત ગરીબ કક્ષાના પરિવાર સાથે સ્થાનિક લોકો ક્રમ આપશે અને તે મુજબ લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) યાદી તૈયાર કરાશે.

૧૬. આ રીતે બનાવેલ અતિ ગરીબ, ગરીબ અને ઓછા ગરીબ તેવાં નામો ધરાવતી યાદી લોકો વાંચીને તેમના પ્રતિભાવ આપી શકે તે માટે એક અઠવાડિયું કે તેટલા સમય માટે ગ્રામ પંચાયતમાં, બધાં વાસમાં લોકો છૂટથી આવજા કરી શકે તેવાં જાહેર સ્થળોએ / નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવશે.

૧૭. છેવટે લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની યાદીને આ હેતુ માટે ખાસ બોલાવેલી ગ્રામસભામાં તપાસવામાં આવશે. આ યાદીને ખુલાસાઓ પછી, ચકાસણી પછી અને વિવાદની પતાવટ (હોય તો) કર્યા પછી સર્વ સંમતિથી મંજૂર કરાશે.

ત્યારબાદ તેને ગ્રામસભામાં મૂકવામાં આવશે. ઠરાવવામાંઆવેલ આ યાદી અને દસ્તાવેજો ગ્રામ્યસંઘ પાસે આવશે.



આમ,સ્થાનિક લોકો, યોગ્ય લોક સહયોગ અને સંપૂર્ણ સામૂહિક માલિકીથી બધાં કુટુંબોની એક સંપૂર્ણ યાદી તૈયાર કરશે. આ `યાદીના આધારે સ્થાનિક લોકો સંસ્થા રચવા માટે કાર્યશીલ બનશે. લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP)ની પ્રથા પારદર્શકતાને પૂરતું મહત્વ આપે છે અને આમ તે વ્યાપક સ્વીકાર અને ઉચ્ચ વિશ્વસનીયતા ધરાવે છે. ક્રમ સંખ્યાના આધારે અત્યંત ગરીબ પહેલો તેવી અગ્રતા આપવાની સાથેસ્થાનિક લોકોતેનાં સાધનો સંપતિની વહેંચણી કરશે. લોક સહભાગીતા દ્વારા ગરીબોની ઓળખ (PIP) હેઠળ પ્રવૃત્તિનો ક્રમ દર્શાવતો એક તૈયાર ચાર્ટ નીચે પ્રમાણે છે. :

પ્રવૃત્તિ	દિવસ																
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
સ્વસહાય જૂથ/ ગ્રામ્યસંઘ(પી આરએલએફ) સાથે ચર્ચા																	
પીઆરઆઇ સાથે ચર્ચા અને ગ્રામ્ય પંચાયત સાથે સભા																	
ગામનાં બધાં સ્વસહાય જૂથ સાથે ચર્ચા																	
પીઆઇપી ટીમ માટે સંસ્કરણ અને તાલીમ																	
ગ્રામ્યપંચાયત સભા ગામમાં આઇઇસી પ્રવૃત્તિ																	
કઠપૂતળીના ખેલ/ ફિલ્મ શો/ શેરી નાટક વગેરે																	

સામાજિક સહ સાધન નકશો અને સંપતિ જૂથ ક્રમ																
માહિતીનો ત્રિકોણ બનાવવો																
જાહેર સ્થળોએ યાદીને પ્રદર્શિતકરવી																
ગ્રામ્ય સભા અને ગ્રામ્ય પંચાયતમાંથી યાદીનીમંજૂરી																

સમાવેશની પ્રક્રિયાના ત્રણ મુખ્ય ભાગ છે :

એકજૂથ થવું

- ગરીબ અને વંચિતોની સમસ્યાઓ હલ કરવાપોતાની સંસ્થાઓનું નિર્માણ કરવું.
- સમુદાયને મદદ કરવા સમુદાયમાંથી જાણકાર વ્યક્તિને પ્રતિનિધિ તરીકે નક્કી કરવા.
- નબળા લોકો નક્કી કરી તેમની યાદી બનાવો અને તેમનો સ્વસહાય જૂથ /પ્રાથમિક કક્ષાના સંગઠનો(પીઆરએલએફ)જેવી સંસ્થાઓમાં સમાવેશ

એકજૂથ થઈને શીખવું

- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનનો સ્ટાફ સમુદાયને સામાજિક સમાવેશ, સંસ્થાકિય નિર્માણ, ગરીબોનું સશક્તીકરણ અને અન્ય બાબતો અંગે તાલીમ આપશે.
- સ્વસહાય જૂથ અને પ્રાથમિક કક્ષાના સંગઠન (પીઆરએલએફ)ને મજબૂત બનાવવા અને માહિતી માટે સમુદાયની જાણકાર વ્યક્તિઓની સહાય મેળવવામાં આવશે.
- સમુદાય જુદાં જુદાં ખાતાંની યોજનાઓ અંગે પણ શીખશે

એકજૂથ થઈને કામ કરવું	• સમુદાય, જુદી જુદી કક્ષાના નબળા લોકોની યાદી બનાવશે અને તેની દરેક બેઠકમાં ચર્ચા કરશે. • સમુદાય, નિયમિત યોજાતી બેઠકમાં તેમની આજીવિકા અને સુખાકારીની યોજના ઘડશે. • સમુદાયની જાણકાર વ્યક્તિ અને ગ્રામસભાની મદદથી તેને લાભ મેળવવા તેમની અરજીઓ રજૂ કરવામાં આવશે. • સમુદાય, સ્ત્રીઓ પ્રત્યે થતી હિંસા (બાળ લગ્ન, ઘરેલું હિંસા, પુરુષ સભ્યો દ્વારા દારૂનું સેવન, માનવ વેપાર) અંગે માહિતગાર કરશે. • સમુદાય, પ્રાથમિક કક્ષાના સંગઠનો (પીઆરએલએફ) અને સ્વસહાય જૂથના નબળા લોકોને મદદ કરવા ખાસ જોગવાઇ કરશે.

ભાગ-૨ : સંસ્થા નિર્માણ

સંસ્થાઓ અંગે:

સમુદાયિક સંસ્થાઓ લોકશાહી રીતે રચાતાં માળખાં છે. તે ગરીબીમાંથી બહાર આવવા માટે વિશિષ્ટ ઉદ્દેશો પ્રાપ્ત કરવાના હેતુથી ગરીબ અને સહાયપાત્ર વ્યક્તિઓ તેની રચના કરે છે. સ્થાનિક લોકો પોતાના અધિકારો મેળવવા તમામને સમાન તક પૂરી પાડશે, જીવનનું ઘડતર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સંસ્થાઓની માલિકી સ્થાનિક લોકોની રહેશે અને તેમાં સ્વશાસન અને સ્વ-વ્યવસ્થાનો ગુણ રહેશે. આમ, આ રીતે આ સંસ્થાઓ અમલમાં આવશે.

સંસ્થા રચવાનો ઉદ્દેશ :

- આર્થિક, સામાજિક અને રાજકીય જરૂરિયાતો અને તેના હકમેળવવા માટે સ્થાનિક લોકોસમાન તક ઊભી કરશે.
- સંસ્થાઓ રચવાથી સમાજમાં ગરીબ અને સહાયપાત્ર કુટુંબો ઓળખવાની અને તેમના ભેગા કરવાની પ્રક્રિયા સરળ બનશે.
- સંસ્થાઓ જુદી-જુદી યોજનાઓ જેવી કે મનરેગા, ઇંદિરા આવાસ યોજનાઓ, સ્વચ્છ ભારત મિશન, વૃદ્ધાવસ્થા પેન્શન વિગેરેના સંકલનમાં અને અમલીકરણમાંમહત્વની ભૂમિકા ભજવશે.
- સંસ્થાઓ સ્થાનિક લોકોની ધિરાણ અને નાણાંકીય, તાંત્રીક અને બજાર સેવાઓ ઉપલબ્ધ કરી આપવામાં અને વિકાસ અંગે ખાતરી કરશે.
- લાભપ્રદ અને ટકાઉ આજીવિકા માટે સામુદાયિક શક્તિ અને કૌશલ્ય નિર્માણ કરવામાં તે માધ્યમ બનશે.
- સંસ્થાઓ સ્થાનિક લોકોમાટે સામાજિક અને આર્થિક સહાય સેવાની ગુણવત્તામાં સુધાર લાવવામાંમદદરૂપ બનશે. સામાજિક પ્રશ્નો જેવા કે બાળલગ્ન, સ્ત્રી ભ્રૂણ હત્યા, છોકરીઓને શિક્ષણ, સ્ત્રીઓ સામે હિંસા, સાધનોનો દુરૂપયોગ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરશે અને સામૂહિક રીતે ટકાઉ અને લાંબા ગાળાના ઉકેલ લાવવા મદદરૂપ થશે.

સ્થાનિક લોકોની સંસ્થાકીય રચના:

- સ્વસહાય જૂથ સામુદાયિક સંસ્થાના માળખાનું પ્રથમ સ્તર રહેશે. સ્થાનિક લોકોની ૧૦-૨૦ મહિલાઓ એક સ્વસહાય જૂથ નિર્માણ કરશે.(જો, અશક્ત અથવા ફેલાયેલા / વિખરાયેલા વિસ્તારો જેવા કે ડુંગરાળ પ્રદેશ, રણ પ્રદેશ વગેરેમાં જૂથનું કદ ૫ થી ૨૦નું રહેશે)
- સામુદાયિક સંસ્થાના માળખાના દ્વિતીય સ્તરને ગ્રામ્યસંઘ/પ્રાથમિક કક્ષાનું સંઘ(PRLF)કહેવામાં આવશે{નેસ/ફળિયું/નાનું ગામ/પરા/ગામ/પંચાયતમાં}. આ સંઘ પ્રથમ સ્તરની સંસ્થાઓના ક્ષમતાવર્ધન માટે જવાબદાર રહેશે. ગ્રામ્યસંઘ

(પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) અને ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘની કામગીરીની નિરંતરતા માટે બેઠકના ખર્ચ, સ્થાનિક લોકોકર્મચારીને માનદવેતન જેવા રોજબરોજના ખર્ચની જોગવાઇ કરવા તેમની કામગીરીમાંથી પૂરતી આવક ઊભી કરવાની રહેશે.

- ત્રીજું સ્તરક્લસ્ટર/સેજા કક્ષાના સંઘનું છે. તે પ્રાથમિક કક્ષાનું સંઘ રહેશે અને તે ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના બધા સભ્યો વતી જુદી જુદી એજન્સીઓના સંકલન અંગે ક્લસ્ટર/સેજા કક્ષાએ વધારે એક મજબૂત ભૂમિકા ભજવશે. તે ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની બધાપ્રકારની સેવાઓ પૂરી પાડશે અને ગરીબોનો સતત ટકાઉં વિકાસ કરશે.

પ્રાથમિક જવાબદારી અને નિર્ણય લેવાના હક જૂથ/સમૂહનારહેશે. પરંતુ સ્થાનિક લોકો, જવાબદારીનો નિકાલ કરવા જુદા-જુદા હિતાધિકારી/કર્મશીલો/સેવા પૂરી પાડનારાની સહાય લઇ શકશે.

સંસ્થાનું મહત્વના મૂલ્યો:

- **પારદર્શકતા** : હાથ ધરેલી બધી પ્રવૃત્તિઓનો નિર્ણય પારદર્શક, સ્વયં-સ્પષ્ટી અને બધાંને સ્વીકાર્ય હોય તેવો હોવો જોઇએ. આ પારદર્શકતાની ખાતરી કરવા મૂકેલી તંત્રરચના/પદ્ધતિ સાથેઆ પ્રક્રિયા પારદર્શક હોવાની જરૂર છે.
- **જવાબદારી** : દરેક કક્ષાએ જવાબદારી પરસ્પર અને સામૂહિક માલિકીની રહેશે. સમુદાયે લીધેલા પગલાં બદલ સ્થાનિક લોકોજવાબદાર રહેશે અને એકબીજાં પ્રત્યે પણ જવાબદાર રહેશે.
- **ભાગીદારી** : ગરીબ, અશકત અને ખૂબ જ સહાયપાત્ર વ્યક્તિ / વંચિતની ભાગીદારીસ્થાનિક લોકોનક્કીકરશે. લીધેલ દરેક નિર્ણય સહયોગી પ્રક્રિયાને અનુસરશે અને કોઇપણ કક્ષાએ કશું લાદવામાં નહિ આવે.
- **જોડાણ**: સૌથી વધારે વંચિત/ સહાયપાત્ર અને નિરાધારનો સમાવેશ સ્થાનિક લોકોના દરેક લોકો માટે મહત્વનો માર્ગદર્શક સિદ્ધાંત રહેશે.
- **માહિતીનું આદાન પ્રદાન**: માહિતી અને સામૂહિક જાણકારી શક્તિ છે. આમ, સામુદાયિક સંસ્થાઓમાં સૌથી વધુ મૂલ્ય સામૂહિક જાણકારીની પદ્ધતિ નિર્માણ કરવાનું છે. કેમકેફેરફાર ઊભો કરવા માટે આ પાયો છે. સામૂહિક જાણકારી અને માહિતી સ્થાનિક લોકોનું સ્થાન સમજવા ઉપરાંત જીવનનેહકારાત્મક દિશામાં વાળવા સ્થાનિક લોકોને મદદ કરે છે.

- **સશક્તીકરણ** :સ્થાનિક લોકોનું સામાજિક, આર્થિક અને રાજકીય સશક્તીકરણ ફકત સામૂહિક સંસ્થાઓ અને એકબીજાને મદદરૂપ થઇને જ મેળવી શકાય.

સ્વસહાય જૂથો

સ્વસહાય જૂથોના નિર્માણમાં પરસ્પર સહાય અને સામાજિક વિકાસના ઉદ્દેશથી સ્થાનિક લોકોમાંથી બધાં લાભાર્થી કુટુંબોને લક્ષ્ય બનાવી, અમુક ક્ષેત્રમાં સ્વૈચ્છિક, સુસંવાદી જૂથ રચવામાં આવેછેકે જેમાં લાભાર્થી કુટુંબો (ગરીબ, અતિ ગરીબ કુટુંબો), અશક્તસહાયપાત્ર વ્યક્તિઓઅને વંચિતોને જૂથમાં પાત્રતાધરાવતી તમામ મહિલા સભ્યોનેસાંકળી શકાય.

ગામમાં એકવાર લાભાર્થી કુટુંબો નક્કી થતાં, સ્થાનિક લોકો તેમને સ્વસહાય જૂથમાં એકત્રિત કરશે. સ્થાનિક લોકો, કુટુંબના પ્રતિનિધિઓ તરીકે કામ કરશે. આદર્શરીતે એક વિસ્તારના / રહેણાંક વિસ્તારના સભ્યોતે જૂથનો ભાગ બની શકે. કેટલાક સહાયપાત્ર / વંચિતજૂથો એવા હોય શકે કે જેમાં (શારીરિક અશક્તતા ધરાવતી વ્યક્તિઓ) પુરુષો અને સ્ત્રીઓ એમ બંન્ને કે જેમની સંખ્યાપ-૨૦ની હોઇ શકે. સ્થાનિક લોકોસમાન સ્થળે ભેગા થઇ, અનૌપચારિક બેઠક/ચર્ચા કરશે અને સ્વસહાય જૂથ રચશે.

પ્રથમ સ્વસહાય જૂથની બેઠકમાં સ્થાનિક લોકો નીચેના મુદ્દાની ચર્ચા કરશે.

- આપણે સાથે કેમ આવીએ છીએ?
- આપણા સ્વ-સહાય જૂથનું નામ આપો.
- અઠવાડિક બેઠક મળવાનો દિવસ, સમય અને સ્થળ
- બચતની રકમ

બીજી બેઠક (૧૨ અઠવાડિયામાંથી અંદર)

- સ્વસહાય જૂથ માટે માપદંડ અને નિયમો નક્કી કરવા.
- પદાધિકારીઓની પસંદગી
- પદાધિકારી/સભ્યોની કામગીરી અને જવાબદારીઓ
- સ્વસહાય જૂથના ચોપડા અને રેકર્ડ શરૂ કરવાં.

સ્વસહાયજૂથ પંચસૂત્રને અનુસરવાનો ઠરાવ કરશે.

- નિયમિત અઠવાડિક ફરતી બેઠકો
- નિયમિત બચત
- નિયમિત આંતરિક ધિરાણ
- નિયમિત અને સમયસર આંતરિક ધિરાણ અને બેંક લોનની ભરપાઇ
- નિયમિત બૂક કીપીંગ (વ્યવસ્થિત ચોપડાઓની નિભાવણી)

સ્વસહાય જુથના સભ્યો નીચે મુજબની પ્રતિજ્ઞા લેશે

<u>મિશન મગલમની પ્રતિજ્ઞા</u>

આથી હું સખી મંડળની સભ્ય પ્રતિજ્ઞા લઉં છું કે

- સમાજમાં વસતા દરેક નાગરિક પ્રત્યે પૂરી શ્રધ્ધાઅને નમ્રતાપૂર્વક વર્તન કરીશ.
- જ્ઞાતિ જાતી અને ધર્મના ભેદભાવ રાખીશ નહિ.
- મારું આગણ રોજ સ્વચ્છ રાખીશ અને શોચક્રિયા માટે શોચાલયનો જ ઉપયોગ કરીશ . શોચાલયની સગવડ ઘરે નહિ હોય તો નરેગા કાર્યક્રમ અને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો લાભ લઈને શોચાલય બનાવડાવિશ.
- મારા બાળકોમાં દીકરા દીકરીનો ભેદભાવ રાખ્યા વિના તેઓને શિક્ષણ માટે પ્રેરણા આપીશ.
- બાળલગ્ન તથા દહેજ પ્રથાનો વિરોધ કરીશ.
- કુપોષણ, દારૂબંધી, બેટી બચાવો તથા સ્વાથ્ય સંબધિત જાગૃતિ અર્થે પ્રયત્ન કરીશ.
- નિયમિત અઠવાડિક મિટીગ કરીશું, નિયમિત બચત કરીશું. આંતરિક ધિરાણ અને નિયમિત વસુલાત કરીશું તથા હિસાબ કિતાબની નિયમીત નિભાવાણી કરીશું. અને બેક્માથી લીધેલ ધિરાણનું સમયસર પુન: ચૂકવાણ કરીશ અને પંચસુત્ર નો અમલ કરીશ.
- વીજળી, પાણી જેવી પાયાગત સવલતોની જરૂરીયાત મુજબ વપરાશ કરીશ અને તેનો દુરુપયોગ થતો અટકાવીશ.
- ગામની અન્ય બહેનોને સખી મંડળ અને સ્વસહાય જૂથની પ્રક્રિયામાં ઉત્સાહભેર જોડી નિશાન મંગલમ તથા રાજ્ય સરકારની અન્ય યોજનાઓથી અવગત કરાવીશ.

- જૂથની મજબૂતી અને ટકાઉપણાં માટે વચનબદ્ધ રહેશે.
- જૂથની બેઠકો અને નિર્ણય લેવામાં ભાગ લેશે.
- જૂથની દરેક પ્રવૃત્તિમાં ભાગ લેશે.
- જૂથે કબૂલ કરેલી ઓછામાંઓછી બચતની રકમનો નિયમિત ફાળો આપશે.
- જૂથના એકત્રિત કોર્પસ ફંડમાંથી લોન લેશે.
- વ્યક્તિગત પાસબુક નિયમિત ધોરણે અદ્યતન કરાવશે.
- સંયુકત નિર્ણય કરશે અને નિર્ણયનું પાલન કરશે.
- સંયુકત અથવા સામૂહિક શરૂઆત કરશે
- જૂથનાં નાણાં/ વેપાર/ અસ્કયામતની દેખરેખમાં ભાગ લેશે.
- જાતિ અને સામાજિક પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- સામૂહિક પગલાંમાં ભાગ લેશે.

સ્થાનિક લોકો, સ્વસહાય જૂથના ૨-૩સભ્યોને પ્રતિનિધિ તરીકે ચૂંટશે– પ્રથમ પ્રતિનિધિ તરીકે પ્રુમખ, દ્વિતીય પ્રતિનિધિ તરીકે મંત્રી, ત્રીજા પ્રતિનિધિ તરીકે ખજાનચી. આમાં પ્રમુખ અથવા મંત્રી સહાયપાત્ર/વંચિતસ્થાનિક લોકોના હશે. પારદર્શકતા અને માલિકી નિશ્ચિત કરવા ફરતી નેતાગીરી અથવા બદલી શકાય તેવું(ખાસ કરીને બે વર્ષથી વધુ નહીં)

દરેક સ્વસહાય જૂથના પદાધિકારીઓની કામગીરી નીચે મુજબ રહેશે.

(ક) **પ્રમુખ** : તે જૂથને માર્ગદર્શન આપશે, બધા સભ્યો ભાગ લે તે નિશ્ચિત કરશે, સભ્યોમાં જવાબદારી ફાળવશે વિગેરે.

(ખ) **મંત્રી** : તે સ્વસહાય જૂથની રોજબરોજની વહીવટી બાબતો જેવી કે બેઠકો યોજવી માટે જવાબદાર રહેશે. તેણીસ્થાનિક લોકોના સહાયકની મદદથી બેઠકની કાર્યનોંધ લખવી. (મંત્રી અક્ષરજ્ઞાન ધરાવતી હોય તો તે કાર્યનોંધ લખવામાં નામું લખનારને સહાય કરશે.

(ગ) **ખજાનચી** : તે નામું લખનાર અને અન્ય સભ્યોની સહાયથી નાણાંકીય બાબતોનો હિસાબ રાખવા જવાબદાર રહેશે.

(ઘ) **બૂક કીપર** :સ્થાનિક લોકોમાંથી અક્ષરજ્ઞાન ધરાવતી સ્ત્રી અથવા જૂથના કોઇ સભ્ય બૂક કીપર તરીકેની જવાબદારી અદાકરશે.

હયાત સ્વસહાય જૂથ માટેની વ્યૂહરચના:

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનના સ્વસહાય જૂથો (એટલે કે ઓછામાં ઓછા ૭૦ ટકા ગરીબી રેખ્ધરાવતા બીપીએલ, વંચિત અને કાર્યક્ષેત્રના પ્રતિનિધિ)ને મજબૂત/સશક્ત બનાવી સહાય રૂપ થશે. હાલનાં સ્વસહાય જૂથોની પંચસૂત્રના આધારે ગ્રેડીંગ કરી વર્ગીકરણકરવામાં આવશે. પ્રોજેકટ સ્ટાફ/સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ/પીઆરપી (લોક સહભાગીદારીતા દ્વારા ગરીબોની ઓળખ)ની સહાયથી સ્થાનિક લોકો અથવા પ્રાથમિક કક્ષાના સંગઠનો, તાલીમનુંપૃથ્થકરણ કરશે.

મિશનના ઉદ્દેશો સમજવા અને ગરીબોની સંસ્થાઓને મિશન નીચે લાવવાની સમજ ઊભી કરવા રાજ્ય/ જિલ્લા/તાલુકા/ક્લસ્ટર/સેજા કક્ષાએ સ્ટાફ તેમજ સ્થાનિક લોકોના પ્રતિનિધિઓ માટે કાર્યશાળા યોજવામાં આવશે. તે સહકારથી હાલનાં સ્વસહાય જૂથોની માવજત, પ્રોત્સાહન અને વિકાસ માટે, ભવિષ્યમાં મિશને આપેલી રૂપરેખા મુજબ પ્લેટફોર્મ બની શકે. આ સ્વસહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકામિશન હેઠળ લાવવા માટે સાધનો અંગે સમાન સમજ વિકસાવવા આ કાર્યશાળા મદદરૂપ થશે. ગરીબી, સ્વસહાય જૂથની વિભાવના અને વ્યવસ્થા, કાર્યસૂચિ અને બેઠક ગોઠવવી, માપદંડ, નેતૃત્વ, સંઘર્ષ વ્યવસ્થા વગેરે અંગે છ મહિનાના ગાળાની અંદર મૂળભૂત તાલીમ આપવામાં આવશે.

ગ્રામ્યસંઘ/પ્રાથમિક કક્ષાનું સંઘ(PRLF)

પ્રાથમિક કક્ષાનું સંઘતો જ રચી શકાય જોઓછામાં ઓછાં પાંચ સ્વસહાય જૂથપંચસૂત્રનું પાલન કરતા હોય. જ્યારે સ્થાનિક લોકો / જૂથના સભ્યોતરીકે ઉદ્દેશ પ્રાપ્ત કરવા પ્રાથમિક કક્ષાનું સંઘ રચવાની જરૂર લાગે ત્યારે, સ્વસહાય જૂથોના નેતાઓ / પ્રતિનિધિઓ,સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ, સ્થાનિક લોકોને સગવડ પૂરી પાડનારા, બિન-સરકારી સંસ્થાઓ, પંચાયતી રાજ સંસ્થાઓ અને/અથવા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનના પ્રતિનિધિઓ પ્રાથમિક કક્ષાનું સંઘ બનાવશે.





સ્થાનિક લોકોને માહિતગાર કરવા સંસ્થા નિર્માણના તજજ્ઞની હાજરીમાં તમામ માટે, બ્લોક મિશન મેનેજમેન્ટ યુનિટ (બીએમએમયુ)સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિઓ,ક્લસ્ટર/સેજાકો-ઓર્ડિનેટર(સીસી), પંચાયતી રાજ સંસ્થાઓની ટુકડીના સભ્ય માટે ગ્રામ્ય કક્ષાએ જાગૃતિ કાર્યશાળા યોજી શકાય. સ્વસહાય જૂથના પદાધિકારીઓ માટે આવો નેતૃત્વ કાર્યક્રમ યોજી શકાય.

રચનાના તબક્કા દરમિયાન, તમામ સ્વસહાય જૂથોએ ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ને સમજવું, તેનું મૂલ્યાકન કરવા અને તેની જરૂરિયાત સ્વીકારવી જોઇએ. આ કરવા માટે એકસપોઝર મુલાકાત, સ્થાનિક લોકો બેઠક, તાલીમ વગેરે જેવી જુદી જુદી પ્રવૃત્તિઓ અપનાવવી જોઇએ.

ગ્રામ્યસંઘ/પ્રાથમિક કક્ષાનું સંઘ રચવા નીચેના સિદ્ધાંતોનું પાલન કરવું

- **દરેક સ્વસહાય જૂથના પ્રતિનિધિ** :ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની કારોબારી સમિતિમાં દરેક સ્વસહાય જૂથમાંથી ઓછામાં ઓછા એક સભ્યનું પ્રતિનિધિત્વ રહેશે.
- **વ્યવસ્થાપકીય સગવડ** :ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની કારોબારી સમિતિમાં સ્વસહાય જૂથનું પ્રતિનિધિત્વ કરતા કુલ સભ્યોની સંખ્યા વધુમાં વધુ ૪૦ રહેશે. અન્યથા કારોબારી સમિતિની બેઠક બોલાવવાનું મૂશ્કેલ બની રહેશે. તેનો અર્થ એ કે વધુમાં વધુ ૨૦ સ્વસહાય જૂથ એક પ્રાથમિક કક્ષાનું સંઘ રચી શકે.
- **ભૌગોલિક સગવડ** :ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ)ની કારોબારી સમિતિમાં સક્રિયપણે ભાગ લેવા સભ્યો માટે સગવડ જાળવવા પ્રાથમિક કક્ષાનું સંઘ સ્વસહાય જૂથ સાથે નજીકના વિસ્તારમાં રચવું.

- **પંચાયતી રાજ સંસ્થા સાથે સંલગ્ન :** પ્રાથમિક કક્ષાનું સંઘગ્રામ્ય પંચાયતના માળખાને સમાન / સંલગ્ન રહેશે.
- **ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) નું કદ** :ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) નું કદ, ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની લાંબા ગાળાની નાણાંકીય સ્થિરતાના આધારે નક્કી કરવામાં આવશે, પરંતુ તે વધું પડતું મોટું ન હોવું જોઇએ. સુચારું રીતે ચલાવવામાં અગવડતા ન થાય તેવું હોવું જોઇએ. આદર્શ રીતે ૧૫-૨૦ સ્વસહાય જૂથ એક પ્રાથમિક કક્ષાનું સંઘ રચી શકે.

ઉદ્દેશો નક્કી કરવા અને પ્રાથમિક કક્ષાનું સંઘ રચવું

પ્રાથમિક કક્ષાનાસંઘ રચવા અને તેના ઉદ્દેશો, સભ્યો અને કામગીરી સ્પષ્ટ રીતે નિયત કરવાની પ્રક્રિયામાં સ્થાનિક લોકોના તમામ લોકોસંકળાયેલા હોય તે આવશ્યક છે. તાલુકા અને જિલ્લાની પ્રોજેકટ ટુકડી ગામમાં બધાં સ્વસહાય જૂથને ભેગા કરીને તાલુકા અને જિલ્લાની પ્રોજેકટ ટુકડીઓ પ્રક્રિયાને સરળતા કરી આપે. સ્વસહાય જૂથના પ્રતિનિધિઓ, સ્થાનિક લોકોને સગવડ આપનારા, સ્થાનિક લોકોનાં જાણકાર વ્યક્તિઓ અને બ્લોક લેવલ મિશન મેનેજમેન્ટ યુનિટ (ટીએમએમયુ)ના પ્રતિનિધિ, સામાજિક જરૂરરિયાતો, પ્રશ્નો અને પડકારો વિશે ચર્ચા કરે અને ચર્ચા કરવા ગામમાં સ્વસહાય જૂથની બેઠકોમાં ભાગ લેવા પ્રેરણા પૂરી પાડે. આ પ્રક્રિયાને ગામમાં તમામ સ્વસહાય જૂથો સાથે હાથ ધરવામાં આવશે. આમ ગામમાં સ્વસહાય જૂથના વિવિધ પ્રશ્નો બહાર આવશે.

૧. મોટા જૂથ સાથે પ્રશ્નો અંગે ચર્ચા

પ્રશ્નોનું એકત્રીકરણ કર્યા પછી સ્થાનિક લોકો સાથે રહી સાનુકુળ વાતાવરણ પુરુ પાડી અને પ્રશ્નોના ઉકેલ શોધવા અને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) મારફત પ્રશ્નો કેવી રીતે હલ કરી શકીએ તે માટે સ્વસહાય જૂથની બેઠકની સગવડ કરશે. ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના ઉદ્દેશ નક્કી કરવા વિશાળ જૂથમાં પ્રશ્નોની ચર્ચા કર્યા પછી સ્વાયત પ્રાથમિક કક્ષાનું સંઘ રચવામાં આવશે.

૨. ગ્રામ્ય કક્ષાએ જનજાગૃતિકાર્યક્રમ/ પ્રાથમિક કક્ષાનું સંઘ રચવા માટે પ્રથમ બેઠક:

- એક દિવસની કાર્યશાળા/ બેઠક

- **સંયોજક** :સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ/ સામુદાયિક સંગઠક (કોમ્યુનિટી મોબીલાઇઝર) / પંચાયતની રાજ સંસ્થાના પ્રતિનિધિ.
- સંબંધિત વિસ્તારના તમામ સ્વસહાય જૂથના સભ્યો.

પ્રાથમિક કક્ષાનું સંઘ રચવા માટે પ્રથમ બેઠકની કાર્યસૂચિ/ એજન્ડા

- પ્રાથમિક કક્ષાનું સંઘ રચવા માટે ઉદ્દેશો અને જરૂરિયાત અંગે ચર્ચા.
- ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના સભ્યપદના માપદંડ બનાવશે.
- ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) નું નામ નક્કી કરશે.
- સ્વસહાય જૂથની મૂળભૂત રૂપરેખા તૈયાર કરશે.
- ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના કામગીરીના માપદંડની ચર્ચા કરશે.
- સ્વસહાય જૂથની સભ્યપદ ફી અને માસિક ફાળા અંગે ચર્ચા કરશે.
- પ્રાથમિક કક્ષાના સંઘની માળખા વિષયક રચના અંગે ચર્ચા કરશે.

૩. ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની વિભાવના અને વ્યવસ્થા અને તમામ સ્વસહાય જૂથના સભ્યોનાં તાલીમ અને પ્રેરણા પ્રવાસ

પ્રોજેકટની સહાયથી પ્રાથમિક કક્ષાનું સંઘ રચવાના લાભની વિગતો અંગે માહિતગાર કરાશે અને જરૂરી હોય, તો તદ્દન નજીકના મજબૂત બનાવેલા ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) માટે એકસ્પોઝર મુલાકાત યોજવામાં આવશે. સ્વસહાય જૂથના ૨-૩ સક્રિય સભ્યનો એકસ્પોઝર મુલાકાતમાં સમાવેશ કરી શકાય.

ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના સભ્ય પદ માટે માપદંડ

પંચસૂત્રનું નિયમીત પાલન કરનાર તમામ સ્વસહાય જૂથ પ્રાથમિક કક્ષાના સંઘના સભ્ય બનશે. પંચસૂત્રને તે અનુસરનારા સ્વસહાય જૂથના સભ્યોને જાગૃત/શિક્ષિત કરવા માટે અને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના સભ્ય બનવા માટે પૂરતો સમય આપવામાં આવશે. પ્રાથમિક કક્ષાનું સંઘઓછા મજબૂત સ્વસહાય જૂથને સુધારવા માટે ખાસ પ્રયાસ કરશે.

ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની મહત્વની કામગીરી

સ્વસહાય જૂથ કક્ષાના અનુભવોની આપ-લે કરવા પ્રાથમિક કક્ષાનું સંઘસ્થાનિક લોકોમાટે પ્લેટફોર્મ ઊભું કરશે / નવી તક ઉભી કરશે. સ્થાનિક લોકોગ્રામ્ય કક્ષાએ કેટલાક સામાન્ય પ્રશ્નો હલ થઈ શકે તેવા પ્રયત્નો કરશે, કેમકે પ્રાથમિક કક્ષાની નિયમિત માસિક બેઠકો મારફત સામૂહિક આદાન-પ્રદાન થશે. સ્થાનિક લોકો સ્વસહાય જૂથોની મુલાકાત, સલાહ અને ચર્ચા કરીને ઓછા મજબૂત જૂથને સહાય કરશે. એકવાર પ્રાથમિક કક્ષાનું સંઘ બનાવ્યા બાદ તે પણ સશક્તીકરણ અંગે સ્થાનિક લોકોની પ્રગતિ પર દેખરેખ રાખવાનું પ્લેટફોર્મ બનશે. પ્રાથમિક કક્ષાનું સંઘ**જે મહત્વની ભૂમિકા બજાવશે તેની યાદી નીચે આપી છે :**

- નવાં સ્વસહાય જૂથની રચના અને જૂથમાં ન જોડાયેલ ગરીબ કુટુંબનો સમાવેશ .
- હયાત સ્વસહાય જૂથ મજબૂત કરવા.
- ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) હેઠળની વ્યવસ્થા પ્રવૃત્તિઓ
  - સ્થાનિક લોકો કેટલીક સમાન સામુદાયિક સેવાઓ ચૂકવણાથી સેવા આપનાર મોડલ પર અથવા ખરીદી અને બજાર જેવી સામૂહિક વેપાર પ્રવૃત્તિઓ અંગે હાથ ધરી શકશે.
  - ગામના સર્વગ્રાહી વિકાસ માટે અને સ્થાનિક લોકોની જરૂરિયાતો પૂરી પાડવા જુદાં જુદાં સંસાધનો એકત્રિત કરવા માટે જુદી જુદી નાણાંકીય સંસ્થાઓનો સ્થાનિક લોકો સામૂહિક સંપર્ક સાધશે.
  - સ્થાનિક લોકો, નિયંત્રક જૂથ તરીકે સેવા આપશે અને સલાહકાર જૂથ તરીકે કામ કરશે.
  - સ્થાનિક લોકો, જરૂરી હોય તેમ અને ત્યારે અથવા ઓછામાં ઓછું વર્ષમાં એકવાર તમામ સ્વસહાય જૂથોને ઓડિટ સેવાઓ પણ પૂરી પાડી શકશે.
- તેના પોતાના કોર્પસ/સ્વસહાય જૂથના અન્ય સ્ત્રોતમાંથી નાણાં વાળવાં.
- બેંકની શાખાઓ સાથે સંકલન સ્થાપીને અને સંપર્ક કરીને સ્વસહાય જૂથને બેંક જોડાણ માટે સરળતા કરી આપવી.
- સમયસર પુન:ચૂકવણી લેવી અને નક્કી કરવી.
- સામાજિક સુરક્ષા, અન્નની સુરક્ષા, આરોગ્ય સેવાઓ, તેના સભ્યને આજીવિકા માટે જોડાણને સરળ કરી આપવું.
- માસિક પ્રગતિ અહેવાલના આધારે જૂથોની નિયમિત આકારણી.
- ગરીબોની સહયોગી ઓળખની પ્રક્રિયા(PIP Process) માં અગ્રેસર થવું.

- સ્વસહાય જૂથના સભ્યોના વિવિધ સામાજિક પ્રશ્નો, તેમના કાયદેસર હક અંગે જાગૃતિ ઊભી કરવી. જીવન વીમા, પશુ વીમા, આરોગ્ય વીમા વગેરે જેવા લાભ માટે પ્રાથમિક કક્ષાનું સંઘ પણ અનેક સામાજિક સુરક્ષા યોજનાઓ હાથ ધરી શકે.
- સ્વસહાય જૂથના ઘર્ષણનો નિકાલ લાવવો અને સરળ કામગીરી નક્કી કરવી.
- સ્વસહાય જૂથની ગુણવત્તા સુધારવી, મહત્વની પ્રવૃત્તિઓ (બેઠક, બચત, નામું વગેરે) પર નિયંત્રણ રાખવું, જાતેજ ગ્રેડિંગને પ્રોત્સાહન આપવું અને સ્વસહાય જૂથોનું ઓડિટ કરવું.
- ગ્રામ્યસભામાં સ્વસહાય જૂથના સભ્યોને સહભાગીબનાવવા પર ભાર મૂકવો અને પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામ્ય/પંચાયત કક્ષાએ સરકારી યોજનાઓ સાથે જોડાણ માટેના પ્રયાસો કરવાં.
- ગ્રામ્યસંઘ-સ્થાનિક લોકોને સગવડ આપનારા અનેગ્રામ્યસંઘના હિસાબો લખનારા માટે ઓળખ અને તાલીમ આપવી.
- સ્વસહાય જૂથના સભ્યોની નામાપદ્ધતિ, હિસાબ, હિમાયત, બેંક-જોડાણ, સરકારી યોજનાઓ વગેરે જેવાં જુદા-જુદા પાસાં માટે જનજાગૃતિ, તાલીમ, પ્રેરણા પ્રવાસ, માહિતી, સ્થળ પર સહાય વગેરે મારફત નિયંત્રણ કરવું અને મજબૂત બનાવવા.

<u>પ્રાથમિક કક્ષાનાસંઘનું માળખું</u>

પ્રાથમિક કક્ષાનુંસંઘ સામાન્ય માળખું(આ ઉપરાંત પ્રતિનિધિરૂપ સામાન્ય સભા) અને એક કારોબારી સમિતિનું બનેલું રહેશે.

સામાન્ય સભા
(ગામના બધા સ્વસહાય જૂથના બધા સભ્યો)

↓

કારોબારી સમિતિ
સ્વસહાયજૂથના બધા સભ્યોના પ્રમુખો અને મંત્રીઓ

→

પેટા સમિતિઓ
પેટા સમિતિ- ૪-૫ સભ્યો ઉપરાંત સંયોજકની બનેલી રહેશે.

હોદ્દેદારો (ઓફિસ બેરીયર્સ) સિવાય કારોબારી સમિતિ (એક્ઝીક્યુટીવ કમિટી)ના કોઇપણ સભ્ય પેટા સમિતિના સંયોજક રહેશે.

↓

હોદ્દેદારો
પાંચ હોદ્દેદારો પીઆરએલએફના પ્રતિનિધિ તરીકે પસંદ કરાશે

સામાન્ય માળખું / સભા

સ્વસહાયજૂથના સભ્યોથી પ્રાથમિક કક્ષાનું સંઘ/ તાલુકા કક્ષાના સંઘ(ટીએલએફ)ની સામાન્ય સભા/માળખું બનશે. જે વર્ષમાં ઓછામાં ઓછી એક વખત મળશે.

સામાન્ય માળખું / સભાની કામગીરી

વાર્ષિક સામાન્ય સભા નાણાંકીય વર્ષ પૂરું થયા પછી તરત જ વર્ષમાં ઓછામાં ઓછી એક વખત મળશે. સામાન્ય સભામાં બધા સ્વસહાય જૂથભાગ લેશે. વાર્ષિક સામાન્ય સભાની કાર્ય સૂચિ નીચે પ્રમાણે રહેશે.

- સામાન્ય સભાનો અધ્યક્ષ/ પ્રમુખ નક્કી કરવાં.
- કારોબારી સમિતિ નક્કી કરવી.
- પ્રાથમિક કક્ષાના ગ્રામ્યસંઘ(પીઆરએલએફ)ના અંદાજપત્રને મંજૂર કરવું.
- વાર્ષિક કાર્ય આયોજન (એએપી)ની મંજૂરી
- સમૂહ ઓડિટર દ્વારા ઓડિટ પત્રકને મંજૂરી
- બધા જ અત્યંત ગરીબ અને નબળા લોકો સ્વસહાય જૂથના વ્યાપમાં આવે તે નક્કી કરવું.
- વાર્ષિક ખર્ચ અને કામગીરીની સમીક્ષા.
- આગલા વર્ષની કાર્યયોજના પ્રવૃત્તિઓ મંજૂર કરવી.
- પેટા કાયદામાં સુધારા
- ઉપયોગની સમીક્ષા અને સાધનો ઊભાં કરવાં.
- પ્રમુખ સ્થાને જે રજુ થાય તે

કારોબારી સમિતિ :

પ્રાથમિક કક્ષાનાસંઘની રચના પછી દરેક પાત્રતા ધરાવતા સ્વસહાય જૂથના પ્રમુખ અને મંત્રીની બેઠક કારોબારી સમિતિ બનાવવા માટે બોલાવવામાં આવશે. જે પ્રાથમિક કક્ષાનાસંઘના પેટા-કાયદા બનાવશે. સ્વસહાય જૂથના બધા સભ્યોના પ્રમુખો અને મંત્રીઓ પ્રાથમિક કક્ષાનાસંઘ/ વીએલએફની કારોબારી સમિતિ બનાવશે. જે મહિનામાં એક વખત મળશે. કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં (પ્રમુખ અને મંત્રી સહિતના) હોદ્દેદારોની ચૂંટણી કરશે.

પ્રમુખ મંત્રી સહિત એક તૃતીયાંશ હોદ્દેદારો દર બે વર્ષે બદલાશે. પાત્રતાનાં ધોરણ પૂરાં કરતા સભ્યો જ હોદ્દેદારની જગ્યા માટે પાત્ર બનશે.

પ્રાથમિક કક્ષાનું સંઘ એ તેમની પસંદગી પહેલાં હોદ્દેદારોના પાત્રતાનાં ધોરણો, કામગીરી અને જવાબદારી નક્કી કરવાની છે. કારોબારી સમિતિની મુદત સામાન્ય સભા નક્કી કરશે. સામાન્ય રીતે તે બે વર્ષની નક્કી કરવામાં આવી છે.

કારોબારી સમિતિની કામગીરી :

- નવા સભ્યોની નોંધણી કરવી અને / અથવા સ્વસહાય જૂથનું સભ્યપદ સમાપ્ત કરવું.
- પ્રાથમિક કક્ષાનાસંઘના ઉદ્દેશો નક્કી કરવા અને તેને સિદ્ધ કરવા માટે વ્યૂહરચના ગોઠવવી.
- છ મહિને અને / અથવા વાર્ષિક ધોરણે સ્વસહાય જૂથોનું ગ્રેડિંગ કરવું અને સ્વસહાય જૂથ પોતે પોતાનું ગ્રેડીંગ કરે તે માટે પ્રોત્સાહન આપવું.
- નિયમિત ધોરણે પ્રાથમિક કક્ષાનું સંઘની નાણાંકીય લેવડ દેવડ, બજેટ તથા કાર્યક્રમો તથા હોદ્દેદારોની કામગીરીની સમીક્ષા અને મૂલ્યાંકન કરવું.
- વહીવટી નિયમો અને નૈતિક ધોરણો અનુસાર પ્રાથમિક કક્ષાનું સંઘ ચલાવવું.
- ફંડ ઊભું કરવું અને તેની વ્યવસ્થા કરવી.
- સ્વસહાય જૂથે આપવાની સભ્યપદની ફી, દાન, ફાળો નક્કી કરવા.
- જરૂરિયાત મુજબ વેરા-સમિતિઓ બનાવવી અને તેની પુન:રચના કરવી અને પેટા-સમિતિઓનું વિસર્જન અથવા કોઇ સભ્યને દૂર કરવા.
- કાનૂની દસ્તાવેજો અને હિસાબને લગતી બાબતોમાં સહી કરવા માટે હોદ્દેદારોને સત્તા આપવી.
- જરૂરિયાત પ્રમાણે પ્રતિનિધિઓની નિમણુંક કરવી.
- વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરવી અને મંજૂરી માટે સંચાલક મંડળને ભલામણ કરવી.
- પ્રાથમિક કક્ષાનાસંઘની કાયદેસર નોંધણી કરવામાં આવી હોય તે સિવાય પ્રાથમિક કક્ષાનું સંઘનું વાર્ષિક ઓડિટ સમૂહ ઓડિટ સભ્યો, મુખ્ય નામું લખનાર અને યોજનાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવું. નોંધણી કરાયા પછી વાર્ષિક ઓડિટ પેનલ પરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે કરવાનું છે અને સંચાલક મંડળે તેને મંજૂરી આપવાની છે.

હોદ્દેદારો :

સમાવવા માગતા હોય તેવા હોદ્દેદારોની સંખ્યા તથા કામની જવાબદારીઓ અંગે કારોબારી સમિતિની બેઠકમાં નિર્ણય લેશે.

- પ્રમુખ
- ઉપ પ્રમુખ
- મંત્રી
- સહ મંત્રી

- ખજાનચી

કારોબારી સામિતિની પ્રથમ બેઠકમાં સ્થાનિક લોકો, હોદ્દેદારોની પસંદગી કરશે. હોદ્દેદારોને નામાંકનદ્વારા પસંદગી કરવામાં આવશે. સર્વ સંમતિ ન હોય તેવી સ્થિતિમાં ચૂંટણી કરવામાં આવશે અને સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારને જગ્યા પર પસંદ કરવામાં આવશે. અસરકારક શાસન વ્યવસ્થામાંસ્થાનિક લોકોના સાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે છે. આ સંસ્થાસ્થાનિક લોકોના પ્રશ્નો ઓળખી કાઢીને તેના ઉકેલનો અમલ કરે તે ઉપરાંત પ્રામાણિકતાથી નાણાંનું કરે વ્યવસ્થાપન કરે એવી સ્થાનિક લોકો, અપેક્ષા રાખશે.

સુશાસનના સિદ્ધાંતો

- બધી કારોબારી સમિતિ/ સામાન્ય સભા / માળખાના સભ્યો દ્વારા ભાગીદારીથી નિર્ણય લેવામાં આવે.
- સિદ્ધાંતો, ઉદ્દેશો અને મૂલ્ય પ્રમાણે કામ કરવું.
- નાણાં વ્યવસ્થાપનમાં પારદર્શકતા
- હોદ્દેદારો, સંવર્ગો, સમૂહ વ્યવસાયીઓ અને સભ્યોએ જવાબદારીપૂર્વક કાર્ય કરવું.

રેકર્ડના ચોપડાનું વ્યવસ્થાપન

પ્રાથમિક કક્ષાનાસંઘના નામે નજીકની પોસ્ટ ઓફિસ/બેંકમાંગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ) નું બચત ખાતું હશે. કારોબારી સમિતિ નક્કી કરે તે પ્રમાણે ત્રણ પ્રતિનિધિઓ એટલે કે પ્રમુખ, મંત્રી, ખજાનચી પ્રાથમિક કક્ષાનું સંઘ ખાતાના સંયુકત સહી કરનારાઓ હશે. કારોબારી સમિતિ પ્રાથમિક કક્ષાનું સંઘ બેઠકમાં નાણાં મૂકવાં/ ઉપાડવાનો નિર્ણય કરશે. નીચે જણાવ્યા પ્રમાણે પ્રાથમિક કક્ષાનું સંઘ દ્વારા નીચેના ચોપડા રાખવામાં આવશે.

કાર્યવાહી નોંધ : આમાં અનુસરાતી કાર્યવાહી સહિત બધા નિર્ણયો હોય છે.

રોકડ બુક : તેમાં બધીજ રોકડ લેવડ દેવડ (આવક કે જાવક) તારીખવાર લખેલી હોય છે.

બેંક બુક : તેમાં બધી જ બેંક લેવડ દેવડ (આવક કે જાવક) તારીખવાર લખેલી હોય છે.

લોન રજીસ્ટર : તેમાં બધા સ્વસહાયજૂથના સભ્યોની લોનની અને ચૂકવણીની વિગત હોય છે.

જનરલ રજીસ્ટર : જનરલ લેજરમાં બધા પર્સનલ લેજરના નિયંત્રણ હિસાબો, નફા નુકશાન ખાતું અને જુદા જુદા અસ્કયામત અને જવાબદારીના હિસાબ હોય છે.

સ્થાયી મિલકતનું રજિસ્ટર : મિલકત ખરીદ્યા પછી બધી મિલકતને પ્રાપ્તિ નંબર ફાળવવામાં આવે છે. વધુમાં, મિલકત, સલામતી અને નિભાવ માટે સંબંધિત કારોબારી સમિતિને રજુ કરવામાં આવે છે. આ રજિસ્ટર રાખવું ઘણું જ અગત્યનું છે. પ્રાથમિક કક્ષાનાસંઘની કચેરીની મિલકતનો પ્રતિષ્ઠિત વીમા કંપની પાસે વીમો ઉતરાવાનો હોય છે.

પ્રાથમિક કક્ષાનાસંઘનીચેની બાબતોની પણ નિભાવણી કરશે.

(ક) સામાન્ય સભા અને કારોબારી સમિતિની બેઠકનું રજિસ્ટર

(ખ) માસિક આવક અને જાવકનો અહેવાલ

(ગ) માસિક આવક અને ખર્ચનો રિપોર્ટ

(ઘ) બેંક હિસાબમેળ પત્રક

(ચ) પ્રાથમિક કક્ષાના ગ્રામ્ય સંગઠનો (પીઆરએલએફ) ખરીદેલ વસ્તુઓનું રેકર્ડ

(છ) પ્રાથમિક કક્ષાનું સંઘ ખાતેની મિલકત અને જવાબદારીઓનું રેકર્ડ

(જ) પ્રાપ્તિ બેઠક રજિસ્ટર

(ઝ) સભ્યનું નામ અને સરનામું, સભ્યપદ રજિસ્ટર, સભ્યે ખરીદેલ શેરની વિગત

(ટ) નાણાકીય વર્ષ પૂરું કર્યાના ૩૦ દિવસમાં મત આપવાનો હક મેળવેલ સભ્યોની વાર્ષિક માહિતી.

(ઠ) વાર્ષિક પ્રગતિ અહેવાલ, વાર્ષિક ઓડિટ અહેવાલ, વાર્ષિક કાર્ય યોજના અને વાર્ષિક બજેટ.

(ડ) માસિક એમઆઇએસ અને પ્રગતિ અહેવાલ.

(ત) બાયોડેટા સાથે સ્ટાફની વિગત

(થ) સંબંધિત દસ્તાવેજો, વાઉચરો, હિસાબનાં રજિસ્ટરો આઠ વર્ષ સુધી સલામત રાખવાનાં છે.

(ધ) પ્રાથમિક કક્ષાનું સંઘના પેટા-કાયદા અને નોંધણી પ્રમાણપત્ર.

પ્રાથમિક કક્ષાનાસંઘના વિકાસ અને પ્રવૃત્તિઓના તબક્કા :

પ્રાથમિક કક્ષાનું સંઘ કેટલાક તબક્કા દ્વારા વિકાસ કરશે. તેનો એક થી બીજા તબક્કા સુધી ક્રમશઃઅને સરળ વિકાસ થશે. હકીકતમાં કેટલાંક લક્ષણો પ્રાથમિક કક્ષાનું સંઘ

દ્વારા દર્શાવવામાં આવશે જે તેનો તબક્કાવાર વિકાસ દર્શાવશે. ક્રમશઃ નિર્દેશકો સાથે સૂચક જીવનક્રમ નીચેની આકૃતિમાં દર્શાવેલ છે.



પ્રથમ તબક્કો (૧૨ મહિના સુધી)

પ્રાથમિક કક્ષાનાસંઘની રચનાના ૬ મહિનામાં

પ્રાથમિક કક્ષાનાસંઘ એ સામુદાયિક સંસ્થાઓને જોડવાનું પ્રથમ પગલું છે. અરસપરસ એક બીજાને સ્વીકાર્ય હોય તેવી પ્રવૃત્તિઓ કરવી જોઇએ જેથી બધા જ સભ્યો સંસ્થાના બધા જ નિર્ણયો માટેની જવાબદારી લઇ શકે. શરૂઆતના તબક્કે મળતી સફળતાથી મોટા પડકારો ઝીલવા માટે પ્રાથમિક કક્ષાનું સંઘ લેવલે સ્થાનિક લોકો પ્રોત્સાહન આપશે. તેથી આ પ્રાથમિક કક્ષાનાસંઘને ટકાઉ અને જવાબદાર બનાવવામાં સૌથી અગત્યનો તબક્કો છે. <u>આ તબક્કા દરમિયાન સમુદાયે હાથ ધરવાની કેટલીક પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે :</u>

- સ્થાનિક લોકો ચર્ચા કરીને અને હોદ્દેદારોની કામગીરી અને જવાબદારી નક્કી કરશે.
- સ્થાનિક લોકો, સ્વસહાય જૂથની પ્રવૃત્તિઓની ચર્ચા કરી અને તેની ગુણવત્તાનુંમૂલ્યાંકનકરશે. સ્વસહાય જૂથના બધાજ પ્રતિનિધિઓએ માસિક અહેવાલ (નમૂનો સાથે આપ્યો છે) સાથે પ્રાથમિક કક્ષાનાસંઘની બેઠકમાં આવશે. કારોબારી સભ્યના બધા સભ્યો સાથે પ્રાથમિક કક્ષાનું સંઘના હોદ્દેદારોએ તેમના માસિક અહેવાલના આધારે એક પછી એક બધાં સ્વસહાય જૂથની સમીક્ષા કરશે અને સાથે સાથે તેમણે સ્વસહાય જૂથનું સારુ, સામાન્ય અને ખરાબ એમ મૂલ્યાંકન કરશે.

- પ્રાથમિક કક્ષાનાં સંઘનું બેંક ખાતું ખોલાવવું.
- આ તબક્કા માટેની આદર્શ કાર્ય સૂચિમાં નીચેની બાબતોનો મોટા ભાગે સમાવેશ થશે. સૌથી અગત્યનું એ છે કે દરેક બેઠકમાં ફરજિયાતપણે અગાઉની બેઠક તથા સૂચિવાર આવતા મહિના માટેના આયોજન ઉપર વિશેષ લક્ષ આપવામાં આવશે:
  - પ્રાર્થના
  - પ્રસ્તાવના
  - હાજરી
  - સ્વસહાય જૂથના બધા સભ્યોની પ્રગતિની સમીક્ષા કરવી (માસિક અહેવાલના આધારે) : માસિક પ્રગતિ અહેવાલ (એમપીઆર)નો નમૂનો જોડાણ- ૩ તરીકે આ સાથે બીડ્યો છે.
  - સ્વસહાય જૂથો દ્વારા બચત
  - સ્વસહાય જૂથો દ્વારા પ્રાથમિક કક્ષાનાસંઘને કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ (સીઆઇએફ) / વલ્નરેબીલીટી રીડક્સન ફંડ (વીઆરએફ)ની પરત ચૂકવણી
  - પ્રાથમિક કક્ષાનાસંઘમાંથી ક્લસ્ટર/સેજા લેવલ સંઘને સીઆઇએફ ને પરત ચૂકવણી.
  - નામું લખનાર, સામૂહિક કર્મચારી વગેરેને ચૂકવણી
  - સ્વસહાય જૂથમાંથી બેંકોને સમયસર પરત ચૂકવણી ઉપર દેખરેખ રાખવી.
  - આવકવેરા ખર્ચ અને આવકની ચૂકવણી અંગે હોદ્દેદારો(ઓબી)માંથી એક દ્વારા રજૂઆત.
  - અરજી/ માઇક્રો ક્રેડીટ પ્લાન (એમસીપી) / માઇક્રો ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એમઆઇપી)ના આધારે લોન મંજૂરી અંગે ખર્ચ.
  - સમૂહ કર્મચારીની સમીક્ષા
  - પેટા-સમિતિઓની સમીક્ષા
  - સર્વ સામાન્ય સામાજિક મુદ્દાઓ અંગે ચર્ચા, હક્ક, સલામતીની જાળ, મનરેગા વગેરે.
  - પંચાયતી રાજ ઇન્સ્ટીટ્યુશન (પીઆરઆઇ) સાથે જોડાણ અંગે ચર્ચા.
  - બાકી રહી ગયેલ ગરીબ અને નબળા વર્ગો/ કુટુંબોને સમાવવા પ્રગતિ વિશેની ચર્ચા.
  - બીજા કોઇ મુદ્દાઓ હોઈ
  - આગામી મહિનાની કાર્ય યોજના.
  - નાણાકીય વિગતો સાથે બેઠકની કાર્યનોંધ વાંચવી.

- જરૂરિયાત અને હસ્તક્ષેપ ઉપર આધાર રાખીને કાર્ય સૂચિની સમીક્ષા કરશે, તેમાં સુધારો - વધારો કરશે.

- અનિયમિત બચત હોય, આંતરિક ધિરાણ હોય અને પેટા-સમિતિઓ દ્વારા સ્વસહાય જૂથ અને પ્રાથમિક કક્ષાનાસંઘ ખાતે પરત ચૂકવણી હોય તો વ્યૂહ ઘડી કાઢવો.
- જૂથ, મહેકમની સામગ્રીનું વિતરણ કરવું(રેકર્ડના ચોપડા, બચત પેટી, સંપર્ક સામગ્રી વગેરે).
- જગ્યા નક્કી કરવી અનેસ્ટેટ રુરલ લાઇવલીહુડ મિશન (એસઆરએલએમ) અંતર્ગત સહાય અને સુવિધાઓ મારફતે પ્રાથમિક કક્ષાના સંઘ માટે જગ્યા નક્કી કરી, કચેરી સ્થાપવી.
- સ્થાનિક લોકોમાંથી સમૂહ સહાયક અને બૂક કીપર નક્કી કરવા.
- પ્રાથમિક કક્ષાનાસંઘની સમૂહ કર્મચારીની ચૂકવણીની સ્થાનિક લોકો કાળજી લેશે.
- બીજા સંબંધિત મુદ્દાઓ અને પ્રવૃત્તિઓની ચર્ચા કરવી.

૬-૧૨ મહિનામાં પ્રાથમિક કક્ષાનાસંઘની રચના

વર્ષના બીજા ભાગમાં સામુદાયિક સંસ્થા યોગ્ય દિશામાં પ્રગતિ કરે છે તે નક્કી કરવા માટે સ્થાનિક લોકો નીચેની પ્રવૃત્તિઓ કરશે :

- રહી ગયેલા ગરીબોને સમાવવાનું સ્થાનિક લોકોનું મુખ્ય ધ્યેય હશે.સ્થાનિક લોકોએક સામાજિક જાગૃતિ પેટા-સમિતિ બનાવશે અથવા સહભાગી કામગીરી દરમિયાન રહી ગયેલાં ગરીબ કુટુંબોને ઓળખી કાઢવાની જવાબદારી લેવા માટે સામાજિક કાર્ય સમિતિ જેવી હાલની પેટા-સમિતિને સોંપશે. તેમને કાર્યરત કરવા અને સ્વસહાય જૂથના વ્યાપમાં તેમને લાવવા જેવી જવાબદારી આ સમિતિની રહેશે.
- પ્રાથમિક કક્ષાના સંઘ વિકાસના આ તબક્કા દરમિયાન સ્થાનિક લોકો કોમ્યુનિટી રીસોર્સ પર્સન(સીઆરપી) ની ઓળખ કરશે. આ અંગેની વિગતવાર ચર્ચા સમૂહ કર્મચારી/ સ્થાનિક લોકોના પ્રતિનિધિના વડપણ હેઠળ થશે.
- સ્થાનિક લોકોના સ્વસહાય જૂથના માઇક્રો ક્રેડીટ પ્લાન(એમસીપી)ના મૂલ્યાંકનમાં પ્રાથમિક કક્ષાના સંઘ મહત્વની કામગીરી કરશે. આગળના પ્રકરણમાં માઇક્રો ક્રેડીટ પ્લાન (એમસીપી)ની તૈયારી અને તેના મૂલ્યાંકનની વિગતે માહિતી મળી રહેશે.
- પ્રાથમિક કક્ષાના સંઘની સભ્યો, હોદેદારો, કારોબારી સમિતિ અને પેટા સમિતિને સંઘની રચનાનાં આ તબકકા દરમિયાન તાલીમ આપવામાં આવશે.

બીજો તબક્કો (૧૨ મહિનાથી ૨૪ મહિના)

આ સમય દરમિયાન માળખામાં પ્રાથમિક કક્ષાનાસંઘ નીચેનાં લક્ષણો દર્શાવવાની સ્થિતિમાં હશે:

- સ્વસહાયજૂથમાંથી પ્રાથમિક કક્ષાનાસંઘની સમયસરની ચૂકવણીનો દર ૯૦ ટકાથી વધુ હશે.
- સ્વસહાયજૂથના બધા જ સભ્યો પંચસૂત્રનું પાલન કરતા હશે.
- પ્રાથમિક કક્ષાનું સંઘ સ્વસહાય જૂથના પ્રશ્નો સમજવાનો અને આ પ્રશ્નોમાંથી ઓછામાં ઓછા ૪-૫ પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ કરશે.
- અત્યાર સુધીમાં સ્થાનિક લોકોનાપ્રાથમિક કક્ષાનાસંઘ પાસે એક કામચલાઉ કોમ્યુનિટી મોબીલાઇઝર (સીએમ)/ કાર્યકર્તા/ પ્રાથમિક કક્ષાનાસંઘ/ કોમ્યુનિટી ફેસીલીટેટર (સીએફ) અને બૂક કીપર્સ હશે.
- જાતિ, સમૂહ સ્વચ્છતા એવા સામાજિક મુદ્દાઓ અંગે સ્થાનિક લોકો પગલાં લેશે અનેવ્યસન/દારૂ પીવો/ કેફી દ્રવ્યોનું સેવન કરવું/મહિલા ઘરેલું હિંસા છૂત અછૂત જેવા સામાજિક દૂષણો વગેરે સામે અવાજ ઉઠાવશે.

આ તબક્કા દરમિયાનની પ્રવૃત્તિઓ

- સ્વસહાય જૂથોએ સોંપેલ સૂક્ષ્મ યોજનાના મૂલ્યાંકન દીઠ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ (આરએફ) અને કોન્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ (સીઆઇએફ) ની ચૂકવણી કરશે.
- સ્વસહાય જૂથના બેંક જોડાણમાં સ્થાનિક લોકોમદદ કરશે.
- સ્વસહાય જૂથને બીજી નાણાકીય સંસ્થાઓ પાસેથી ધીરાણ લેવામાંસ્થાનિક લોકો સહાય કરશે.
- આ મુદતના અંતે ૨૫ ટકા ખર્ચ સમુદાયે ભોગવવું જરૂરી બનશે.
- અક્ષરજ્ઞાન, શિક્ષણ અને સામાજિક મુદ્દાઓ અંગે સ્થાનિક લોકો ચર્ચા કરશે.
- આજીવિકાની પ્રવૃત્તિઓ અંગે સ્થાનિક લોકો ચર્ચા કરશે.
- કોમ્યુનિટી મોબીલાઇઝર (સીએમ) / કાર્યકર્તા / પ્રાથમિક કક્ષાના સંઘ/ કોમ્યુનિટી ફેસીલીટેટર (સીએફ) અને બૂક કીપર્સની કામગીરીની સમીક્ષા સ્થાનિક લોકો કરશે.
- સરકારી યોજનાઓ અને કાર્યક્રમો અને સરકારી હકો માંગવાની પ્રક્રિયા અંગે સ્થાનિક લોકો જાગૃતિ ઊભી કરશે.

ત્રીજો તબક્કો (૨૪ મહિનાથી આગળ)

આ સમય દરમિયાન, સ્થાનિક લોકોનુંપ્રાથમિકકક્ષાનું સંઘ નીચેનાં લક્ષણો દર્શાવવાની સ્થિતિમાં હશે:

- સ્વસહાય જૂથનો પ્રાથમિક કક્ષાનાસંઘને પરત ચૂકવણીનો દર ૯૦ ટકાથી વધુ હશે.
- પ્રાથમિક કક્ષાનાસંઘ ગામને સંપૂર્ણપણે આવરી લેશે અને આ સમયગાળાદરમિયાન રહી ગયેલાં બધાં કુટુંબોનો સમાવેશ કરાશે.
- સ્થાનિક લોકોનાપ્રાથમિક કક્ષાનાસંઘ દ્વારા મળેલ કુલ ફંડના ૮૦ ટકા ફંડ સ્વસહાય જૂથોમાં ફરતું રહેશે.
- પ્રાથમિક કક્ષાનાસંઘ આ તબક્કાની શરૂઆતમાં સ્વસહાય જૂથે રજૂ કરેલ ઓછામાં ઓછી ૩ માઇક્રો ક્રેડીટ પ્લાન (એમસીપી)ને કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ (સીઆઇએફ)નું મૂલ્યાંકન કરીને ચૂકવશે અને સ્વસહાયજૂથ કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ (સીઆઇએફ) પરત ચૂકવણી મેળવતું થશે.
- પ્રાથમિક કક્ષાનાસંઘના આ સ્વસહાય જૂથનું ધીરાણ જોડાણ માટે બેંકની શાખાઓને ઓછામાં ઓછા ૫૦ ટકા સ્વસહાય જૂથના દસ્તાવેજો પણ આપશે.

આ તબક્કા દરમિયાનની પ્રવૃત્તિઓ

- ○ પ્રાથમિક કક્ષાનાસંઘ સ્વસહાય જૂથના સભ્યોને તાલીમ આપશે.
- ○ સ્વસહાય જૂથના સભ્યો માટે જાણકારી હેતુ મુલાકાતો યોજશે.
- ○ નાણાં ઊભાં કરવાની પ્રવૃત્તિઓ કરશે.
- ○ પ્રાથમિક કક્ષાનાસંઘનક્કી કરશે કે સ્વસહાય જૂથના બધા સભ્યોનો વીમો લેવામાં આવે.
- ○ સ્થાનિક લોકો,સામૂહિક આજીવિકાની પ્રવૃત્તિઓ શરૂ કરશે.
- ○ સ્થાનિક લોકો, આ તબક્કા દરમિયાન કોમ્યુનિટી મોબીલાઇઝર (સીએમ) અને બૂક કીપર્સની કામગીરીની સમીક્ષા કરશે.
- ○ સ્થાનિક લોકો, રાષ્ટ્રીય બેંકો સાથે બેંકના ખબરપત્રી/ સહાયક તરીકે કામ કરશે.
- ○ સ્થાનિક લોકો,પ્રાથમિક કક્ષાનાસંઘની બેઠકમાં જુદા જુદા લાભાર્થીઓને બોલાવશે અને બધા લાભાર્થીઓ સાથે સારા સંબંધો સ્થાપશે.
- ○ સ્થાનિક લોકો, પોષણ દિવસ, આરોગ્ય દિવસ, માતૃ દિવસ, સ્વાતંત્ર્ય દિવસ ઉજવશે અને જે માતાએ પોતાના બાળકને નિયમિત શાળાએ મોકલ્યું હશે અને જેનું બાળક તંદુરસ્ત હશે તેને ઇનામ આપશે.

પેટા-સમિતિઓ

- પ્રાથમિક કક્ષાનું સંઘએ ગામમાં સ્વસહાય જૂથનું પ્રાથમિક કક્ષાનું સંઘ હશે. જે ગરીબી ઓછી કરવાના કાર્યક્રમના અમલ દ્વારા તથા વિકાસ પ્રવૃત્તિઓ દ્વારા તેને મજબૂત બનાવવા માટે સ્થાનિક લોકો કામ કરશે. આ માટે તે જવાબદારી ધરાવે છે અને પ્રવૃત્તિઓનો અમલ કરે છે. આ સંજોગોમાં સ્થાનિક લોકો જુદી જુદી પેટા-સમિતિઓ બનાવશે જે પ્રાથમિક કક્ષાનું સંઘ કાર્યક્રમ/ પ્રવૃત્તિઓના અમલ, દેખરેખ અને અનુવર્તી પગલાંનું સાધન બની શકે છે.

પેટા સમિતિ નીચેની બાબતોમાં પ્રાથમિક કક્ષાનાસંઘને મદદ કરશે

- રહી/છુટી ગયેલાં કુટુંબોને ઓળખવાં અને તેમને કાર્યરત કરવાં.
- ઊભી કરેલી મિલકતની દેખરેખ રાખવી, રિવોલ્વીંગ ફંડ(આર.એફ), કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ (સીઆઇએફ)નો ઉપયોગ અને સમયસર પરત ચૂકવણીનક્કી કરવી.
- બેંક શાખાઓ સાથે સારા સંબંધો સ્થાપીને સ્વસહાય જૂથનું બેંક જોડાણ અને સ્વસહાય જૂથની બેંક લોનની સમયસર પરત ચૂકવણીનક્કી કરવી.
- સંલગ્ન ખાતાં અને પંચાયતી રાજ ઇન્સ્ટીટ્યુશન (પીઆરઆઇ) સાથે સંકલન કરવું.
- સામાજિક મુદ્દાઓ અંગે જાગૃતિ ઊભી કરવી અને તેને હલ કરવા.
- યોગ્ય સમૂહ / સ્થાનિક લોકોનો સાથ સહકાર મેળવો.
- સ્વસહાય જૂથના સભ્યોની આરોગ્ય સલામતી અને આરોગ્યના પ્રશ્નો હલ કરવા.

  પેટા-સમિતિઓ કારોબારી સમિતિએ નક્કી કર્યા પ્રમાણે કાર્ય યોજનાના પ્રમાણે કામ કરશે અને કારોબારી સમિતિને માસિક અહેવાલ આપશે. કારોબારી સમિતિ પેટા-સમિતિઓની કામગીરીની સમીક્ષા કરશે અને આવતા મહિના માટેની કાર્ય યોજના નક્કી કરશે.

કારોબારી સમિતિના સભ્યોની તાલીમ પછી પ્રાથમિક કક્ષાનું સંઘ બેઠકમાં પેટા-સમિતિની રચના અંગે ચર્ચા-વિચારણા કરશે. પેટા-સમિતિઓની સંખ્યા પ્રાથમિક કક્ષાનું સંઘની જરૂર મુજબ વધશે. દરેક પેટા-સમિતિમાં ૩-૫ સભ્યો હશે. સભ્યો જુદા-જુદા સ્વસહાય જૂથના સભ્યોમાંથી હશે.

શરૂઆતમાં પેટા-સમિતિની રચના અને તેમની કામગીરી અને જવાબદારી પ્રાથમિક કક્ષાની સંઘની બેઠકમાં ચર્ચવામાં આવશે. જૂથ જુદી જુદી પેટા-સમિતિ માટેના પાત્રતા ધરાવતાં સભ્યોની નિયુક્તિ કરશે.

કારોબારી સમિતિ જુદાં જુદાં જૂથોએ નિયુકત કરેલાં જુદી જુદી સમિતિઓ માટેનાં નામોની ચર્ચા કરશે. ચર્ચા પછી, કારોબારી સમિતિ પેટા-સમિતિ માટે જુદાં જુદાં સ્વસહાય જૂથોમાંથી પાત્રતા પ્રમાણે ૩-૫ વ્યક્તિઓની નિમણુંક કરશે.

પેટા સમિતિની રચના માટેની શરૂઆત

- સ્થાનિક લોકો, ઓછામાં ઓછી ૩ નિયમિત માસિક બેઠકો પ્રાથમિક કક્ષાનાસંઘ કક્ષાએ કરશે.
- ૮૦ ટકા કરતાં વધુ સ્વસહાય જૂથોએ આ બેઠકોમાં ભાગ લીધો હોવો જોઇએ.
- સ્થાનિક લોકોએમૂળભૂત ધોરણો બનાવેલ હોવાં જોઇએ અને તેનું પાલન કરતાં હોવા જોઇએ.
- સ્થાનિક લોકોનક્કી કરશે કે પ્રાથમિક કક્ષાનાસંઘ સાથે સંકળાયેલ બધાં સ્વસહાય જૂથો પ્રાથમિક કક્ષાનાસંઘની કામગીરી અને જવાબદારીથી માહિતગાર હોય.

પેટા સમિતિની રચના પહેલાં પ્રાથમિકકક્ષાના ગ્રામ્યસંઘ (પીઆરએફએલ)ની કારોબારી સમિતિના સભ્યોએ પેટા-સમિતિની રચના અને કામગીરી અને જવાબદારી અંગે તાલીમ લીધેલી હશે.

કેટલીક પેટા સમિતિઓ શરૂઆતથી રચાઇને કાર્યરત બનાવાઇ હશે અને કેટલીક પેટા-સમિતિઓ પછીથી જરૂરિયાત અને સહાય પ્રમાણે રચવામાં આવશે.

આવશ્યક પેટા-સમિતિઓ

- **સ્વસહાય જૂથ દેખરેખ પેટા-સમિતિ**

  આ સમિતિ, સ્થાનિક લોકોના બધાં સ્વસહાય જૂથો પંચસૂત્રોનું પાલન કરે છે કે કેમ અને તેમનાં નાણાં વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવાનું નક્કી કરવા માટે યથાયોગ્ય ધોરણે સ્વસહાય જૂથના સભ્યોની મુલાકાત લેશે. આ સમિતિ હેઠળ સ્થાનિક લોકોનક્કી કરશે કે તેમના સભ્યો માઇક્રો ક્રેડીટ પ્લાન (એમસીપી) યોજના મુજબ જણાવેલી પ્રવૃત્તિઓ માટેની લોનની રકમનો ઉપયોગ કરી રહ્યા છે. આ ઉપરાંત, દેખરેખ રાખતી પેટા-સમિતિ સ્વસહાય જૂથ માટે તાલીમ આપશે અને સહાય જરૂર આધારિત મૂલ્યાંકન પણ કરશે.

- **સામાજિક જાગૃતિ પેટા-સમિતિ (સહભાગિ પ્રક્રિયા દ્વારા ગરીબોની ઓળખ અને મોબીલાઇઝેશન)**

  આ પેટા-સમિતિએ અગાઉના પ્રકરણમાંની **સહભાગિ પ્રક્રિયા દ્વારા ગરીબોની ઓળખ** (પીઆઇપી) પ્રક્રિયામાં ચર્ચા કર્યા પ્રમાણે ગામોના વિકાસ

માટે, પ્રગતિ કરતાં બાકી રહી ગયેલાં કુટુંબોને ઓળખીને કાર્યશીલ કરવાના રહેશે.

- **બેંક જોડાણ અને પરત ચૂકવણી પેટા-સમિતિ**

  બેંક જોડાણ અને પરત ચૂકવણી પેટા-સમિતિ સમુદાય આધારીત પરત ચૂકવણી બેઠકમાં હાજરી આપશે, સ્વસહાય જૂથ અને બેંક વચ્ચે સેતુ તરીકે કામ કરશે તેમજ બેંક જોડાણ નક્કી કરશે. વધુમાં બેંક અને કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ (સીઆઇએફ)ની પરત ચૂકવણી તેમજ લોનની રકમનો યોગ્ય પુરેપુરો ઉપયોગ થાય તે પણ આ પેટા સમિતિ નક્કી કરશે.

- **સામાજિક કાર્ય પેટા-સમિતિ**

  આ સમિતિ નબળાં જૂથોને સામાજિક હકો મળે તે માટે મદદ કરશે, અનુવર્તી પગલાં લેશે અને પ્રાથમિક કક્ષાનાસંઘની બેઠકો/ગ્રામ્ય મુલાકાતો દરમિયાન ઓળખી કાઢેલ સભ્યોની સામાજિક જરૂરિયાતોને પહોંચી વળવા માટેની કાર્ય યોજના તૈયાર કરશે. તે આ પ્રકારના અન્ય ખાતાંઓ સાથે સંકલન પણ નક્કી કરશે.

જરૂરિયાત આધારિત પેટા-સમિતિઓ

- ○ પ્રાપ્તિ પેટા-સમિતિ
- ○ અનાજ સુરક્ષા પેટા-સમિતિ
- ○ આરોગ્ય જોખમ નિધિ પેટા-સમિતિ
- ○ આજીવિકા પેટા-સમિતિ
- ○ પછાતપણું ઘટાડે તેવી અન્ય પેટા સમિતિ
- ○ પરિસ્થિતિ અને જરૂરિયાત મુજબની બીજી કોઇ(પાણી અને આરોગ્ય સમિતી)

પ્રાથમિકકક્ષાના ગ્રામ્યસંઘ (પીઆરએલએફ) માટે નાણાકીય સ્ત્રોતો ઊભાં કરવાં :

પ્રાથમિક કક્ષાના ગ્રામ્યસંઘકક્ષાએ,સ્થાનિક લોકો નીચેનાં સ્ત્રોતોમાંથી તેમના નાણાં મેળવશે :

- ○ કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ (સીઆઇએફ) / વલ્નરેબલ રીડક્શન ફંડ (વીઆરએફ) પર મળેલ વ્યાજ વત્તા સ્થાનિક લોકોના અન્ય ફંડો.
- ○ સભ્યપદની ફી, સર્વિસ ચાર્જ, વાર્ષિક ફાળો, દાન, શેર મૂડી, સ્વસહાય જૂથ/ સભ્યોની બચત અને ફાળો.

- સામાન્ય અને ખાસ હેતુની પૂર્તિ માટે સરકારી, બિન સરકારી સંસ્થાઓ, બેંકો અને બીજી નાણા સંસ્થાઓ તરફથી મળેલ ગ્રાન્ટ, દાન અને ધીરાણ.
- મૂડી રોકાણમાંથી થયેલ આવક.

કાનૂની જરૂરિયાતો :

રાજ્યની કાનૂની જરૂરિયાત મુજબ યોગ્ય સમયે યોગ્ય કાયદા હેઠળ પ્રાથમિક કક્ષાના મહા મંડળની નોંધણી કરી શકાશે.

અનુવર્તી કામગીરી, સમીક્ષા અને દેખરેખ :

સ્થાનિક લોકો સામાન્ય સભામાં મંજૂર થયેલ વાર્ષિક કાર્ય યોજના અને અંદાજપત્ર મુજબ પ્રાથમિક કક્ષાનાસંઘ પ્રવૃત્તિઓનો અમલ કરશે.

સ્વસહાય જૂથની જરૂર મુજબ વાર્ષિક કાર્યયોજના તૈયાર કરશે. કારોબારી સમિતિ પ્રાથમિક કક્ષાનાસંઘ વતીથી વાર્ષિક કાર્ય યોજનાનો અમલ કરશે. સમૂહ વ્યવસાયિઓ, સમૂહ કર્મચારી (સીઆરપી/ બીઆરપી) અને પેટા-સમિતિઓ પ્રાથમિક કક્ષાનાસંઘપ્રવૃત્તિઓનો અમલ કરશે. વાર્ષિક કાર્ય યોજનાને ત્રિમાસિક કાર્ય યોજનામાં ફેરવવામાં આવશે, જે વધુમાં કાર્યક્ષમ અને લક્ષ્ય આધારિત કામકાજ માટે માસિક કાર્ય યોજનામાં ફેરવવામાં આવશે. કોમ્યુનીટી રિસોર્સ પર્સન (સીઆરપી), સમૂહ કર્મચારી અને પેટા-સમિતિઓ માસિક કાર્ય યોજના મુજબ કામ કરશે.

પ્રાથમિક કક્ષાનાસંઘ કારોબારી સમિતિએ સોંપેલ માસિક આયોજન મુજબ સ્વસહાય જૂથ, કર્મચારી અને પેટા-સમિતિઓની માસિક બેઠકો બોલાવશે અને તેમની કામગીરીની સમીક્ષા કરશે અને કોઇ પ્રશ્ન ઊભો થાય તો તે માટે પગલાં લેશે. વધુમાં બાકી કામ જો કોઇ હોય તો તે સહિત આવતા મહિનાની કાર્ય યોજના બનાવશે. સ્થાનિક લોકો,ગ્રામ્ય વિકાસ વિભાગ, સરકારી ઘટક કચેરી, આરોગ્ય વિભાગ, (પીએસસી/ એપીએસસી) પશુ પાલન વિભાગ, કૃષિ વિભાગ, બેંક વગેરે સાથે સંકલન સાધશે, જે પ્રાથમિક કક્ષાનાસંઘના વાર્ષિક કાર્યના લક્ષ્યાંકો પૂરા કરવામાં પણ મદદરૂપ થશે. પ્રાથમિક કક્ષાનું સંઘ રીસોર્સ પર્સન/એજન્સીની પરામર્શક સેવાઓ પણ લેશે. સ્વ સહાય જૂથ પ્રાથમિક કક્ષાનાસંઘને માસિક અહેવાલ આપશે અને તેના બદલામાં પ્રાથમિક કક્ષાનાસંઘ માસિક પ્રગતિ અહેવાલ તૈયાર કરશે અને ક્લસ્ટર/સેજા લેવલ સંઘને તે સોંપશે. પ્રાથમિક કક્ષાનું સંઘ સ્વસહાય જૂથનું ગ્રેડિંગ અને આંતરિક ઓડિટ કરશે તે પછી તેમનું સમૂહ ઓડિટ કરાશે.

ક્લસ્ટર/સેજા કક્ષાનું સંઘ

ક્લસ્ટર/સેજા લેવલ સંઘપ્રાથમિક કક્ષાનાસંઘનું સંઘ છે અને તે પ્રાથમિક કક્ષાનાસંઘના બધા સભ્યો વતીથી જુદી જુદી સંસ્થાઓ સાથે સંકલન અંગે ક્લસ્ટર/સેજા કક્ષાની મોટી કામગીરી કરે છે. વળી ક્લસ્ટર/સેજા લેવલ સંઘસમુદાયે વિચારીને અમલી બનાવેલ સામાજિક આર્થિક પ્રવૃત્તિઓ કરીને સંસ્થાકીય સ્થિરતા પ્રાપ્ત કરવાનું વિચારે છે. ક્લસ્ટર/સેજા લેવલ સંઘ મોટા પાયે જરૂરિયાતો, પ્રશ્નો અને પડકારોને ઓળખી કાઢશે એટલું જ નહિ પણ તેના ઉકેલ પણ શોધી આપશે.

ક્લસ્ટર/સેજા લેવલ સંઘની રચના

ક્લસ્ટર/સેજા લેવલ સંઘની રચનાથી મોટા પ્રશ્નો ઓળખી કાઢીને તેને ઉકલેવામાં સ્થાનિક લોકો મદદ કરશે. તેમાં ૨૦-૨૫ પ્રાથમિક કક્ષાનાસંઘનો સમાવેશ થશે. સામાન્ય રીતે પ્રાથમિકકક્ષાના ગ્રામ્યસંઘ (પીઆરએલએફ)ના હોદ્દેદારો ક્લસ્ટર/સેજા લેવલ સંઘનું પ્રતિનિધિત્વ કરશે.

ક્લસ્ટર/સેજા લેવલ સંઘના સભ્ય બનવા માટે પ્રાથમિક કક્ષાનાસંઘ માટે મૂળભૂત પસંદગીનું ધોરણ નીચે જણાવ્યા પ્રમાણે હશે :

- પ્રાથમિક કક્ષાનાસંઘ બનતા સ્થાનિક લોકો, સ્વસહાય જૂથના ૮૦ ટકા જૂથના સભ્યો હશે અને તે પંચસૂત્રનો અમલ કરતા હશે.
- પ્રાથમિક કક્ષાનાસંઘ કક્ષાએ કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ (સીઆઇએફ)ની ૮૦ ટકા કરતાં વધુ પરત ચૂકવણીસ્થાનિક લોકોનક્કી કરશે.
- પ્રાથમિક કક્ષાનાસંઘમાં અદ્યતન રેકર્ડના ચોપડા હશે.
- સ્થાનિક લોકો, પ્રાથમિક કક્ષાનાસંઘના કાર્યક્ષેત્ર હેઠળ ઓછામાં ઓછાં ૨ થી ૩ સામાજિક કાર્યો હાથ ધરશે (દાખલા તરીકે પ્રાથમિક કક્ષાનાસંઘના સામાન્ય સભા / માળખાના સભ્યો હોય તે બધાએ શાળામાં ગામના બાળકોની નામ નોંધણી કરાવશે અને દરરોજ તેમને શાળાએ મોકલશે અને આ રીતે ૧૦૦ ટકા શિક્ષિત અને જાગૃતકરશે વગેરે)
- સ્થાનિક લોકો દ્વારા એ નક્કી કરવાની જરૂર છે કે બાકી રહેતી કુલ લોન કુલ ભંડોળના ૭૦ ટકા કરતાં વધુ હશે.

ક્લસ્ટર/સેજા લેવલ સંઘ માટે નાણાકીય સ્ત્રોત ઊભાં કરવાં

ક્લસ્ટર/સેજા લેવલ સંઘ(સીએલએફ) કક્ષાએ સ્થાનિક લોકોનીચેનાં સ્ત્રોતમાંથી નાણાં મેળવશે

- સભ્યપદની ફીમાં એક વખતની ફીનો સમાવેશ થશે, જેમાં સ્થાનિક લોકોપ્રાથમિક કક્ષાનાસંઘને ક્લસ્ટર/સેજા લેવલ સંઘ સાથે તેનું સભ્યપદ નક્કી કરી આપશે. સભ્ય ફીના બીજા ભાગમાં પ્રાથમિક કક્ષાનાસંઘની વાર્ષિક ફીનો સમાવેશ થાય છે કે જે પ્રાથમિકકક્ષાના ગ્રામ્યસંઘ ચૂકવશે. આ બચત નથી પણ સહિયારી મૂડી છે. જે મુખ્યત્વે ક્લસ્ટર/સેજા લેવલ સંઘના વિવિધ વહીવટી ખર્ચ માટે વપરાશે.
- ક્લસ્ટર/સેજા લેવલ સંઘ પોતાના માટે ફળદાયી આવક મેળવી આપે તેવી વિવિધ સેવા પ્રવૃત્તિઓ કે સામૂહિક આવક ઊભી કરતી પ્રવૃત્તિઓ કરવાનું વિચારશે

ક્લસ્ટર/સેજા લેવલ સંઘનું માળખું

ક્લસ્ટર/સેજા લેવલ સંઘનું માળખું સ્થાનિક લોકોનાપ્રાથમિક કક્ષાનાસંઘના જેવું જ હશે જેમાં સામાન્ય સભા, કારોબારી સમિતિ અને હોદ્દેદારોનો સમાવેશ થશે. આ ઉપરાંત ઘણી પેટા-સમિતિઓ હશે જે ક્લસ્ટર/સેજા લેવલ સંઘ કક્ષાએ સમર્પિત કામગીરી કરશે. સ્થાનિક લોકોમાંથી સમૂહ કર્મચારી / પ્રતિનિધિની પણ પસંદગી કરશે જેને વિવિધ બાબતોમાં ક્લસ્ટર/સેજા લેવલ સંઘને મદદ કરવા માટે તાલીમ અપાશે. સમૂહ સહાયક અને ક્લસ્ટર/સેજા લેવલ સંઘ હિસાબનીસ બે મુખ્ય પ્રકારનાં સમૂહ કર્મચારી હશે, જેનો આ કક્ષાએ સંવર્ધન અને વિકાસ કરાશે.

સંચાલક મંડળ

પ્રાથમિક કક્ષાનાસંઘના બધા સભ્યોની ક્લસ્ટર/સેજા લેવલ સંઘની સામાન્ય સભા બનશે જે વર્ષમાં ઓછામાં ઓછી એક વખત મળશે.

સામાન્ય સભાની કામગીરી

વાર્ષિક સાધારણ સભા નાણાંકીય વર્ષ પૂરું થયા પછી તરત જ ઓછામાં ઓછી વર્ષમાં એક વખત યોજાય છેજેમાં બધા જ સભ્યો ભાગ લેશે. વાર્ષિક સાધારણ સભાની કાર્યસૂચિ નીચે પ્રમાણે છે :

- વાર્ષિક સાધારણ સભાનાં અધ્યક્ષ નક્કી કરવા.
- કારોબારી સમિતિ નક્કી કરવી. સહાયક સ્ટાફ સામાન્ય સભા / માળખાને જવાબદાર છે.
- સામાન્ય સભાનું બજેટ મંજૂર કરવું.
- સમૂહ ઓડિટર દ્વારા ઓડિટ પત્રકોને મંજૂરી
- વાર્ષિક ખર્ચ અને કામગીરીની સમીક્ષા
- આગલા વર્ષની કાર્યયોજના / પ્રવૃતિઓ મંજૂર કરવી.

- જરૂરી કાયદામાં સુધારો લાવવા મંજુરી મેળવવી.
- સ્ત્રોતનો ઉપયોગ તેમજ સમીક્ષાકરી તેને મંજુર કરવો

કારોબારી સમિતિ

ક્લસ્ટર/સેજા લેવલ સંઘની રચના પછી દરેક પ્રાથમિક કક્ષાનાસંઘના પ્રમુખ અને મંત્રીની બેઠક ક્લસ્ટર/સેજા લેવલ સંઘની કારોબારી સમિતિ બનાવવા માટે બોલાવવામાં આવશે. સ્વસહાય જૂથના બધા સભ્યોના પ્રમુખો અને મંત્રીઓ ક્લસ્ટર/સેજા લેવલ સંઘની કારોબારી સમિતિ બનાવશે. જે મહિનામાં એક વખત મળશે. કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં (પ્રમુખ અને મંત્રી સહિત) હોદ્દેદારોની ચૂંટણી કરાશે. સ્થાનિક લોકો એ નક્કી કરશે કે પ્રમુખ અને મંત્રી સહિત એક તૃતીયાંશ હોદ્દેદારો દર બે વર્ષે બદલાશે. ક્લસ્ટર/સેજા લેવલ સંઘ એમની પસંદગી પહેલાં હોદ્દેદારોની પાત્રતાનું ધોરણ અને કામગીરી અને જવાબદારી નક્કી કરશે. કારોબારી સમિતિની મુદત સામાન્ય સભા નક્કી કરશે. સામાન્ય રીતે તે બે વર્ષ માટે નક્કી છે.

પાત્રતાનાં ધોરણ પૂરાં કરતા સભ્યો જ હોદ્દેદારની જગ્યા માટે પાત્ર બનશે.

કારોબારી સમિતિની કામગીરી

- ક્લસ્ટર/સેજા લેવલ સંઘના ઉદ્દેશો નક્કી કરવા અને તેને સિદ્ધ કરવા માટે વ્યૂહ રચના ગોઠવવી.
- નિયમિત ધોરણે ક્લસ્ટર/સેજા લેવલ સંઘની નાણાકીય લેવડ-દેવડ, બજેટ અને કાર્યક્રમો તથા હોદ્દેદારોની કામગીરીની સમીક્ષા કરવી અને મૂલ્યાંકન કરવું.
- વહીવટી નિયમો અને નૈતિક ધોરણો અનુસાર ક્લસ્ટર/સેજા લેવલ સંઘ ચલાવવું.
- ફંડ ઊભુ કરવું અને તેની વ્યવસ્થા કરવી.
- જરૂરિયાત મુજબ પેટા-સમિતિઓ બનાવવી અને તેની પુન:રચના કરવી અને પેટા-સમિતિઓનું વિસર્જન અથવા કોઇ સભ્યને દૂર કરવા.
- કાનૂની દસ્તાવેજો અને હિસાબને લગતી બાબતોમાં સહી કરવા માટે હોદ્દેદારોને સત્તા આપવી.
- વાર્ષિક યોજના તૈયાર કરવી અને મંજૂરી માટે સંચાલક મંડળને ભલામણ કરવી.
- ક્લસ્ટર/સેજા લેવલ સંઘની કાયદેસર નોંધણી કરાવવામાં આવી હોય તે સિવાય ક્લસ્ટર/સેજા લેવલ સંઘનું વાર્ષિક ઓડિટ, સમૂહ ઓડિટ સભ્યો, મુખ્ય બૂક કીપર અને યોજનાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરાવવું. નોંધણી કરાયા પછી

વાર્ષિક ઓડિટ, પેનલ પરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે કરવાનું છે અને સંચાલક મંડળે તેને મંજૂરી આપવાની છે.

હોદ્દેદારો

- પ્રમુખ
- ઉપપ્રમુખ
- મંત્રી
- સહમંત્રી
- ખજાનચી

કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં સ્થાનિક લોકો હોદ્દેદારોની પસંદગી કરશે. હોદ્દેદારોની નામનિયુક્તિથી પસંદગી કરવામાં આવશે. સર્વસંમતિ ન હોય તેવી સ્થિતિમાં ચૂંટણી કરવામાં આવશે અને સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારને જગ્યાપર પસંદ કરવામાં આવશે. અસરકારક શાસન વ્યવસ્થામાં સ્થાનિક લોકોનાસ્ત્રોતનો અસરકાર ઉપયોગ કરવામાં આવશે. આ સંસ્થાઓ સ્થાનિક લોકોના પ્રશ્નો ઓળખી કાઢીને તેના ઉકેલનો અમલ કરે તે ઉપરાંત પ્રામાણિકતાથી નાણાં વ્યવસ્થા કરે એવી સ્થાનિક લોકો અપેક્ષા રાખશે.

ક્લસ્ટર/સેજા લેવલ સંઘની કામગીરી અને જવાબદારીઓ

સ્થાનિક લોકો, ક્લસ્ટર/સેજા લેવલ સંઘ કક્ષાએ મૂળભૂત રીતે નીચેની જવાબદારીઓ સંભાળશે:

- ક્લસ્ટર/સેજા લેવલ સંઘ જુદાં જુદાં સમાન ખાતાં સાથે સંકલન કરશે અને ગરીબ કુટુંબોના ઘર આંગણે હક મળે તે નક્કી કરશે.
- પ્રાથમિક કક્ષાનાસંઘ દ્વારા સ્થાનિક લોકોના સ્વસહાય જૂથોનેકોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ(સીઆઇએફ)નું નાણાંકીય વ્યવસ્થાપન કરવું તે ક્લસ્ટર/સેજા લેવલ સંઘની મુખ્ય જવાબદારી છે. આ ઉપરાંત તે સામૂહિક બેંક જોડાણમાં મદદ કરશે અને આ પ્રક્રિયા કરવા માટે સ્થાનિક લોકોમાંથી સમૂહ કર્મચારીને ઓળખશે (બેંક મિત્ર).
- ક્લસ્ટર/સેજા લેવલ સંઘનક્કી કરશે કે વીમો, પેન્શન, ભરણાં વગરે જેવી બીજી નાણાંકીય સુવિધાઓ સ્થાનિક લોકોને પ્રાપ્ત થાય.
- તે સમૂહ ઓડિટરો દ્વારા સ્વસહાય જૂથનું ઓડિટિંગ પણ નક્કી કરશે.
- ક્લસ્ટર/સેજા લેવલ સંઘ સમૂહ કર્મચારીની ઓળખાણ ક્ષમતા નિર્માણ, મૂલ્યાંકન અને દેખરેખ ક્લસ્ટર/સેજા લેવલ સંઘની જવાબદારી રહેશે.

- ક્લસ્ટર/સેજા લેવલ સંઘપ્રાથમિક કક્ષાનું સંઘ, સ્વસહાય જૂથ અને સમૂહ કર્મચારીના ક્ષમતા નિર્માણમાં મદદ કરશે.
- ક્લસ્ટર/સેજા લેવલ સંઘ સર્વસામાન્ય સામાજિક પ્રશ્નો ઓળખીને તેનો ઉકેલ લાવવામાં મહત્વની કામગીરી બજાવી શકે છે. તે પંચાયતી રાજ સંસ્થા (પીઆરઆઇ), તાલીમ સંસ્થાઓ અને બીજા તેના જેવા ખાતા સાથે સેતુરૂપ કાર્યશાળા / વર્કશોપ યોજનાના આયોજનનો એક મંચ બની શકે છે.
- તે પ્રાથમિક કક્ષાનું સંઘની કામગીરી ઉપર દેખરેખ રાખશે, મદદ કરશે અને મૂલ્યાંકન કરશે.
- તે સમુહ પ્રાપ્તિ પ્રક્રિયાઓ મારફત માર્ગદર્શન આપશે અને તેના પર દેખરેખ-નિયંત્રણ રાખશે.
- ક્લસ્ટર/સેજા કક્ષાનાસંઘ આગળ રહેશે અને પ્રાથમિક કક્ષાના મંડળ અથવા સમૂહ મૂડી-રોકાણ મંડળ ખાતે આજીવિકાને લગતી પ્રવૃત્તિઓને સહાય કરશે.
- ક્લસ્ટર/સેજા કક્ષાનાસંઘ થોડો અનુભવ મેળવે તે પછી માર્કેટીંગ સર્વે (બજાર મોજણી), અન્ય સ્ત્રોતમાંથી તે હેતુ માટે મળેલ ફંડમાંથી કોસ્ટ ડિઝાઇનિંગ જેવા આજીવિકાના ઉત્તેજનને લગતા તાલીમ કાર્યક્રમોને હાથ ધરી શકે છે.

પેટા સમિતિઓ

પ્રાથમિક કક્ષાના મંડળની પેટા-સમિતિઓ જેમ તે જ ઉદ્દેશ સાથે ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘ કક્ષાએ પેટા-સમિતિઓ રચવામાં આવશે. પ્રત્યેક પેટા-સમિતિ કોઇ વિશિષ્ટ ઉદ્દેશ પ્રાપ્ત કરવા અંગે કામ કરતી હોય ત્યાં કન્વીનર (ઇનચાર્જ સભ્ય) ઉપરાંત આ ૪-૫ સભ્યોની ટુકડી રહેશે. આ પરિવર્તનશીલ રહેશે અને તેનાં રચના અને વિસર્જન સ્થાનિક લોકોની જરૂરિયાતો પર આધાર રાખશે. ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘમાં જે ચાર મૂળભૂત પેટા-સમિતિઓ રચવામાં આવશે તે નીચે મુજબ છે :

○ પ્રાથમિક કક્ષાનું સંઘ નિયંત્રણ પેટા-સમિતિ

આ પેટા-સમિતિ ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની પ્રક્રિયાઓ, તેના ખર્ચ પર નિયંત્રણ રાખશે તથા માપદંડનું પાલન વગેરે કરશે. તે શરૂઆતના દિવસોમાં પ્રોજેકટ સ્ટાફની સહાયથી સ્થાનિક લોકો ઓડિટર દ્વારા પ્રાથમિક કક્ષાના મંડળના જુદા જુદા રેકર્ડના ચોપડાનું સમયસર ઓડિટ કરશે. આ ઉપરાંત પ્રાથમિક કક્ષાના મંડળના સભ્ય માટે તાલીમ આપશે. સહાયની જરૂરિયાતની આકારણી કરશે અને તે અંગે સગવડ કરી આપશે.

○ લોન પરત ચૂકવણી પેટા-સમિતિ

આ સમિતિ પ્રાથમિક કક્ષાનાં તમામ સંઘ / સ્વસહાય જૂથને બેન્ક સાથે જોડશે. સ્થાનિક લોકો આધારિત પરત ચૂકવણી તંત્ર આ સમિતિની એક મોટી જવાબદારી રહેશે. તેમાં તે લોનની રકમની સમયસર પરત ચૂકવણી નિશ્ચિત કરશે. સ્થાનિક લોકો બાકી લોનની સ્થિતિની સમીક્ષા કરશેઅને તે અંગે અનુવર્તી પગલાં લેશે.

- **સામાજિક પગલાં અને સંકલન પેટા-સમિતિ**

સ્થાનિક લોકોની સામાજિક સલામતી યોજનાઓની જોગવાઇ ક્લસ્ટર/સેજાકક્ષાનાસંઘપ્રાથમિક કક્ષાનું સંઘ દ્વારા હાથ ધરવામાં આવશે. આ પેટા-સમિતિ જાતિ, આરોગ્ય અને ખોરાકની સલામતી, કુપોષણ જેવા સામાજિક પ્રશ્નો માટે વિશાળ પ્લેટફોર્મ પર ચર્ચા કરી પગલાં લેવાનું શરૂ કરશે. આ કક્ષાએ સંઘ પોષણ દિન, આરોગ્યદિન, શિક્ષક દિનનું આયોજન કરી તેની ઉજવણી કરશે, જે માતાઓએ પોતાનાં બાળકોને શાળામાં નિયમિત મોકલ્યાં હોય અને સ્થાનિક લોકોમાં જાગૃતિનું નિર્માણ કરવા જેમનું બાળક નીરોગી છે તે માતાઓને ઇનામોનું વિતરણ કરવાનું આયોજન કરશે.

જરૂરિયાત આધારિત પેટા-સમિતિ (પેન્શન, વીમા વગેરે જેવી સામાજિક સુરક્ષા, આજીવિકા, ખરીદ-વેચાણ પ્રાપ્તિ).

કાયદેસર જરૂરિયાતો : રાજ્યની કાયદાની જરૂરિયાતો મુજબ યોગ્ય સમયમાંક્લસ્ટર/સેજાકક્ષાના સંઘની યોગ્ય કાયદા નીચે નોંધણી કરાવવી.

તાલુકાકક્ષાનાં સંઘ (ટીએલએફ)

તાલુકા લેવલ સંઘ(ટીએલએફ) નાણાંકીય હસ્તક્ષેપમાં પ્રત્યક્ષ રીતે સંકળાશે નહિ, પરંતુ બેન્કર સાથે સંપર્ક કરવામાં, તાલુકા લેવલ બેંકર્સ મીટીંગ (બીએલબીસી)માં ભાગ લેવા અને સરકારી સંલગ્નવિભાગો સાથે ભાગીદારી/ કેન્દ્રીયતા કરશે. તાલુકા કક્ષાસંઘતાલુકા કક્ષાએ વિસ્તારવા ઉદભવતા સામાજિક અને આર્થિક પ્રશ્નો નો ઉકેલ કરવા માટે સમૂહ મૂડી-રોકાણમાંથી ઇનપુટ મેળવશે.

તાલુકા કક્ષાનાં સંઘનાં માળખા, ભૂમિકા અને જવાબદારીઓ અંગેની વિગતો પાછળથી ઉમેરવામાં આવશે.

સ્થાનિક લોકોને કર્મચારી તરીકે વિકસાવવા:

(સ્થાનિક લોકોને સહાયક/ સ્થાનિક લોકો કાર્યશીલ/ પ્રાથમિક કક્ષાનું સંઘ, હિસાબ રાખનાર, સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ)

પ્રોજેકટના અમલના પ્રાથમિક તબક્કામાં સ્થાનિક લોકોકર્મચારીને પ્રોજેકટ સ્ટાફની સહાય અને માર્ગદર્શન જોઇશે. સ્થાનિક લોકો, સ્વતંત્ર સંસ્થાઓ બને ત્યાં સુધી તે એકત્રિત કરવામાં અને સહકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. મિશન અનુસરવા માટે પ્રોજેકટ સ્ટાફ માટે એ બિન-વિચારણીય સિદ્ધાંતો નિયત કરે છે.

- સ્થાનિક લોકો સાથે (ખાસ કરીને, ક્લસ્ટર/સેજા) વિસ્તાર સંકલનકારે ગામમાં રહેવું જોઇએ, જેથી તે સ્થાનિક લોકોની જરૂરિયાતો, વિચાર, પડકાર અને ડરને સંપૂર્ણપણે મૂલવી શકે.
- પ્રોજેકટનો ઇરાદો તાલુકા કક્ષાએ વ્યાવસાયિક સ્ટાફ ઘટાડવાનો છે. તેમાં એવું વિચારાયું છે કે સ્થાનિક લોકોના સભ્યો આ કામગીરી હાથ ધરશે ત્યાં સુધી પ્રોજેકટ સ્ટાફ સ્થાનિક લોકોકર્મચારીને માર્ગદર્શન આપશે અને તેની માવજત કરશે, જેથી સ્થાનિક લોકો, સામુદાયિક સંસ્થાઓની પોતાની મેળે વ્યવસ્થા કરી શકે અને આ સ્તરની મુખ્ય પ્રવૃત્તિઓ હાથ ધરવા પૂરતી સજ્જ થઈ શકે. ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના પદાધિકારીઓ / હોદ્દેદારોમાંપ્રોજેક્ટનો સ્ટાફ રહી શકશે નહિ. તેથી, <u>મિશનની પ્રગતિ થશે તેમ ભૂમિકાનું રૂપાંતર ક્રમશઃ પ્રોજેકટથી ચાલવાના બદલે સ્થાનિક લોકોથી ચાલેએ પ્રકારે ભૂમિકાનું રૂપાંતર થશે</u>. સ્થાનિક લોકો સ્ટાફની સહાયથી સામુદાયિક સંસ્થાઓ ચલાવાશે.
- સામુદાયિક સંસ્થાઓના આંતરિક સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ સિવાયના સ્ટાફને માનદવેતન સમૂહ મૂડી-રોકાણ સંઘ± વીઆરએફ પર મળેલ વ્યાજ મારફત ઊભી થયેલી અધિકતમ સંભવિત આવક કરતાં વધારે નક્કી કરવી જોઇએ નહિ.

સ્થાનિક લોકોને કર્મચારી તરીકે ભજવવાની ભૂમિકા નીચે પ્રમાણે છે

સ્થાનિક લોકોને સહાયક (સીએફ) સ્થાનિક લોકો કર્મશીલ (કોમ્યુનીટી એકટીવીસ્ટ)/ ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના કર્મશીલ સ્થાનિક લોકો સહાયક સ્થાનિક લોકોના સભ્ય હશે. તે સ્વસહાય જૂથ માટે સહાયક તરીકે કામ કરશે. તેની મુખ્ય જવાબદારી સંબંધિત સ્વસહાય જૂથની બેઠકમાં સરળતા કરી આપવી અને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના રેકર્ડના ચોપડા લખવાની રહેશે. સ્થાનિક લોકો સહાયક (સી.એફ) લગભગ ૧૦-૧૫ સ્વસહાય જૂથોની વ્યવસ્થા કરે તેવી અપેક્ષા છે.

સ્થાનિક લોકસહાયક કોણ થઇ શકે?

- સ્વસહાય જૂથ/ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની બેઠકોનાં રેકર્ડનાં પુસ્તકો લખવા પૂરતો સક્ષમ હોય.

- સ્થાનિક લોક સહાયક પોતાના ગામનો હોવો જોઇએ અને મૂળભૂત હિસાબોની ગણતરી કરવા શિક્ષિત હોવો જોઇએ. તેમ છતાં, આવા ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તેવા કેસમાં, આપણે નીચલી લાયકાત ધરાવતો સક્ષમ સભ્ય પસંદ કરવો જોઇએ અથવા પુરુષ ઉમેદવારને સમુદાયે પસંદ કરવો જોઇએ.
- તેની કાર્યશૈલી પારદર્શક હોવી જોઇએ. તેને સ્થાનિક લોકો માટે આદર હોવો જોઇએ અને તે સહાયપાત્ર/અતિ ગરીબ વ્યક્તિઓ/વંચિતતેમજ કુટુંબ પ્રત્યે સંવેદનશીલ હોવો જોઇએ.
- તે સારો સંદેશાવ્યવહાર કરે તેવો હોવો જોઇએ અનેગ્રામ્યક્ષેત્રે ક્ષેત્રકાર્ય કરવા અંગે તેને કોઇ અવરોધ / સંકોચ હોવો જોઇએ નહિ.
- તેની પસંદગી સમગ્ર સ્થાનિક લોકોને સ્વીકાર્ય હોવી જોઇએ.

સ્થાનિક લોક સહાયકની કામગીરી અને જવાબદારી

- તેણે સ્વસહાય જૂથની બેઠકના નિયત સમયની દસ મિનિટ અગાઉ પહોંચવું.
- તેણે બધી અઠવાડિક બેઠકોમાં ભાગ લેવો અને સ્વસહાય જૂથમાં ઉત્તમ પ્રથાઓ શરૂ કરવા બેઠકની પ્રક્રિયાને સગવડ કરી આપવી.
- તેણે બચત, આંતરિક લોન, પરત ચૂકવણી જેવી બાબતો અને છેલ્લી બેઠકોમાં લીધેલા નિર્ણયો અંગે પછી બેઠકની શરૂઆતમાં સ્વ-સહાય જૂથના બધા સભ્યોની જાણકારી માટે વાંચી સંભળાવવા.
- બેઠકની યોગ્ય કાર્યપદ્ધતિનો અમલ કરવા અને સ્વસહાય જૂથની પછીની બેઠક માટે કાર્યસૂચિ(એજન્ડા) તૈયાર કરવામાં સગવડ પૂરી પાડવા તે જવાબદાર રહેશે.
- શરૂઆતની તબક્કામાં, લોક સૂક્ષ્મ ધિરાણ યોજના, બેન્કને લગતા દસ્તાવેજ વગેરે તૈયાર કરવા દરમિયાન સ્વસહાય જૂથને સગવડ પૂરી પાડવામાં પ્રોજેકટ સ્ટાફની સહાય લેશે. પછીથી, આ કાર્યની પોતાની મેળે સંભાળ લેશે.

યોગ્ય માપદંડ ધરાવતાં સ્વ-સહાય જૂથ, સ્થાનિક લોકની જાણકાર વ્યક્તિઓ/ ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) મારફત સ્થાનિક લોક સહાયકને નિયુક્ત કરવામાં આવશે અને કારોબારી સમિતિ/સ્વસહાય જૂથ તેને આખરીરૂપ આપશે. ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) માં રોકવાં બદલ કારોબારી સમિતિ તેનું માનદવેતન નક્કી કરશે અને સંબંધિત સ્વસહાય જૂથ દ્વારા જૂથમાં તેની નિમણુંક નક્કી કરવામાં આવશે.

સ્થાનિક લોક સહાયક માટે શરૂઆતની તાલીમ

સ્થાનિક લોક સહાયકને ત્રણ મહિનાની સઘન તાલીમ આપવાની થશે. પ્રથમ તબક્કામ એક મહિનો તે પ્રોજેક્ટ સ્ટાફ/ પદાધિકારી સાથે તાલીમ લેશે અને બીજા તબક્કામાં તે ગ્રામસંઘ/ સ્વસહાય જૂથનાં માળખાને સમજશે.

સ્થાનિક લોક સહાયકને પ્રાથમિક કક્ષાનાં સંઘ પોતાનાફંડમાંથી માનદવેતન ચૂકવશે. તેમ છતાં, શરૂઆતનાં તબક્કામાં ખર્ચને પહોંચી વળવા પ્રોજેકટમાંથી સહાય મેળવશે.

સ્થાનિક લોકના સહાયકના કામ પર કારોબારી સમિતિ સતત નિયંત્રણ રાખશે. તે કામ ન કરતો/ કરતી હોય, તો તેમની નોકરી ખુલાસાના આધારે તેમની કામગીરી સુધારવા એક મહિનાની નોટિસ આપીને સમાપ્ત કરી શકાશે. તેમ છતાં, સ્થાનિક લોકોસહાયક ચાલુ રહેવા માગતા ન હોય, તો તે પણ એક મહિનાની નોટિસ આપીને તે નોકરી છોડી શકશે.

પ્રાથમિક કક્ષાનાસંઘનાબૂક કીપર

પ્રાથમિક કક્ષાનાસંઘનાબૂક કીપરની ઓળખ

સ્થાનિક લોકો સ્વસહાય જૂથના ઉત્તમ બૂક કીપરમાંથી પ્રાથમિક કક્ષાના બૂક કીપરમાંથી પસંદ કરવા જોઇએ અને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની બૂક કીપીંગઅંગે તાલીમ પૂરી પાડવામાં રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશનની સહાય મેળવવી. નાણાંકીય શક્યતાના આધારે અલગ **બૂક કીપર**રાખવા અથવા એક**બૂક કીપર** પ્રાથમિક કક્ષાના દરેક સંઘ જવાબદાર રહે તે અંગે સ્થાનિક લોકો જરૂરી નિર્ણય લેશે.

પ્રાથમિક કક્ષાનાં સંઘનું નામું લખનાર કોણ થઇ શકે ?

બુકકીપર પ્રાથમિક કક્ષાનાં સંઘનું અને સ્વસહાય જૂથનું નામું લખનાર હોવો જોઇએ. તેને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના હિસાબના ચોપડા અદ્યતન બનાવવા સમય આપવાની જરૂર છે.

પ્રાથમિક કક્ષાનું સંઘનું નામું લખનાર કોણ ન થઇ શકે ?

ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના હાલના પદાધિકારીઓ, ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના સ્થાનિક લોક સહાયક અથવા પ્રોજેકટ સ્ટાફ પ્રાથમિક કક્ષાનું સંઘ નામું લખનાર હોઇ શકે નહિ.

નામું લખનારની કામગીરી અને જવાબદારીઓ

- નામુ લખનારની મુખ્ય જવાબદારી બેઠકમાં ચોપડા અને રેકર્ડ અદ્યતન બનાવવાની રહેશે.

- નાણાંકીય લેવડદેવડ પર નિયંત્રણ રાખવું, બેન્ક જોડાણ અને પરત ચૂકવણીની સગવડ કરવી.
- સૂક્ષ્મ ધિરાણ અને આજીવિકા યોજના તૈયાર કરવામાં સહાય પૂરી પાડવી.
- સ્વસહાય જૂથના બૂક કીપર્સને સહાય પૂરી પાડવી અને તાલીમ આપવી.

પ્રાથમિક કક્ષાનાસંઘનાબૂક કીપરનું ક્ષમતાવર્ધન/ નિર્માણ

પ્રારભમાં સ્થાનિક લોકો, રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશનની (SRLM) સહાયથી પ્રાથમિક ગ્રામ્યકક્ષાનાસંઘને **"ગ્રામ્યકક્ષાના સંઘવિચાર અને વ્યવસ્થાપન"**પરતાલીમ આપવાનું આયોજનકરશે.તાલીમની વિગતો ક્ષમતા નિયંત્રણના વિભાગમાં દર્શાવેલ છે.

ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન(સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિઓ)

ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન(સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિ), કે જેમને સંઘના સભ્ય તરીકે લાંબો અનુભવ હોય અને સ્વસહાય જૂથ સશક્તિકરણ અને ગરીબી નિવારણ માટે મજબૂત સ્ત્રોત તરીકે વિશ્વાસ વિકસાવ્યો હોય તેવા સ્વસહાય જૂથના સભ્યો હોઈ શકે. આ સફળ સ્ત્રીઓ, પ્રાયોગિક શિક્ષણ સાથે સંસ્થાકીય નિર્માણ પ્રક્રિયાની તેમજ તેમનાં વિસ્તાર અને અન્ય વિસ્તારોમાં ઉત્તમ કામગીરી માટે સ્થાનિક લોકોના પ્રાથમિક કક્ષાનાં સંગઠનો,સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ તરીકે સ્વીકૃતિ પામી છે. તેવાં ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન (સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિ)ને રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશનના સ્ટાફની સગવડ સાથે પ્રાથમિક કક્ષાના સંઘના સભ્યોથી નિયુક્ત કરવામાં આવશે.

ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન(સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિઓ) નીચેના માપદંડ પરથી મુકરર કરી શકાશે.

- પ્રારંભમાં **ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન** (સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિ) બાહ્ય સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ/ સ્થાનિક લોકોની સિનિયર જાણકાર વ્યક્તિ (રાષ્ટ્રીય જાણકાર સંઘ રાજ્યોની સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિઓ) સાથે ઓછામાં ઓછા એક રાઉન્ડ માટે જોડાયેલ રહેશે. તેઓ તે જ તાલુકા અથવા અન્ય તાલુકા/જિલ્લામાંથી પસંદ કરેલાં ગામડામાં તેમની સેવાઓ આપશે. **ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન** (સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ) ગરીબની સહયોગી ઓળખ, ગરીબ કુટુંબોને સ્વસહાય જૂથમાં અને સ્વસહાય જૂથના શક્તિ નિર્માણમાં વાળશે.

ઉપરના ઉદ્દેશો પરિપૂર્ણ કરવા ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન (સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિઓ) નીચેની પ્રવૃત્તિઓ કરે છે. :

- ગામની ગતિશીલતા અને લક્ષ્યાંકિત ગામના ગરીબોની સ્થિતિ સમજવા તેઓ અભિપ્રાય આપતા નેતાઓ, ગામના વડીલો અને ગરીબ સમાજના સૌથી વધારે ગરીબોને મળશે.
- હાલનાં સ્વસહાય જૂથની ગુણવત્તા આકારણી હાથ ધરવી અને તેમને જરૂરી તાલીમ આપવી.
- છૂટી ગયેલાં ગરીબ કુટુંબો અને અન્ય સહાયપાત્ર કુટુંબોનાં નવાં જૂથ બનાવવા.
- તમામ સ્વસહાય જૂથોને સ્વસહાય જૂથની વ્યવસ્થા, બેઠકની પ્રક્રિયા, નેતૃત્વની ભૂમિકા અને નિર્ણય લેવા માટેની પ્રથમ કક્ષાની સઘન તાલીમ બેચમાં આપવી.
- સ્વસહાય જૂથની બેઠકોમાં ભાગ લેશે અને અઠવાડિક બેઠકો, અઠવાડિક બચત, આંતરિક ધિરાણ, નામા પદ્ધતિ અને બૂક કીપરની જરૂરિયાત અને મહત્વ, સ્વસહાય જૂથનું ગ્રેડીંગ જેવી ઉત્તમ જૂથ વ્યવસ્થા ના મહત્વ અંગે જૂથોને ખાતરી કરાવવી.
- બૂક કીપર/સ્થાનિક લોકના સહાયક નિયુક્ત કરવામાં સરળતા કરી આપવી.
- સામાજિક પગલાંની અનુસૂચિ તૈયાર કરવા જૂથોને સરળતા કરી આપવી અને સમોવડિયા દબાણ જૂથ તરીકે કામ કરવું.

ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન(સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિઓ) માટે શરૂઆતની તાલીમ

સમાજની સ્ત્રીઓ હોય સ્થાનિક લોકોમાંથી પસંદ કરવામાં આવી હોય તેવી **ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન** (સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિઓ)ને પ્રારંભમાં પ્રોજેકટ સ્ટાફે સહાયક/ સીએ/ બાહ્ય સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિને તાલીમ આપી માવજત કરવી અથવા તેમનાક્ષમતાવર્ધન કરવા અને ટકાઉ અને સર્વગ્રાહી વિકાસ સાધવા તેઓ સંસ્થાની નિર્માણ પ્રક્રિયાઓ અન્ય ક્ષેત્રોમાં હાથ ધરવા મહ્ત્વની ભૂમિકા ભજવશે. **ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન** (સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિઓ)ને બે તબક્કાની તાલીમ અપાશે. પ્રથમ તબક્કામાં(ઇમર્સન તાલીમ) અને દ્વિતીય તબક્કામાં તેમનું ત્રણ મહિના માટે હાલના સિનિયર/બાહ્ય **ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન** (સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિઓ) સાથે ત્રણ મહિના માટે રોકાવું.

મૂળભૂત તાલીમના કેટલાક મોડ્યુલ આવશ્યકપણે નીચેના વિષયોને આવરી લે છે:

- સ્વસહાય જૂથની બૂક કીપીંગનું પાયાનું જ્ઞાન, વ્યવસ્થા અને મહત્વ અંગે સ્વસહાય જૂથની તાલીમ;
- તાલીમ આપનારને તાલીમ (TOT), તેમની મુખ્ય ભૂમિકા સ્થાનિક લોકોની સ્ત્રીઓને તાલીમ અને સંસ્કરણ આપવાનું હોવાથી, પ્રોજેકટની સહાય મેળવવી.

- ○ સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિઓને પણ પાછળથી વિશિષ્ટ તાલીમ આપવી.

(ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન) સ્થાનિક લોકોની આંતરિક જાણકારી ધરાવતી વ્યક્તિઓનુંમૂલ્યાંકન

પ્રાથમિક કક્ષાનું સંઘ**ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન**(સ્થાનિક લોકોની આંતરિક જાણકાર વ્યક્તિઓ)ની કામગીરીનું સમયાંતરે મૂલ્યાંકન કરશે.

સમુદાયિક સંસ્થાઓ/ સ્થાનિક લોકોના કર્મચારી/કાર્ય કરનારાઓનું ક્ષમતા નિર્માણ.

જૂથમાં કામ કરવા અંગે અને તેની કાર્યક્ષમતા મુજબ વ્યવસ્થા કરવાસ્થાનિક લોકોઅભિગમ દાખવશે. વર્ગખંડની તાલીમ, ઉંડાણપૂર્વકની સમજ / જાણકારી આપવાની તાલીમ, ઉત્તમ પ્રથાનાં સ્થળોની એકસપોઝર મુલાકાત, ગ્રામ્યકક્ષા સુધીનો અભિગમ વગેરે જેવી પદ્ધતિએ જુદી જુદી રીતે તાલીમ આપવામાં આવશે. તાલીમ સામગ્રી/મોડયુલ/ ફ્લિપ ચાર્ટ/પુસ્તિકાઓ/ ચોપાનિયાં/ બ્રોસર વગેરેનો ઉપયોગ, વધુ સારી રીતે સમજવા કરી શકાય. જૂથ કાર્યક્ષમતાપૂર્વક ચલાવવા સ્થાનિક લોક સહાયક પાસેથી તાલીમ મેળવશે. સ્થાનિક લોકો, ગામનાં અન્ય સ્વસહાય જૂથ પાસેથી પણ શીખશે. સ્વસહાય જૂથનું પાયાનું જ્ઞાન અને વ્યવસ્થાને લગતી મૂળભૂત તાલીમ બધાંને આપવામાં આવશે.

કોષ્ટક : સ્વસહાય જૂથ માટે ક્ષમતાનિર્માણના વ્યૂહ

કક્ષા	વ્યૂહ
રીસોર્સ બ્લોક	• બાહ્ય સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિઓ સ્થાનિક લોકોના સ્વ-સહાય જૂથને તાલીમ આપશે, બૂક કીપર અને સ્થાનિક લોકોના સંકલનકાર/સગવડ આપનારા જેવાનીઓળખ કરાશે. • આ તાલીમ **ઇન્ટર્નલ કોમ્યુનિટી રીસોર્સ પર્સન**(સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ)ની ઓળખ કરવાની પ્રક્રિયા દરમિયાન થશે. પરંતુ આ તાલીમ ત્યાં સુધી પૂરતી નહિ નીવડે જ્યાં સુધીક્લસ્ટર/સેજાકો-ઓર્ડિનેટર પીઆરપીની સહાયથી ઉત્તમ પ્રકારની તાલીમ અને સહકાર અને સહાય આપશે.

	• જાણકાર સંઘ અને સ્થાનિક લોકો સંકલનકાર તરફથી પીઆરપી સ્થાનિક લોકોની ક્ષમતા નિર્માણ માટે મહદઅંશે જવાબદાર રહેશે. • સંસાધન સંઘના સ્થળે ઉત્તમ પ્રથાઓ અંગે સ્વસહાય જૂથના કેટલાક સભ્યોની એકસપોઝર મુલાકાત અને ઉંડાણપૂર્વકની સમજ / જાણકારી આપવાની તાલીમ ઘણી જ મહત્વની રહેશે. • સ્વસહાય જૂથના બધા સભ્યો તમામ ચોપડા અને રેકર્ડ જોઇ શકશે.
ઇન્ટેન્સીવબ્લોક	• સ્થાનિક લોકોનાક્ષમતાવર્ધન માટે પ્રોજેકટ સ્ટાફ જવાબદાર રહેશે. • સ્થાનિક લોકોના સ્વસહાય જૂથ અને સ્થાનિક લોકોકર્મચારીને તાલીમ આપવા માટે આંતરિક સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિની સેવાઓ મેળવી શકાશે. • ભાગીદાર બિન સરકારી સંસ્થા અને સ્થાનિક લોકોકર્મચારીની સહાય પણમેળવી શકાશે. • સ્વસહાય જૂથ અને સ્થાનિક લોકોકર્મચારીની એકસપોઝર મુલાકાતને પ્રોત્સાહન આપવામાં આવશે. ખાસકરીને રાજ્યમાં ઉત્તમ / નિવડેલા / સફળ રહેલા પ્રોજેક્ટના પ્રેરણા પ્રવાસ કરવામાં આવશે. • સ્વસહાય જૂથના બધા સભ્યો માટે તમામ ચોપડા અને રેકર્ડ ઉપલબ્ધ રહેશે.

સ્વસહાય જૂથની રચના દરમિયાન અથવા તેના પછી તરત જ બાહ્ય/આંતરિક સ્થાનિક લોકો જાણકાર વ્યક્તિ અથવાક્લસ્ટર/સેજાકક્ષાના સંકલનકાર તાલીમ આપશે. આ તાલીમ ખુદ ગામમાં યોજવામાં આવશે.

નવાં સ્વસહાય જૂથની રચના કરીએ ત્યારે શરૂઆતની તબક્કા દરમિયાન તેને સતત માવજત મળે તે આવશ્યક છે. અઠવાડિક બેઠકોની સગવડકરી આપીને ઉત્તમ પ્રક્રિયા અપનાવીને આ શક્ય બનાવવા સ્થાનિક લોકો મદદરૂપ થશે.

સગવડનું કામ પ્રારંભમાં ક્લસ્ટર/સેજાકક્ષાના સંકલનકાર અને પી.આર.પી.એ કરવાનું છે અને તબક્કાવાર તેને સ્થાનિક લોકોમાંથી નક્કી કરેલા સ્થાનિક લોકો સંકલનકાર/સગવડ નક્કી કરેલા સ્થાનિક લોક સંકલનકાર/સ્થાનિક લોક સહાયકને સોંપી શકાશે.

- સૂચક સ્વસહાય જૂથની તાલીમનાં મોડ્યુલ

ક્રમ નં.	તાલીમ મોડ્યુલની વિગત	તાલીમ આપનાર	સ્થળ અને સમય
૧.	▪ ગરીબી અને પરિવર્તનશીલતા ▪ ગરીબી નિવારણના વ્યૂહ ▪ સ્વસહાય જૂથ શા માટે? તેનું મહત્વ અને તેનું અસ્તિતવ. ▪ સ્ત્રી સ્વસહાય જૂથ શા માટે?	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	આ ન્યૂનતમ મૂળભૂત તાલીમ છે. સ્વસહાય જૂથની રચનાના ત્રણ મહિનાની અંદર ગ્રામ્ય કક્ષાએ સ્વસહાય જૂથના તમામ સભ્યોને તાલીમ આપવાની જરૂર છે.
૨.	▪ સ્વસહાય જૂથના સિદ્ધાંતો અને કામગીરી- ▪ સ્વસહાય જૂથની મૂળભૂત વિભાવના- આંતરિક ધિરાણ, બચત વગેરેનું મહત્વ.	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	

	▪ બેઠકની પ્રક્રિયા અને કાર્યસૂચિ ગોઠવવી. ▪ પંચસૂત્ર ▪ માપદંડ ▪ નાણાંકીય શિક્ષણ		
૩.	બૂક કીપીંગનું મહત્વ અને બૂક કીપરની ભૂમિકા	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	
૪.	સમસ્યાઓ હલ કરવા તથા સંઘર્ષ રહિત વ્યવસ્થા અને નેતૃત્વ	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	
૫.	પદાધિકારીઓ માટે તાલીમ- ભૂમિકા અને જવાબદારી, આ કરો- આ ન કરો (ક) નાણાંકીય જાણકારી (ખ) સ્વસહાય જૂથનું બચત ખાતું ખોલવું અને ક્રેડિટ/ બેંકનું જોડાણ	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	ગ્રામ્ય કક્ષાએ રચનાની તારીખથી છ મહિનાની અંદર
૬.	સૂક્ષ્મ ધિરાણ યોજના તૈયાર કરવી, અગ્રતા આપવી અને નાણાંની વ્યવસ્થા	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	
૭.	સક્રિય મહિલાઓ / સ્થાનિક લોકોકર્મચારીની તાલીમ અને માવજત અને તેમની સ્વસહાય જૂથ કક્ષાને જરૂરિયાત	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	ગ્રામ્ય કક્ષા ઓળખવામાં આવે તરત જ તેનો અમલ કરવો.
૮.	આજીવિકા આધારિત તાલીમ	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	ગ્રામ્ય કક્ષા
૯.	ગ્રામ્ય સભા- ગ્રામ્યસભાની ભૂમિકા અને જવાબદારી. સ્વસહાય જૂથની ગ્રામ્ય સભા પ્રત્યે ભૂમિકા- પંચાયતી	પંચાયતી રાજ સંસ્થાઓની જાણકાર	ગ્રામ્ય કક્ષા

	રાજ સંસ્થાઓની ભૂમિકા અને જવાબદારીઓ.	વ્યક્તિ	
૧૦.	ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની વિભાવના અને વ્યવસ્થા	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી	ગ્રામ્ય કક્ષા
૧૧.	સામાજિક વિકાસ- બાળક સગર્ભા સ્ત્રી અને સ્તનપાન કરાવતી માતાઓનાં આરોગ્ય અને પોષણ.	જાણકાર વ્યક્તિ	ગ્રામ્ય કક્ષા
૧૨.	ગરીબો માટે હક આધારિત સરકારી યોજનાઓ તથા હાલની યોજનાઓ સાથે જોડાણ	જાણકાર વ્યક્તિ	ગ્રામ્ય કક્ષા

- સૂચક ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) કક્ષાની તાલીમનું મોડ્યુલ

ક્રમ નં.	તાલીમનું નામ	તાલીમ આપનાર	સ્થળ અને સમય
૧.	ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) નું કાર્ય- • પ્રાથમિક કક્ષાના સંઘ શા માટે? • ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) નું માળખું. • સ્વસહાય જૂથની સમીક્ષા, પેટા-સમિતિની સમીક્ષા, સ્થાનિક લોકોકર્મચારીની પ્રક્રિયા પર ખાસ ભાર મૂકીને ભૂમિકા અને જવાબદારીઓ • માપદંડ, પેટા-કાયદા, અન્ય નિયમો અને વિનિયમો તૈયાર કરવાં. • બેઠકની પ્રક્રિયા અને કાર્યસૂચિ તૈયાર કરવી. • નેતૃત્વ	પ્રોજેકટ સ્ટાફ/ જાણકાર વ્યક્તિ	ગ્રામ્ય કક્ષા : ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની રચનાના પ્રથમ ચાર મહિનાની અંદર તાલીમ અપાવી જોઇએ.

૨.	ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ–પીઆરએલએફ) ની નાણાંની વ્યવસ્થા • સૂક્ષ્મ ધિરાણ યોજના તૈયાર કરવી અને જણાવવી. • ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ–પીઆરએલએફ) ના હિસાબ અને બૂક કીપીંગ. • વાર્ષિક આયોજન અને અંદાજપત્ર • સ્થાનિક લોકો આધારિત પુનઃચકાસણી તંત્ર	પ્રોજેકટ સ્ટાફ/ જાણકાર વ્યક્તિ	
૩.	સ્વસહાય જૂથને સહાય – • તાલીમ જરૂરિયાત આકારણી • છૂટી ગયેલા ગરીબોને કેવી રીતે ઓળખવા અને એકત્રિત કરવા. • પેટા-સમિતિની રચના અને પેટા-સમિતિઓની ભૂમિકા અને જવાબદારી • સ્વસહાય જૂથનું શ્રેણીકરણ અને ઓડિટ	પ્રોજેકટ સ્ટાફ/ જાણકાર વ્યક્તિ	
૪.	સ્થાનિક લોકોકર્મચારી– • પસંદગી • કામગીરી અને જવાબદારીઓ • સમીક્ષા અને નિયંત્રણ	પ્રોજેકટ સ્ટાફ/ જાણકાર વ્યક્તિ	
૫.	અન્ય – • સ્થાનિક લોકોનો સાથ સહકાર • નિયમન અને જવાબદારી • અન્ય સરકારી લાઇન ખાતાં,	પ્રોજેકટ સ્ટાફ/ જાણકાર વ્યક્તિ	

	હકદારી, સામાજિક સુરક્ષા, કલ્યાણ અને સંકલન. • પંચાયતી રાજ સંસ્થા –સ્થાનિકલોકો આધારિત સંકલન. • ઘરેલુ હિંસા,દારૂ સેવન, દહેજ વગેરે જેવા સામાજિક પ્રશ્નો અંગે જરૂરિયાત આધારિત તાલીમ • વીમો, પેન્શન વગેરે		

બૂક કીપર્સને નીચેની તાલીમ આપવામાં આવે છે.

ક્રમ નં.	**તાલીમનું નામ**
૧.	બૂક કીપીંગની ભૂમિકા અને જવાબદારીઓ –બૂક કીપીંગમાં આ કરો – આ ન કરો.
૨.	સ્વસહાય જૂથની વિભાવના, હિસાબના ચોપડા અને બૂક કીપીંગ
૩.	પ્રાથમિક કક્ષાનું સંઘ, વિભાવના, હિસાબના ચોપડા/ બૂક કીપીંગ
૪.	સ્થાનિક લોકો મૂડી-રોકાણ સંઘની વિભાવના, હિસાબના ચોપડા/બૂક કીપીંગ
૫.	સ્વસહાય જૂથ, પ્રાથમિક કક્ષાનું સંઘ, સ્થાનિક લોકો મૂડી-રોકાણ સંઘ અને વ્યવસ્થા માહિતી પદ્ધતિ
૭.	સૂક્ષ્મ યોજના/ સૂક્ષ્મ મૂડી-રોકાણ યોજના
૮.	સ્થાનિક કક્ષાએ સામુદાયિક ખરીદી
૯.	નાણાંકીય સમાવેશ અને નાણાંની વ્યવસ્થા (આર.એફ, સી.આઇ.એફ, વી.આર.એફ. વગેરે સહિત)

- સ્થાનિક લોકસહાયક/સ્થાનિક લોકો કર્મશીલની તાલીમમાં સ્વસહાય જૂથ, ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) માટે યાદીમાં દર્શાવેલ ઉપરની બધી તાલીમ અને નામું લખનારનીતાલીમનો સમાવેશ થશે. આ ઉપરાંત તાલીમ સ્થાનિક લોકો સહાયકને નીચેની તાલીમ આપવી.

ક્રમ નં.	**તાલીમનું નામ**
૧.	સ્થાનિક લોક સહાયકની ભૂમિકા અને જવાબદારીઓ
૨.	સહયોગી ગ્રામીણ અહેવાલ(પીઆરએ) અને સહયોગી તાલીમ પદ્ધતિ(પીટીએ)

૩.	સમાજિક સહાયક
૪.	સ્વસહાય જૂથ અને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) - વ્યવસ્થા માહિતી પદ્ધતિ
૫.	નાણાંકીય સમાવેશ અને નાણાંની વ્યવસ્થા (આર.એફ/ સીઆઇએફ., વીઆરએફ વગેરે સહિત)
૬.	ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘની વિભાવના અને વ્યવસ્થા

ભાગ- 3 નાણાંકીય સમાવેશ

ગરીબી ઘટાડવા માટે પરવડી શકે તેવા વ્યાજના દરે અને પરત ચૂકવણીની શરતોએ જરૂરી નાણાં મેળવવા એ મહત્વનું છે. સમયાંતરે વારંવાર નાણાંકીય અસ્કયામતો (મૂડી રોકાણ)મળવું એ આજીવિકા ઉપાર્જન માટે અતિ આવશ્યક છે.રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનનો એક ધ્યેય એ પણ છે કે સ્થાનિક લોકોને બેન્કિંગ પદ્ધતિના માનવંતા ગ્રાહકો સ્વરૂપેપ્રસ્થાપિત કરવા.

સ્વસહાય જૂથ બધાં માટે નાણાંકીય સમાવેશ માટે બારી તરીકેગરજ સારેછે. સ્થાનિક લોકો સ્વસહાય જૂથના સભ્ય તરીકે બચત, આંતરિક ધિરાણ, બેન્કમાં જોડાણ મારફત લોન કરજે લેવી તે સ્થાનિક લોકોની નિયમિત પ્રવૃત્તિઓ છે. સ્થાનિક લોકોસ્વસહાય જૂથ/ ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) કક્ષાએ આ નાણાંકીય લેવડ-દેવડને લગતા બધા માપદંડની ચર્ચા કરીને બેઠકની કાર્યનોંધમાં સ્થાનિક લોકોના નિર્ણયો નોંધશે. તેમાં જૂથ પ્રમાણે થોડોક ફેરફાર હોઇ શકે.

બચત

અઠવાડિક ધોરણે અમુક રકમ બચાવવાનું નક્કી કરશે. બચત અંગે નીચેના માપદંડને અનુસરશે :

- પરસ્પર નક્કી કર્યા મુજબ સમાન રકમમાં બચત કરશે. આ સ્થાનિક લોકો માટે ફરજિયાત બચત રહેશે.
- જૂથના નિયમોના આધારે સ્વૈચ્છિક બચતની રકમ ઉપાડી શકશે. સ્થાનિક લોકો વધારાની આવક જમા કરવા સ્વૈચ્છિક બચત પણ કરશે.
- ફરજિયાત બચત નિયમિત જમા કરવામાં આવશે. સ્થાનિક લોકોમાંથી કોઇ બેઠકમાં નિયત કરેલી ફરજિયાત બચતની રકમ જમા નહિ કરાવે તો જૂથે નક્કી કર્યા મુજબ આવા કસૂર બદલ કોઇ દંડની જોગવાઇ રહેશે. જૂથના બધા સભ્યો આવી કસૂર માટેના કારણોના આધારે દંડ કરવાનું પરસ્પર નક્કી કરશે.
- બચતનો યોગ્ય રીતે હિસાબ થશે. તે જૂથ રજિસ્ટર તેમજ સંબંધિત સભ્યની પાસબુકમાં નોંધવામાં આવશે.
- સમય જતાં, જૂથના સભ્યોની આવક વધી જાય તો દર વર્ષે પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ જૂથ કોર્પસ (ભંડોળ) વધારવા માટે અઠવાડિક બચતનું પ્રમાણ પરસ્પર નક્કી કરશે. તેનાથી બેન્કમાંથી લોનનું વધુ પ્રમાણ મેળવવા તે સ્થાનિક લોકોની તાકાત વધારશે.

- સભ્યો જૂથમાંથી નીકળી જઇ/દૂર થાય તો તેમની બચત તેમણે ઘડેલા માપદંડના આધારે પરત કરવામાં આવશે. સ્થાનિક લોકો કેટલોક ભાગ રાખી મૂકવાનું અથવા યથાયોગ્ય પૂરેપૂરી રકમ પરત કરવાનું નક્કી કરશે.
- જૂથ / સ્થાનિક લોકોનવો સભ્ય લેવાનું નક્કી કરે તો નવા સભ્યોને સમાન બચત લાવવાનું જરૂરી નથી, પરંતુ તેણી જૂથના માપદંડ મુજબ બચત કરવાનું ચાલુ કરશે.

આતરિક ધિરાણ અને પરત ચૂકવણી

સ્વસહાય જુથની બચતમાંથી ઉત્પન્ન થયેલ કોર્પસ (ભંડોળ) વપરાશ, આજીવિકા અને બીજી જરૂરિયાતો અથવા તાત્કાલિક જરૂરિયાતોને પહોંચી વળવા જૂથના વ્યક્તિગત સભ્યોને લોન આપવા માટે વપરાશે.

સભ્ય/સભ્યોને લોન આપવા માટેના નિર્ણય બેઠકમાં લેશે. સ્વસહાય જૂથની બેઠક દરમિયાન, સભ્યોની ધિરાણ જરૂરિયાત જણાવવામાં આવશે અને તેને સમર્થન આપવામાં આવશે. લોનની પાત્રતા નક્કી કરતી વખતે, હાજરીમાં નિયમિતતા, બચત, અગાઉની લોનની પરત ચૂકવણી વિચારણામાં લેવામાં આવશે. જૂથમાં સૌથી વધારે ગરીબ સભ્યોને અથવા તાત્કાલીક જરૂર હોય તેમને લોન અગ્રતાના ધોરણે આપવામાં આવશે.

બે બેઠક વચ્ચે તાકીદની સ્થિતિ ઊભી થાય, તો બધા અથવા ઓછામાં ઓછા જૂથના ૪-૫ સભ્યો સાથે આવશે અને લોન અંગેનો પ્રશ્ન વિચારશે. આવી બધી લેવડ-દેવડ પછીની સ્વસહાય જૂથની બેઠકમાં રેકર્ડના ચોપડામાં નોંધવામાં આવશે.

સામાન્ય રીતે, એક સભ્યને એક સમયે વધુમાં વધુ બે લોન આપવામાં આવશે. તેમ છતાં, તાકીદની સ્થિતિની બાબતમાં, ત્રીજી લોન પણ આપી શકાશે. સામાન્ય રીતે લોનના હપ્તા માસિક હપ્તા તરીકે ચૂકવશે. આદર્શ રીતે, ટૂંકા ગાળાની લોન અને લાંબા ગાળાની લોન માટે વ્યાજના જુદા જુદા દર હોવા જોઇએ નહિ. પરંતુ વ્યાજના દર ઘટતી જતી સિલક પર વધુમાં વધુ વાર્ષિક ૨૪ ટકા (માસિક ૨ ટકા) રહેશે.

લોનની પ્રક્રિયા અગાઉ પરત ચૂકવણીના પત્રકને આખરીરૂપ આપવામાં આવશે અને તે અંગે સ્થાનિક લોકોસાથે પરામર્શ કરવામાં આવશે. હિસાબના ચોપડામાં મુદ્દલ અને વ્યાજ અલગ દર્શાવવામાં આવશે. સંમતિ ચૂકવણી પત્રક પર આધારિત મુદ્દલ અને વ્યાજની રકમ બન્ને ચુકવશે. પરંતુ સ્થાનિક લોકોમાંથી કોઇ જરૂરી રકમ ન આપી શકે, તો વ્યાજ પ્રથમ ચૂકવશે. ઘટતી જતી સિલક પર વ્યાજ ગણવામાં આવશે તેની નોંધ લેવી.

સ્થાનિક લોકોમાંથી કોઇ હપ્તાની ચૂકવણીમાં વિલંબ કરે, તો જૂથે નક્કી કરેલા માપદંડ મુજબ દંડ લેવામાં આવશે.

ચાર અઠવાડિયાથીવધુ સમય સુધી જાણીજોઇને પૈસા પરત ન કરે, તો સ્થાનિક લોકો ઊંચા દરે ચાર્જ કરવાનું નક્કી કરી શકે અને હાલની લોનની પરત ચૂકવણી પૂરી થતાં સુધી સ્થાનિક લોકો સભ્યને દ્વિતીય લોન મેળવવામાંથી બાકાત રાખી શકે. અન્ય સભ્યોના ભારે દબાણ છતાં, સભ્ય પરત ચૂકવણી ન કરે, તો યોગ્ય અને વાજબી લાગે તેવાં પગલાં લેવા ઉપરાંત, બાકી લોન સામે કસૂરદાર સભ્યની બચતનો હિસાબમેળ કરવાનું સ્થાનિક લોકો નક્કી કરી શકશે.

જૂથ તેના સભ્યોને સમગ્ર ફંડ (કોર્પસ) ધીરાણ કરશે નહિ. જૂથનું ૯૦ ટકા કોર્પસ સ્થાનિક લોકોને ધીરવામાં આવશે અને બાકીના ૧૦ ટકા કટોકટીની જરૂરિયાતોને પહોંચી વળવા રાખવામાં આવશે.

બુક કીપીંગ :

રેકર્ડના યોગ્ય ચોપડા જાળવવાથી પારદર્શકતા પ્રાપ્ત થશે અને સ્થાનિક લોકો પર વિશ્વાસ ટકી રહેશે. ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) , પ્રોજેકટ અને બેન્ક સહિત જુદાં જુદાં સંગઠનોને જરૂરી માહિતી રજૂ કરવામાં તે મદદરૂપ પણ થશે. સ્વસહાય જૂથની ચાર બેઠક પછી, સ્થાનિક લોકોગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) / પ્રોજેકટ કચેરી પાસેથી રેકર્ડના ચોપડા માટે વિનંતી કરશે.

સ્વસહાય જૂથ કક્ષાએ નીચેનાં રેકર્ડ જાળવવાના રહેશે:

(ક)કાર્યનોંધ રજિસ્ટર

(ખ) રોકડવહી

(ગ) હાજરી અને બચતની ખાતાવહી

(ઘ) લોન ખાતાવહી

(ચ) સામાન્ય ખાતાવહી

(છ) વ્યક્તિગત પાસ બુક.

જો કે, આ ચોપડા જુદા જુદા તબક્કે દાખલ કરવામાં આવે છે. ચોપડાનો પ્રથમ સેટ- કાર્યનોંધ ચોપડો, રોકડવહી અને બચત ખાતાવહી. તે ચોથી અઠવાડિક બેઠકના અંત સુધીમાં જુથ તે મેળવશે. જુથ અંદરોઅંદર લોન (આંતરિક ધિરાણ) આપવાનું શરૂ કરશે ત્યારે લોન ખાતાવહી દાખલ કરવામાં આવશે. ત્યારબાદ, બીજા ચોપડા દાખલ કરવામાં આવશે.

રેકર્ડના ચોપડા લખવા માટે સભ્યોમાંથી અક્ષરજ્ઞાન ધરાવનારને (જેને મૂળભૂત પ્રાથમિક ગણતરીના હિસાબો તથા લેખિત કૌશલ્ય હોય તેમને) પસંદગી આપવામાં આવશે. આવા સભ્યો બૂકકીપીંગ અંગેની તાલીમ મેળવશે. જૂથમાં અક્ષરજ્ઞાન ધરાવનાર સભ્યો ન હોય, તો સ્થાનિક લોકોનાપૈકી કુટુંબો અને / અથવા સ્થાનિક યુવકને બૂક

કીપર્સ તરીકે પસંદકરવામાં આવશે. પસંદ કરેલી વ્યક્તિને નામાપદ્ધતિ અંગે તાલીમ માટે મોકલવામાં આવશે. પ્રારંભમાં આ હેતુ માટે પ્રોજેકટના કર્મચારીઓમાંથી સહાય માગવામાં આવશે. જૂથ તે વ્યક્તિને રેકર્ડના ચોપડા લખવા માટે વધારાના ફાળા અથવા સ્વૈચ્છિક ફાળામાંથી અને પાછળથી જૂથની ફાજલ રકમમાંથી માનદવેતન ચૂકવવામાં આવશે. વળી, બૂક કીપર્સની સગવડ કરી આપનાર – સીસી/સીએમ વગેરેમાંથી ન હોવા જોઇએ. સિવાય કે તે અનિવાર્ય અને અપવાદરૂપ કેસમાં હોય. સ્થાનિક લોકો સીસી/ સીઆરપી માંથી અનુકુળતા મુજબ સાથે બૂક કીપર્સનક્કી કરશે :

નામાની પ્રક્રિયા નીચેની રીતે હાથ ધરવી

૧. બેઠકની શરૂઆતમાં, અગાઉની બેઠકની હાથ પરની રોકડ રકમ રોકડવહીના રેકર્ડ સાથે સરખાવવી.

૨. સ્વસહાય જૂથની બેઠકમાં બધી ચર્ચા અને નિર્ણયો કાર્યનોંધ રજિસ્ટરમાં પ્રથમ દાખલ કરવામાં આવશે.

૩. કાર્યનોંધ ચોપડામાં લેવડદેવડ નોંધ્યા પછી સ્થાનિક લોકોતેને રોકડવહી અને ખાતાવહીમાં ખતવશે (નોંધાશે).

૪. હાજરીની ખાતાવહી અને વ્યક્તિગત સભ્યોની બચતની લેવડ-દેવડ હાજરી અને બચત રજિસ્ટરમાં ખતવવામાં આવશે.

૫. લોનની પરત ચૂકવણી અને સ્થાનિક લોકોમાંથી કોઇને આપેલી લોન, લોન ખાતાવહીમાં ખતવવામાં આવશે.

૬. સામાન્ય હિસાબનાં સદર અંગેની લેવડ-દેવડની ખતવણી સામાન્ય હિસાબ સદરનાં જે તે ખાતામાં કરવામાં આવશે.

૭. વ્યક્તિગત સભ્યની લેવડ-દેવડની ખતવણી સંબંધિતસભ્યની પાસબુકમાં કરવામાં આવશે.

૮. સ્વસહાય જૂથની બેઠકની સમાપ્તિ અગાઉ,બૂક કીપર્સ અથવા બૂક કીપર્સ ઉપરાંત બીજા કોઇ સભ્ય કાર્યનોંધ ચોપડામાં નોંધેલી બેઠકની કાર્યનોંધ મોટેથી વાંચી સંભળાવશે. બેઠકમાં હાજર રહેલા બધાએ કાર્યનોંધ ચોપડામાં સહી કરશે.

૯. બેઠકના અંતે, ચોપડામાં હાથ પરની બાકી સિલક પ્રત્યક્ષ રીતે મેળવવામાં આવશે. રોકડવહી પર પદાધિકારી અને નામું લખનાર સહી કરશે.

૧૦. રેકર્ડના ચોપડામાં બધી નોંધ તમામ સભ્યોની હાજરીમાં સ્વસહાય જૂથની બેઠક દરમિયાન કરવામાં આવશે. રેકર્ડના ચોપડામાં કોઇ નોંધ સ્વસહાય જૂથની બેઠકની સમાપ્તિ પછી કરવામાં નહિ આવે.

૧૧. સ્વસહાય જૂથના જુથના વ્યક્તિગત સભ્યોની પાસબુકસભ્યો પાસે રાખવામાં આવશે અને બાકીના ચોપડા બૂક કીપર્સની કામગીરી કરતા સ્વસહાય જૂથના સભ્ય પાસે રાખવામાં આવશે.

૧૨. સ્વસહાય જૂથ માસિક ધોરણે **આઇબી/સીબી** પ્રકરણમાં સૂચવેલા માસિક અહેવાલના ફોર્મ મુજબ અહેવાલ મોકલશે.

બચત બેંક ખાતું

સ્વસહાય જૂથનું બચત બેંક ખાતુ તદ્દન નજીકની બેંકની શાખામાં ખોલાવવાનું રહેશે. બેંકનું બચત ખાતું જૂથના નામે ખોલવામાં આવશે.

ત્રણ મહિના /૧૨ અઠવાડિયાની અંદર હાલની સ્વસહાય જૂથની અંદર, જૂથ બેંકમાં બચત બેંક ખાતુ ખોલાવવાનો ઠરાવ કરશે. તેમ છતાં, પ્રક્રિયા ચાર અઠવાડિયા બેઠક પછી શરૂ થશે. બેંકમાં બચત ખાતું ખોલાવવાનો ઠરાવ પસાર કરશે.

૧. પ્રોફેશનલ રીસોર્સ પર્સન/કલસ્ટર કો-ઓર્ડીનેટર બચત ખાતુ ખોલવાનું ફોર્મ ઉપલબ્ધ કરશે.

૨. પ્રોફેશનલ રીસોર્સ પર્સન/કલસ્ટર કો-ઓર્ડીનેટરસ્થાનિક લોકોને ફોર્મ ભરવામાં અને દસ્તાવેજનો ભાગ પૂરો કરવામાં મદદ કરશે.

૩. બેંક ખાતુ ખોલાવવા માટે પદાધિકારીઓની ઓળખાણની સાબિતી અને સરનામાની સાબિતી જોઇશે. સ્થાનિક લોકોના જૂથના બે કે ત્રણ પદાધિકારીના સંયુકતપણે ખાતું કાર્યાન્વિન્ત થશે.

૪. પીઆરપી/એસી/સીસી/પીએફટી અરજી ફોર્મ રજૂ કરવામાં સાથે આવશે.

૫. જૂથ ખાતાની સાથોસાથ સ્થાનિક લોકોમાં જેના પોતાના નામે બચત બેંક ખાતુ ન હોય, તેમને વ્યક્તિગત નામે બેંક ખાતું ખોલાવવાની તક પણ મળશે.

૬. જુથ સમયસર બેંકમાંથી પાસબુક મેળવશેઅને તેને નિયમિત પણે અદ્યતન કરાવશે.

૭. બચત બેંક ખાતુ ખોલાવ્યા પછી, જૂથ તે બેંકમાં ફાજલ (બચત) રકમ જમા કરશે. બચત ખાતામાં રોકડ જમા કરાવ્યા પછી સ્ટેમ્પ લગાડેલું જમા કાપલીનું અડધિયું જમાની સાબિતી તરીકે સલામત કસ્ટડીમાં રાખવામાં આવશે અને ત્યાર પછીની બેઠકમાં હિસાબના ચોપડામાં તેની નોંધ લેવા બૂક કીપર્સને જણાવવામાં આવશે.

૮. બેંકમાં રોકડ જમા કરાવવા માટે, સહી કરનાર સાથે બીજા સભ્યો પણ વારાફરતી બેંકની શાખાની મુલાકાત લેશે. આનાથી બેંક અને બેંકની કામગીરી સમજવામાં જુથના/સંઘના સભ્યોને મદદ થશે.

૯. પાસબુક (ચેક બુક હોય તો તેની સાથે) સ્થાનિક લોકોમાંથી એક જણ રેકર્ડના ચોપડા સાથે સલામત કસ્ટડીમાં રાખશે. (જૂથે નક્કી કર્યા મુજબ).

૧૦. બચત બેંક ખાતામાંથી નાણાં ઉપાડવા માટે સ્વસહાય જૂથની બેઠક દરમિયાન ઉપાડવાની રકમ અને તેના હેતુ અંગે ઠરાવ કરવામાં આવશે. તે પછી સહી કરનાર બેંકમાં જઇ જરૂરી નાણાં ઉપાડશે. આવા બધા ઉપાડની બૂક કીપર્સને હિસાબના ચોપડામાં નોંધ કરવા જણાવવામાં આવશે.

૧૧. જૂથના પ્રતિનિધિઓમાં ફેરફાર થાય ત્યારે જૂથ બેંકને તેની જાણ કરશે અનેસહી કરનારાઓ માટેના ફેરફાર અંગે યોગ્ય કાર્યવાહી કરશે.

સ્વસહાય જૂથનું મૂલ્યાંકન

સ્થાનિક લોકોપૈકીના જૂથ, તેમની કામગીરીના વિશ્લેષણ માટે સ્થાનિક લોક સહાયક/બૂક કીપર્સ અને અન્ય સ્ટાફની સહાયથી સ્વ-આકારણી કરશે. સુધારણા માટે અને જુથનાં લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે આગળ ધપવામાં આ કાર્ય યોજના વિકસાવવામાં જુથને મદદ કરશે :

- ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ)ના ભાગ તરીકે, સ્વસહાય જૂથના તમામ સભ્યોના મૂલ્યાંકન, સમુદાયે, જૂથે,ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) સાથે રહીને તૈયાર કરેલ માસિક પ્રગતિ અહેવાલના આધારે દરમહિને તૈયાર કરવામાં આવશે.
- છ મહિના પછી અથવા બેંક લોન માગતાં પહેલાં, જુથગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) / બેંક મેનેજર/ પ્રોજેકટ સ્ટાફના બાહ્ય મૂલ્યાંકન માટે જુથ તૈયાર રહેશે.
- કોઇ જૂથ સારી રીતે કામ ન કરતું હોય, તો ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના પ્રતિનિધિઓના સભ્યો (સ્વસહાય જૂથ નિયંત્રણ પેટા-સમિતિ) મુલાકાત લેશે અને કામગીરી સુધારવા માટે માર્ગદર્શન આપવામાં આવશે. જરૂરી હોય, તો આવાં સ્વસહાય જૂથને જરૂરી ક્ષમતાનિર્માણ માટે સુચનો(ઇનપુટ) પૂરાં પાડવામાં આવશે.

સ્થાનિક લોક ફંડ

જુદી જુદી જરૂરિયાતોને પહોંચી વળવા સમુદાયને સંસાધનોની જરૂર પડશે. આ જરૂરિયાતોમાં ઘરવપરાશ જરૂરિયાતો, ઉંચા વ્યાજદરવાળી લોનની ચુકવણી, આજીવિકાનું વિસ્તરણ, શિક્ષણ, આરોગ્ય વગેરે જેવી બીજી અગ્રતાઓનો સમાવેશ થાય છે. આ જરૂરીયાતોની સંભાળ લેવા, સમુદાય ફરતું ફંડ (રિવોલ્વીંગ ફંડ), સમુદાય મૂડી-રોકાણ ફંડ (કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) અને સહાયપાત્રતા ઘટાડા ફંડ (વલ્નેરેબીલિટી

રિડ્ક્શન ફંડ) પૂરું પાડવામાં આવશે. તે અનુક્રમે સ્વસહાય જૂથ અને ગ્રામ્ય સંગઠનોને આપવામાં આવશે.

૧. ફરતું ભંડોળ (રિવોલ્વીંગ ફંડ)

સ્વસહાય જૂથનાં આંતરિક ધિરાણ અને મૂડીકરણની પ્રક્રિયાને ઝડપી બનાવવા, રાજ્ય મિશનના કેટલાક માપદંડ પર આધારિત રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૧૫,૦૦૦નું રિવોલ્વીંગ ફંડસ્વસહાય જુથ મેળવશે. જૂથની વિનંતી રજૂ કર્યાના પંદર દિવસની અંદર, રિવોલ્વીંગ ફંડ બેંક ખાતામાં જમા થશે.

સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડની જોગવાઇઓ માટેના માપદંડ નીચે પ્રમાણે છે:

- સ્થાનિક લોકોના સ્વસહાય જૂથમાં ગરીબ કુટુંબોની સૌથી વધારે ગરીબ સ્ત્રીઓનો સમાવેશ થશે.
- જૂથ છેલ્લા ૩-૪ મહિના (૧૨ અઠવાડિયા)થી 'પંચસૂત્ર'ની પાલન કરતું હશે:
  - જૂથ બેઠકમાં સભ્યોની હાજરી ઓછામાં ઓછા ૯૦ ટકા હોવી જોઇએ.
  - જુથ, માપદંડ મુજબ નિયમિત બચત કરશે.
  - નિયમિત રીતે લોન વસૂલ કરી સ્વસહાય જૂથ કક્ષાએ ઓછામાં ઓછા ૯૫ ટકા વસૂલાત જાળવશે.
  - તાલીમબદ્ધ બૂક કીપર્સ રાખવા જોઇએ અને ચોપડા (બેઠકની કાર્યનોંધનો ચોપડો, બચત-સહ-હાજરી રજિસ્ટર, રોકડ-વહી, લોન ખાતાવાહી અને સભ્યોની પાસબુક) નિયમિત રીતે અદ્યતન રાખશે.
- નજીકની બેંકની શાખામાં બચત ખાતુ ખોલાવવું જોઇએ.
- જૂથના બધા સભ્યોને સ્વસહાય જૂથની વિભાવના, જૂથ વ્યવસ્થા અને પંચસૂત્ર અંગે ત્રણ દિવસની સભ્ય કક્ષાની તાલીમ મેળવેલી હોવી જોઇએ.
- જુથનાં તમામ સભ્યોએ વચનબદ્ધ થવું જોઇએ કે ફરતા ફંડનો ઉપયોગ સ્થાનિક લોકોમાં આંતરિક ધિરાણ માટે બચતની જરૂરિયાત મુજબ થશે. રીવોલ્વીંગ ફંડની જોગવાઇ પછી પણ બધી બેઠકોમાં પંચસૂત્ર, વ્યવસ્થા અને નાણાંકીય માપદંડ ચાલુ રાખવા સંમત થવા જોઇએ.

૨. સામુદાયિક મૂડી-રોકાણ ફંડ (કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ-સીઆઇએફ)

જૂથ એકવાર પંચસૂત્ર અપનાવે, વ્યવસ્થા અને સારા નાણાંકીય માપદંડને અનુસરે અને બચત અને ફરતા ફંડના યોગ્ય ઉપયોગનું નિદર્શન કરે, તો સૂક્ષ્મ મૂડી-રોકાણ યોજના/સૂક્ષ્મ યોજના (એમઆઇપી/એમસીપી/ એમપી/ મારફત સીઆઇએફની જોગવાઇ સાથે સ્વસહાય વધારે સહાય મળશે. સ્વસહાય જૂથ આ નાણાંનો ઉપયોગ આજીવિકાની તક અને બીજી જુદી જુદી જરૂરિયાતો

વિસ્તૃત બનાવવા કરશે. આમાંથી જૂથ લોન મેળવી શકશે અને સૂક્ષ્મ ધિરાણ યોજના અનુસાર વ્યક્તિગત રીતે આવકનિર્માણ પ્રવૃત્તિઓ હાથ ધરી સ્વસહાય જુથની આવક વધારી શકશે. તેથી, સામુદાયિક મૂડી-રોકાણ ફંડ (સીઆઇએફ) આજીવિકા અને જીવનની ગુણવત્તા સુધારવા માટે ઉદ્દીપક છે. નાણાં ધિરાણ સંસ્થાઓ પાસેથી નાણાં મેળવીસંઘ વધુ સહાય મેળવી શકશે.

સ્વસહાય જૂથની પાત્રતાના માપદંડમાં એમઆઇપી/એમસીપી/ એમપી પ્રક્રિયા મારફત કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટફંડમાં આ પ્રમાણે વૃદ્ધિ કરવામાં આવશે.

- સ્વસહાય જૂથ નીચેની ભલામણ કરેલી પ્રક્રિયાઓ અનુસાર માઇક્રો ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એમઆઇપી) /માઇક્રો ક્રેડીટ પ્લાન (એમસીપી) / માઇક્રો પ્લાન (એમપી) વિકસાવવું જોઇશે.
- માઇક્રો ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એમઆઇપી) /માઇક્રો ક્રેડીટ પ્લાન (એમસીપી) / માઇક્રો પ્લાન (એમપી)નું મૂલ્યાંકન અને બહાલી મેળવવી જોઇશે.

ઉપરનો માપદંડ સંતોષતા, સ્વસહાય જૂથ સૂક્ષ્મઆયોજન પ્રક્રિયા માફત સીઆઇએફ લોન માટે પાત્ર રહેશે. તેમ છતાં, રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન, પ્રાથમિક કક્ષાનાં સંઘ અને/અથવા ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘ રચવામાં આવે અને કાર્યાન્વિત થયાં હોય ત્યાં સુધી તદ્દન આંતરિક પગલારૂપે અઠવાડિક બેઠકોના છ મહિના પૂરા કર્યા હોય તેવાં સ્વસહાય જૂથને સીધું જ સીઆઇએફ આપી શકશે. પ્રાથમિક કક્ષાનાં છૂટાં ફોરમ (પ્રાથમિક કક્ષાનાં સંઘ રચાયાં ન હોય તો ગામનાં સ્વસહાય જૂથના નેતાઓના ફોરમ અંગે પાંચથી સાત પગલાંને યોગ્ય રીતે અનુસરીને તેના મૂલ્યાંકન માટે રજૂ કરવાં જોઇએ. એમઆઇપી/એમસીપી/એમપીનો અમલ કરવા માટે રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશને મૂલ્યાંકન કરેલ એમઆઇપી/એમસીપી/એમપી અને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ની ભલામણના આધારે સ્વસહાય જૂથને લોન તરીકે સીઆઇએફ આપશે.

પ્રાથમિક કક્ષાનાં સંઘ રચાય ત્યાં, પ્રાથમિક કક્ષાનાં સંઘની કારોબારી સમિતિ, બીએમએમયુ/ડીએમએમયુના પ્રતિનિધિની હાજરી અને/ અથવા ટેકામાં મૂલ્યાંકન કરશે. તે પછી રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન સબંધિત સ્વસહાય જૂથોને આગળ લાવવા માટે સ્થાનિક લોકો,ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ના ખાતામાં લોન તરીકે રકમ છૂટી કરશે. સ્વસહાય જૂથ તરીકે ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ને લીધેલ લોનના હપ્તા પરત કરવાના રહેશે. આ પ્રાથમિક કક્ષાનું સંઘક્લસ્ટર/સેજા

કક્ષાનાસંઘઅસ્તિત્વમાં આવે ત્યાં સુધી ફંડને ફરતું રાખશે.ક્લસ્ટર/સેજા કક્ષાનું સંઘ રચાય, તો ક્લસ્ટર/સેજાકક્ષાના સંઘને મોટા પ્રમાણમાં સ્વસહાય રોકાણ ફંડ મળશે અને તે મૂલ્યાંકન કરેલ સૂક્ષ્મ ધિરાણ યોજનાના આધારે સ્વસહાય જૂથને આપવા માટે ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) ને આ રકમ મંજૂર કરી આપવામાં આવશે.

રાજ્યકક્ષાનું મિશન,સ્થાનિક લોકો - જૂથને સરેરાશ રૂ. ૫૦,૦૦૦ – રૂ. ૬૦,૦૦૦ સૂક્ષ્મ ધિરાણ આયોજનની પ્રક્રિયા મારફત સ્વસહાય જૂથને મૂડી-રોકાણ ફંડને લોન તરીકે પૂરું પાડશે, જેથી સ્વસહાય જૂથમાંના લગભગ ૫૦% સભ્યોને જરૂરિયાત અને અગ્રતાના મુજબ સૂક્ષ્મ ધિરાણ આયોજનમાં લાભાન્વિત કરી શકાય અને બાકીનાસભ્યો વારાફરતી લોન મેળવતા થશે. સ્વસહાય જૂથમાં ગરીબોમાંથી સૌથી વધારે ગરીબ અને સૌથી વધારે સહાયપાત્રતા ધરાવતા / વંચિતને અગ્રતા આપવામાં આવશે. આ મર્યાદા (સ્થાનિક લોકો મૂડી રોકાણ ફંડનું પ્રમાણ) અનુભવ અને સીઆઇએફ લોનની માગ પર આધારિત ક્લસ્ટર/સેજા કક્ષાનાં સંઘ સુધારી શકે છે. પીઆરપી/સીસી/પીએફટી બેઠકોમાં હાજરી આપશે અને સૂક્ષ્મ ધિરાણ યોજના મારફત આરએફ અને સ્થાનિક લોકો મૂડીરોકાણ ફંડનો સંપૂર્ણ ઉપયોગ થાય તે નિશ્ચિત કરવા પ્રક્રિયાને સરળ બનાવશે.

૩. દયનિતા ઘટાડવા માટેનું ફંડ (વલ્નરેબિલીટી રીડક્શન ફંડ)

સ્થાનિક પરિસ્થિતિના સંદર્ભમાં જુદી જુદી સહાયપાત્રતા તેમજ અવલંબન ઘટાડવા માટે સહાયપાત્રતા ઘટાડા ફંડ(વલ્નરેબિલીટી રીડક્શન ફંડ)પ્રાથમિક કક્ષાનાં સંઘને અપાતું ખાસ ફંડ છે. તેમાં અન્ન સુરક્ષા (બીઆરએલપીએસ અન્ન સુરક્ષા નીતિની જોડાણ-૫ તરીકે જોડેલી માર્ગદર્શક સૂચનાઓ) પોષણ, શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા અથવા ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ને સંબધિત અન્ય સહાયપાત્રતાનો સમાવેશ થાય છે. રાજ્યમાં ઉદભવતી વિવિધ વિષમ પરિસ્થિતીઓના પરિપેક્ષ્યમાં ઉત્પન્ન થતી જરૂરિયાતના આધારે રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન(એસ.આર.એલ.એમ.) એ જુદી જુદી નીતિઓ તૈયાર કરવી જરૂરી છે. પ્રાથમિક કક્ષાનું સંઘ તેના સભ્યો અને સ્વસહાય જૂથોની જરૂરિયાતોને ધ્યાનમાં લઇને દયનિયતા ઘટાડવા માટેનું ફંડ (વલ્નરેબિલીટી રીડક્શન ફંડ)ના વપરાશની પ્રક્રિયા નક્કી કરી શકે છે. પ્રાથમિક કક્ષાનું સંઘ સ્વસહાય જૂથ સાથે

પરામર્શ કરી ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) માં દયનિતા ઘટાડવા માટેનું ફંડ માટે સ્વસહાય જૂથ પાસેથી ફાળો લેવાનું નક્કી કરી શકે. સંબંધિત રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશનની નીતિ વિષયક જરૂરિયાતના આધારે જરૂરી દસ્તાવેજો અને અહેવાલ તૈયાર કરી શકાય.

આ ફંડનો ઉપયોગ સ્થાનિક લોકો અને સંઘના અન્ય સભ્યો વિષમ પરિસ્થિતીઓનો સામનો કરવા સહાય પાત્રતા તરીકે અને જોખમ ઘટાડવા માટે કરી શકે છે.

દયનિતા ઘટાડવા માટેનું ફંડ (વલ્નરેબિલીટી રીડક્શન ફંડ) મેળવવું

૧. ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) તરફથી દયનિતા ઘટાડવા માટેનું ફંડ (વલ્નરેબિલીટી રીડક્શન ફંડ)ની માંગ ઉભી થવી જોઇએ.

૨. ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) બેંક ખાતું ધરાવતું હોવું જોઇએ.

સૂક્ષ્મ મૂડીરોકાણ આયોજન/ સૂક્ષ્મ ધિરાણ આયોજન/ સૂક્ષ્મ આયોજન (એમઆઇપી/એમસીપી/ એમપી)

સૂક્ષ્મ મૂડી રોકાણ આયોજન/ સૂક્ષ્મ ધિરાણ આયોજન/ સૂક્ષ્મ આયોજન (એમઆઇપી/એમસીપી/ એમપી)એ આજીવિકાનો ઇતિહાસ, તેમજ આજીવિકાને સ્પર્શતા મુદ્દાઓ (જેવાકે સામાજિક, આર્થિક, હકોને લગતાં, સલામતીને લગતાં વગેરે) તેમજ કુટુંબની જરૂરિયાતો સમજવા માટેની પ્રક્રિયા છે.એમ.સી.પી. કરવા માટે મદદ આપનારે સમગ્ર કુટુંબ સાથે (આદર્શ રીતે) સંવાદ સ્થાપવામાં સરળતા કરી આપવાની રહેશે,અથવા સ્વસહાય જુથનાં સભ્યો કુટુંબના સાથે પોતાની, આવશ્યકતાઓ અને જરૂરિયાતો અંગે ચર્ચા કરવાની રહેશે. મદદ આપનારની ભૂમિકા ફકત ફોર્મ ભરાવવા પુરતી મર્યાદિત રહેશે નહીં. આ સૂક્ષ્મ મૂડી-રોકાણ આયોજન/ સૂક્ષ્મ ધિરાણ આયોજન/ સૂક્ષ્મ આયોજન કુટુંબને અને સ્વસહાય જૂથને કુટુંબ અને જૂથ કક્ષાએ અસર કરતી સમાન સમસ્યાઓને સમજી શકવા સક્ષમ કરશે. તદઉપરાંત, એમઆઇપી/ એમપીપી/ એમપી સામાજિક પ્રશ્નો, આજીવિકા, હકદારી વગેરેને લગતા ઉદ્દભવતા પ્રશ્નોનું સર્વસમંતીનુ ચિત્ર રજૂ કરશે. પ્રોજેકટ સ્ટાફ (બીએમએમયુ) અગાઉથી નિશ્ચિત કરેલ ક્લસ્ટર/સેજા/ ગામના જૂથના એમઆઇપી/ એમસીપી/ એમપીનું વિશ્લેષણ કરી, એમ.આઇ.પી./એમસીપી/ એમપીમાંથી ઉદભવતી જરૂરિયાતોના અનુસંધાનમાં કરવાનાં થતાં હસ્તક્ષેપો નક્કી કરશે. આ હસ્તક્ષેપ સામાજિક કાર્યવાહી, સામાજિક પ્રશ્નો, આજીવિકા, હકદારી ને લગતાં વિષયો વગેરે ક્ષેત્રના હોઇ શકે.

સ્વસહાય જૂથના સભ્યો સૂક્ષ્મ આયોજનની કવાયત(એમ.સી.પી)માં ભાગ લેશે. આ પ્રક્રિયા સ્થાનિક લોકોનાં સંસાધનોને ઓળખવાં,સમજવાં અને સમિક્ષા કરવા, ભવિષ્યમાં આવનાર પડકારોનું વિશ્લેષણ કરવા, જુથની જરૂરિયાતોને સમજવા અને પ્રાપ્ત સંસાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરીને વિષમતાઓને દૂર કરવા ભાવિ આયોજન બનાવાશે. આ પ્રક્રિયા જુથના સભ્યોના આત્મવિશ્વાસમાં વધારો કરશે તેમજ સભ્યોની જીવનની ગુણવત્તા સુધારવા માટેની ક્ષમતામાં વધારો થશે. સ્થાનિક લોકો સંસ્થાઓના નિર્માણ, સશક્તિકરણ તેમજ સંસ્થાઓના સંચાલનનાં ગુણો શીખશેઅને આ પ્રક્રિયા સ્થાનિક લોકોના નાણાકીય વ્યવસ્થાપનનાં કૌશલ્યમાં વધારો કરશે.

એમઆઇપી/એમસીપી/એમપી કરવા માટેની શરૂઆતની પ્રક્રિયા.

- દરેક સ્વસહાય જૂથે રચનાની તારીખથી ઓછામાં ઓછા છ મહિના પૂરા કરેલા હોવા જોઇએ.
- સ્વસહાય જૂથની અંદર પંચસૂત્ર એટલે કે, નિયમિત બચત, હાજરી, નિયમિત આંતરિક ધિરાણ, નિયમિત પરત ચૂકવણી અને તમામ લેવડ-દેવડના હિસાબના ચોપડા નિયત નિયમો અને વિનિયમો અનુસાર હોવા જોઇએ.
- સ્વસહાય જૂથની ઓછામાં ઓછું ૮૦ ટકા ભંડોળ(કોર્પસ) એમઆઇપી/ઓમસીપી/એમપીના વખતે બાકી (સભ્યોને લોન તરીકે ચૂકવેલી) હોવી જોઇએ.
- ઓછામાં ઓછા ૯૫ ટકા પરત ચૂકવણી દરેક ખાતા સભ્યોએ લોન નિયમિત (પુનઃચૂકવણીના સમયપત્રક અનુસાર તે સમયે) ચૂકવેલી હોવી જોઇએ.
- સ્વસહાય જૂથ બેંકમાં બચત ખાતું ધરાવતું હોવું જોઇએ.
- સ્વસહાય જૂથના દરેક સભ્યે એમઆઇપી/એમસીપી/એમપી અંગેની (ઓરીએન્ટેશન) તાલીમ સહિત સ્વસહાય જૂથ અંગેની પ્રાથમિક તાલીમ મેળવેલી હોવી જોઇએ.

એમઆઇપી/એમસીપી તૈયાર કરવા માટેનાં પગલાં (ફોર્મ જોડ્યું છે. જોડાણ-૪)

જૂથ માટે સૂક્ષ્મ આયોજન તૈયાર કરતી વખતે પાંચથી સાત પગલાં અનુસરવાનાં થાય છે. જે નીચે મુજબ છે :

પગથિયુ ૧ : સ્વસહાય જૂથની રૂપરેખા તૈયાર કરવી.

- કુટુંબના સભ્યો અને તેમનો વ્યવસાય.

પગથિયુર : સભ્યો/કુટુંબોની સર્વગ્રાહી માહિતી એકઠી કરવી.

- કુટુંબના સભ્યો અને તેમનો વ્યવસાય.
- અસ્કયામત/ મિલકતો ની વિગત : જમીન, પશુ, મકાનનો પ્રકાર વગેરે
- મળવાપાત્ર હક : જોબકાર્ડ, પીડીએસ, રેશનકાર્ડ, બીપીએલકાર્ડ વગેરે
- કુટુંબની સહાયપાત્રતા
- સભ્યોની આજીવિકા પ્રવૃત્તિઓ અંગે માહિતી એકઠી કરવી.

પગથિયુ -૩ : આવક-ખર્ચ (ઊંચા વ્યાજદરના દેવા સહિત)

- કુટુંબ કક્ષાએ આવક અને ખર્ચના સ્ત્રોત
- જવાબદારી : દેવુ, ગીરો, કરજ(ઉધારી) વગેરે
- કુટુંબની વિગતવાર આજીવિકા રૂપરેખા (આજીવિકાનો માર્ગ સમજવા માટે)

પગથિયુ -૪ : જરૂરિયાતોની પ્રાથમિકતા નક્કી કરવી અને કુટુંબની મૂડી-રોકાણ યોજના

- લોનનો હેતુ
- લોનની જરૂરી રકમ અને કુટુંબનો પોતાનો ફાળો (સભ્યોનો ફાળો, સ્વસહાય જૂથને જરૂરી રકમ)
- કુટુંબની માસિક આવક
- પરત ચૂકવણીનું આયોજન (હપ્તાની સંખ્યા અને કિંમત)
- સ્વસહાય જૂથમાં સભ્યની કામગીરી (બચત, પરત ચૂકવણી અને હાજરી વગેરેમાં નિયમિતતા)
- ક્ષમતા વર્ધનની જરૂરિયાતો : માહિતી, કૌશલ્ય વિકાસ, સંસ્થાકીય સંસાધનો દ્વારા સહાય મેળવવી.

પગથિયુ–૫ : સભ્યોને અગ્રતાક્રમ આપવો- પ્રાથમિકતા લઇ શકાય

- ગરીબ કુટુંબો પૈકી સૌથી વધુ ગરીબ કુટુંબને અગ્રતા આપવામાં આવશે.
- તાત્કાલિક જરૂરીયાતો ધ્યાને લેવી (જેવી કે આરોગ્ય/શિક્ષણ/આબોહવા પરિસ્થિતી)
- પદાધિકારીઓને બદલે સભ્યોને અગ્રતા આપવી.

પગથિયુ -૬ : અગ્રતાક્રમને આધારે જૂથમાં વારાફરતી ધિરાણની યોજના

પગથિયુ -૭ : સ્વસહાય જૂથ અને ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) / ડીએમએમયુ વચ્ચે સમજૂતિ કરાર

એમસીપી/એમઆઇપી/એમપીમાં સમાવિષ્ટ પ્રક્રિયાઓ

એમસીપી/એમઆઇપી/એમપી તૈયાર કર્યા પહેલા:-

- ઉપર દર્શાવેલ માપદંડો મુજબ એમસીપી/એમઆઇપી/ એમપી માટે નિશ્ચિત સ્વસહાય જૂથની પાત્રતા નક્કી કરવી. (પ્રાથમિક કક્ષાનું સંઘ ક્લસ્ટર/સેજા કો-ઓર્ડિનેટૅર, રીસોર્સ પર્સન અને તાલુકાના જવાબદાર અધિકારીની સહાય લઇ આ કામ પૂરું કરશે.
- એમસીપી/એમઆઇપી/એમપી તૈયાર કરવા દરમિયાન બધા સભ્યોની હાજરીની ખાતરી કરવી.
- એમસીપી/એમઆઇપી/એમપી તૈયાર કરવા માટે બેઠકનું આયોજન કરવાનિશ્ચિત સ્થાન નક્કી કરવું.

એમસીપી/એમઆઇપી/એમપી તૈયાર કરવા ના સમયે

નીચે વિગતવાર જણાવેલી પ્રક્રિયા અનુસાર એમસીપી/એમઆઇપી/એમપી તૈયાર કરવામાં ૨-૩ દિવસથી વધારે લાગી શકે :

- સહાયકની જૂથ સાથે એમસીપી/એમઆઇપી/એમપીના ઉદ્દેશ અંગેની ચર્ચા (તેનાથી દરેક સભ્યોની ભાગીદારી નિશ્ચિત થશે).
- જુથના કુટુંબની રૂપરેખા અંગે ચર્ચા (કુટુંબના સભ્યો, શિક્ષણ, આરોગ્યની સ્થિતિ, શારીરિક સ્થિતિ, વ્યવસાય, સંસાધનો, મિલકતો(અસ્કયામતો), જવાબદારીઓ, હકોની ઉપલબ્ધતા, બાકી લેણાં, અન્ન સુરક્ષાના પ્રશ્નો, ખાસ કક્ષા)
- જૂથના સભ્યની રૂપરેખા અંગે ચર્ચા- વર્તમાન પડકારો/પડકારોનો સામનો કરવા દરમિયાન અનુભવાતી મુશ્કેલીઓ નક્કી કરવી.
- દરેકના ભાવિ આયોજન અંગે વિચારોની આપ-લે, તેમજ ચર્ચા-વિચારણા
- જુથના સભ્યોભવિષ્યના કાર્ય આયોજન ને કુટુંબના સભ્યો સાથે બેસી તૈયાર કરશે અને નક્કી કરશે. (તાત્કાલિક અને લાંબા ગાળાનું આયોજન)
- જૂથમાં વ્યક્તિગત સભ્ય અને કુટુંબની ભાવિ આયોજન અંગે ચર્ચા
- સભ્યોના વ્યક્તિગત આયોજનને અગ્રતા.
- સભ્યોનું વ્યક્તિગતઆયોજન (નાણાકીય જરૂરિયાતો, ટેકનિકલ સહાયની જરૂર, કેન્દ્રીયતા સહાય જરૂરિયાતો)ના અમલ માટે જરૂરિયાતોનું સંકલન.
- જૂથ કક્ષાએ સભ્યોની વ્યક્તિગત યોજનાઓની જરૂરિયાતોની અગ્રતા.

- સ્વસહાય જૂથના બધા સભ્યો સાથે અને સ્વસહાય જૂથને જૂથ તરીકે વિગતવાર ચર્ચા કર્યા પછી જ એમસીપી/એમઆઇપી/એમપી ફોર્મમાં સહાયકે બધી વિગતોનો સમાવેશ કરવો.
- જુથે સમિક્ષા અને મંજૂરી માટે ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) અથવા એમસીપી/એમઆઇપી/ એમપીની સમિક્ષા સમિતિને અરજી કરવી જોઇશે.
- સ્વસહાય જૂથ દ્વારા ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) / ક્લસ્ટર/સેજા લેવલ સંઘ/ ડીએમએમયુ તરફથી ફંડની પહોંચ.
- એમસીપી/ એમઆઇપી/એમપી અનુસાર જુથના સભ્યોને ફંડની રકમનું વિતરણ.
- જૂથે ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) / બીએમએમયુને નાણાં મળ્યાના ત્રણ મહિનાની અંદર (યુટીલાઇઝેશન સર્ટીફિકેટ) ઉપયોગિતા પ્રમાણપત્ર (વૈકલ્પિક) રજૂ કરવું.–

સૂક્ષ્મ ધિરાણ આયોજનની સમિક્ષા કરવી

- એમસીપી/એમઆઇપી/એમપી તૈયાર કર્યા પછી, ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ની ગેરહાજરીમાં એમસીપી/એમઆઇપી/ એમપીની સમિક્ષા સમિતિને મોકલવામાં આવશે. પરંતુ પ્રાથમિક કક્ષાનું સંઘ હાજર હોય તો સૂક્ષ્મ આયોજન ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ને મોકલવામાં આવશે. પ્રાથમિક કક્ષાનું સંઘ તેની નીચેના બધા સ્વસહાય જૂથના એમસીપી/એમઆઇપી/એમપી એકત્રિત કરશે.
- ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ)ની ગેરહાજરીમાં એમસીપી/એમઆઇપી/ એમપીનું સમિક્ષા (તાલુકા કક્ષા/ ક્લસ્ટર/સેજા કક્ષાના)૩થીપ પસંદ કરેલા સ્વસહાય જૂથના પ્રતિનિધિઓ સંબંધિત ક્લસ્ટર/સેજાના સીસી/એસી/પીએફટી/બીએમએમયુના પ્રતિનિધિ દ્વારા થશે. જેમાં ડીએમએમયુના પ્રતિનિધિનો પણ સમાવેશ કરી શકાશે.
- બધા સભ્યોની હાજરીમાં નીચેના વિભાગમાં દર્શાવેલા માપદંડ પર આધારિત એમસીપી/એમઆઇપી/એમપીનું સમિક્ષા કરવું.
  - સમિતિએ દર પખવાડિયે નિયત તારીખોએ નિયમિત મળવું.
  - સમિતિએ દરેક પખવાડિયા દરમિયાન તૈયાર કરેલ બધાં એમસીપી/એમઆઇપી/એમપી વિચારણામાં લેવા.

- એમસીપી/એમઆઇપી/એમપીના સમિક્ષા માટે, સ્વસહાય જૂથના નજીકના સ્થળે એમસીપી/ એમઆઇપી/એમપીની સમીતિની બેઠક યોજવી.
- એમસીપી/એમઆઇપી/એમપીની સમિક્ષા પ્રક્રિયા દરમિયાન જે સ્વસહાય જૂથોએ તેમના એમસીપી/એમઆઇપી/ એમપી રજૂ કર્યા છે તેવાં જૂથોના પ્રતિનિધિઓએ ફરજિયાત હાજર રહેવું.

સમિક્ષા માટે માપદંડ

- માહિતી સાચી છે કે ખોટી તે તપાસ કરવી.
- તૈયારી દરમિયાન દરેક સભ્યની ભાગીદારી નિશ્ચિત કરવી.
- જૂથના સૌથી વધારે ગરીબોની જરૂરીયાતોની અગ્રતા પર યોગ્ય ભાર મૂકવો.
- જૂથના બધા સભ્યોમાં મૂડી-રોકાણ આયોજનનો અમલ કરવાનાં કૌશલ્ય અને જાણકારી હોવાં જોઇએ.
- સભ્યોનો ફાળો શું છે? (નાણાં/શ્રમ વગેરે)

  ઉપરના માપદંડના આધારે સૂક્ષ્મ આયોજનની સમિતિ સમુદાયી મૂડી-રોકાણ ફંડ (સી.આઇ.એફ) છૂટું કરવા માટે ડીએમએમયુને સૂક્ષ્મ ધિરાણ આયોજન સમિતિની ભલામણના આધારે ડીએમએમયુ સ્વસહાય જૂથને સીધાંજ નાણાં છૂટાં કરશે.

સૂક્ષ્મ ધિરાણ આયોજન પછી

- ○ પ્રાથમિક કક્ષાનું સંઘ અસ્તિત્વમાં ન હોય, તો એમસીપી/એમઆઇપી/એમપી સમિક્ષા સમિતિ સૂક્ષ્મ આયોજન સામે સીઆઇએફના યોગ્ય ઉપયોગ નક્કી કરશે અને બીએમએમયુને ઉપયોગિતા પ્રમાણપત્ર(યુટીલાઇઝેશન સર્ટીફિકેટ) (વૈકલ્પિક) રજૂ કરશે.
- ○ પ્રાથમિક કક્ષાનું સંઘ હોય, તો સ્વસહાય જૂથ નિયંત્રણ પેટા-સમિતિ સૂક્ષ્મ આયોજન સામે સીઆઇએફના યોગ્ય ઉપયોગનક્કી કરશે અને બીએમએમયુને ઉપયોગિતા પ્રમાણપત્ર(યુટીલાઇઝેશન સર્ટીફિકેટ) (વૈકલ્પિક) રજૂ કરશે.
- ○ રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશનની જરૂરિયાત પર આધારિત બીએમએમયુ/ ડીએમએમયુને સીઆઇએફ પર સ્વસહાય જૂથ/ ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) પાસેથી ઉપયોગિતા પ્રમાણપત્ર(યુટીલાઇઝેશન સર્ટીફિકેટ) વૈકલ્પિક છે.

નાણાંનો પ્રવાહ અને વ્યવસ્થા

રિવોલ્વીંગ ફંડ : ઉપર દર્શાવેલા માપદંડના આધારે તમામ પાત્ર સ્વસહાય જૂથનેરિવોલ્વીંગ ફંડ આપવામાં આવશે. તેમાં બે પરિસ્થિતિ રહેશે :

(ક) પ્રાથમિક કક્ષાનું સંઘ અસ્તિત્વમાં હોય, તો –

- ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) અને ડીએમએમયુ તથા ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) અને સ્વસહાય જૂથ વચ્ચે સમજૂતી કરાર રહેશે. (સમજુતી કરાર બીડયું છે.)
- જુથે અનામત ફંડમાંથી વિતરણ કરવાની લોન માટે જરૂરિયાત અને ઉપયોગિતા(વપરાશ)ની ચકાસણી કરશે.
- ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ની લોન સમિતિ અરજીઓની ચકાસણી કરશે. આ સમિતિ ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) અને બીએમએમયુ/પીએફટી/પીઆરપી(રીસોર્સ પર્સન) ના સભ્યોની બનેલી રહેશે. પંચસૂત્ર આકારણીનો આધાર બનશે.
- ચકાસણીના આધારે, પ્રાથમિક કક્ષાનું સંઘ લોનની અરજી મંજૂર કરી રિવોલ્વીંગ ફંડની મંજૂરી માટે તે ડીએમએમયુને મોકલશે.
- ડીએમએમયુ ખાતે જિલ્લા લાઇવલીહુડ મેનેજર ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ને રિવોલ્વીંગફંડ છૂટું કરશે.
- પ્રાથમિક કક્ષાનું સંઘ ડીએમએમયુ (જિલ્લા) તરફથી મળેલાં નાણાંને સાત દિવસની અંદર સ્વસહાય જૂથને આપશે.
- બચત બેંક ખાતામાંથી ત્રણ દિવસની અંદર રકમ ઉપાડીને હાલના જૂથ ભંડોળ(કોર્પ) સાથે સમાન ભંડોળ(કોર્પસ) બનાવાશે.
- સ્વસહાય જૂથ લોન મળ્યાના એક અઠવાડિયાની અંદર સભ્યોને તે દરમિયાન કંઇક આકસ્મિક જરૂરિયાત ઉભી થાય તે સિવાય અગ્રતાક્રમ/ ધીરાણ આયોજન(ધિરાણ આયોજન) મુજબ લોનનું વિતરણ કરશે.

(ખ) પ્રાથમિક કક્ષાનું સંઘ અસ્તિત્વમાં ન હોય તો –

- સ્વસહાય જૂથ (તાલુકા કક્ષા) બીએમએમયુને રિવોલ્વીંગ ફંડ છૂટું કરવા વિનંતી કરશે.
- વિનંતીના આધારે (જિલ્લા કક્ષા)ડીએમએમયુ સ્વસહાય જૂથના બેંકના ખાતામાં પ્રત્યક્ષ રીતે નાણાં છૂટાં કરશે.
- જુથ ત્રણ દિવસની અંદર બચત બેંક ખાતામાંથી રકમ ઉપાડીને હાલના જૂથ ભંડોળ (કોર્પસ) ઉપરાંત સામાન્ય ભંડોળ (કોર્પસ)બનાવાશે.
- આ દરમિયાન કોઇક આકસ્મિક જરૂરિયાત ઊભી થાય તે સિવાય, સ્વસહાય જૂથ તેના સભ્યોને તે જ દિવસે / પછીના દિવસે (બેંકમાંથી ઉપાડ્યા તારીખે) અગ્રતાક્રમ/ ક્રેડિટ પ્લાન અનુસાર રકમની વહેંચણી કરશે. તેમાં કોઇ ફેરફાર થાય તે સ્વસહાય જૂથની કાર્યનોંધના ચોપડામાં દર્શાવવામાં આવશે.

નોંધ :રિવોલ્વીંગ ફંડ સ્વસહાય જૂથની ગ્રાન્ટ છે. તેમ છતાં, રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન તેમનાં જરૂરિયાત અને અનુભવના આધારે તે ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) મારફત/ ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) સિવાય તે ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ખાતે જોગવાઇ હોય કે નહિ તેમ છતાં પણ તેનું સંચાલન કરવા માળખું ગોઠવી શકે.

સામુદાયિક ફંડ : લાયકાતનો માપદંડ સંતોષતું દરેક સ્વસહાય જૂથ એમસીપી/ એમઆઇપી/ એમપી પ્રક્રિયા મારફત સીઆઇએફ(કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ)લોન માટે હકદાર રહેશે. સીઆઇએફ(કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) ને એમસીપી/એમઆઇપી/એમપી પ્રક્રિયા મારફતે સ્વસહાય જૂથ સુધી પહોંચાડવાના ત્રણ તબક્કા રહેશે.

(૧) સીઆઇએફ સીધાંજ સ્વસહાય જૂથને છૂટું કરવું

સીઆઇએફ(કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ)ને સીધાંજ જૂથ માટે ત્યારેજ છૂટું કરી શકાય જ્યારે પ્રાથમિક કક્ષાનું સંઘ કે ક્લસ્ટર/સેજા કક્ષાનું સંઘ રચાયુ ન હોય અને શરૂઆત ન હોય. સ્વસહાય જૂથ એમસીપી/એમઆઇપી/એમપી પ્રક્રિયાને યોગ્ય રીતે અનુસરીને (એમસીપી/એમઆઇપી/એમપી) સુક્ષ્મ ધીરાણ આયોજન સમિક્ષા સમિતિને રજૂ કરશે. જૂથના એક/બે પ્રતિનિધિ અરજીના સમિક્ષા દરમિયાન હાજર રહેશે. ભલામણના આધારે જિલ્લા એકમ, એમસીપી/એમઆઇપી/એમપી (સૂક્ષ્મ આયોજન) તૈયાર કરશે અને સીઆઇએફને સ્વસહાય જૂથની બેઠકમાં સૂક્ષ્મ આયોજનના આધારે એમસીપી/એમઆઇપી/એમપીમાં હસ્તક્ષેપ કરવા માટે અગ્રતાના ધોરણે જુથની જરૂરીયાત મુજબની લોન મેળવી શકે બાકીના સભ્યો વારાફરતી લોન મેળવશે. ધિરાણની વહેંચણી અને પરત ચૂકવણી આયોજનની નોંધ બેઠકની કાર્યનોંધમાં નોંધવામાં આવશે.

પરત ચૂકવણી બાબતમાં – પરત ચૂકવણી માટે નીચેની કોઇ એક પદ્ધતિ બેઠકની કાર્યનોંધમાં નોંધવી.

(ક) જુથ (કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ)સીઆઇએફનાં ઉપયોગ કરવાનું ચાલુ રાખી તેને જુથમાં ફરતું રાખશે, તથા પરત ચૂકવણી સૂચિ મુજબ કરશે. પ્રાથમિક કક્ષાના ફેરડરેશનને પરત ચૂકવણી તેની રચના પછી એક મહિનાની અંદર શરૂ થશે.

(ખ) પરત ચૂકવણીની અનુસૂચિ મુજબ મુદ્દલ અને વ્યાજની રકમ એકઠી કરીને સ્વસહાય જૂથની બચતમાં સાથે મૂકાશે અને આંતરિક -લોન માટે તેનો ઉપયોગ

કરાશે નહિ. એકવાર પ્રાથમિક કક્ષાનું સંઘ રચવામાં આવતાં, મળેલી રકમ એક વખતમાં પ્રાથમિક કક્ષાના ફડરેશનના ખાતામાં તબદિલ કરવામાં આવશે.

(૨) **ગ્રામ્યસંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ– પીઆરએલએફ) અને ક્લસ્ટૅર કક્ષાના સંઘ મારફત સ્થાનિક લોકોનું મૂડી-રોકાણ ફંડ (સીઆઇએફ)આપવું:**

પ્રાથમિક કક્ષાનું સંઘ અસ્તિત્વમાં હોય, તો સ્વસહાય જૂથે તૈયાર કરેલ એમસીપી/એમઆઇપી/એમપીનું પ્રાથમિક કક્ષાનું સંઘ સમિક્ષા કરી તેને મંજૂર કરશે (તાલુકા એકમ/ જિલ્લા એકમના અંદર અને પ્રાથમિક હાજરીમાં અને/ અથવા સહાયથી) સાત દિવસની અંદર તથા ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ને (કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) સીઆઇએફ છૂટું કરવા માટે (જિલ્લા કક્ષાએ) ડીએમએમયુને મોકલવામાં આવશે. સમિક્ષા કરેલ અને મંજૂર કરેલ એમસીપી/એમઆઇપી/ એમપી સાત દિવસની અંદર ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ને (કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) સીઆઇએફનું વિતરણ કરવા સ્વસહાય જૂથને આપવા માટે લોન તરીકે છૂટું કરશે. વળી, જૂથ બેઠક દરમિયાન સભ્યોમાંથી જે કોઇને લોનની જરૂર હોય તેને તે રકમ ચૂકવશે.

પરત ચૂકવણી અંગે

પરત ચૂકવણી માટેસ્થાનિક લોકો નીચેનામાંથી કોઇ પણ પદ્ધતિ અપનાવશે

(ક) સ્થાનિક લોકો (કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) સીઆઇએફનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે અને તેને સ્વસહાય જૂથમાં ફરતું રાખશે. સ્વસહાય જૂથ પરત ચૂકવણીની સૂચિ અનુસાર સ્થાનિક લોકોને તેની પરત ચૂકવણી કરશે. સીઆઇએફને ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘને ક્લસ્ટર/સેજા કક્ષાનું સંઘ રચાઇ જાય તેના પછીના મહિનાથી ક્લસ્ટર/સેજા કક્ષાના ફેડરશેનને પરત ચૂકવણી શરૂ થશે.

(3) ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘ મારફત (કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ)સીઆઇએફ આપવું

ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘને રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન તરફથી મોટી રકમ, ટોચ-મર્યાદાને આધીન અને હપ્તામાં મળશેક્લસ્ટર/સેજા કક્ષાનું સંઘ બદલામાં આ રકમ મંજૂર કરી સમિક્ષા કરેલ એમસીપી/એમઆઇપીના આધારે સ્વસહાય જૂથને છૂટી કરવા ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ને મોકલશે. એમસીપી/એમઆઇપી/એમપીની શરતો અનુસાર, પ્રાથમિક કક્ષાનું સંઘ સીઆઇએફને હપ્તા પરત ચૂકવશે. <u>આખરે તો</u>

સીઆઇએફક્લસ્ટર/સેજા કક્ષાના સંઘની ગ્રાન્ટ છે. તેમ છતાં, આ પ્રાથમિક કક્ષાનાં સંઘ, સ્વસહાય જૂથ અને સભ્યોને લોન જ છે. નાણાંનો ઉપયોગ, હપ્તાની પરત ચૂકવણી અને વ્યાજના દર સ્થાનિક લોકો સંસ્થાઓની જુદી જુદી કક્ષાએ નાણાંના ઉપયોગ અને સીઆઇએફની વ્યવસ્થાનું માળખું (સૂચિત પરત ચૂકવણી અને આજીવિકા ફંડ પરના લાગુ પડતા વ્યાજના દર નીચે મુજબ છે):



જુદી જુદી કક્ષાએ ફંડનો અને પરત ચૂકવણીનો ટૂંકાણમાં ખુલાસો

જુથના સભ્યો સ્વસહાય જૂથ પાસેથી ૧૨ ટકાના વાર્ષિક દરે(કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) સીઆઇએફ લોન મેળવશે અને વધુમાં વધુ ૨૪ હપ્તામાં તેને પરત ચૂકવવાની રહેશે.

- સ્વસહાય જૂથ ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) પાસેથી ૯ ટકાના વાર્ષિક વ્યાજ દરે સીઆઇએફ લોન મેળવશે અને વધુમાં વધુ ૬૦ હપ્તામાં તેને પરત ચૂકવવાની રહેશે.
- પ્રાથમિક કક્ષાનું સંઘ ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘ પાસેથી ૬ ટકાના વાર્ષિક વ્યાજ દરે સીઆઇએફ લોન મેળવશે અને તેને વધુમાં વધુ ૧૨૦ હપ્તામાં પરત ચૂકવવાની રહેશે.

ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘને કરેલા વ્યાજના ચાર્જ અને ચાર્જ કરેલ વ્યાજ દર અને સ્વસહાય જૂથ અને ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) કક્ષાના

પરત ચૂકવેલ વ્યાજ દર, સ્થાનિક લોક કર્મચારીના સેવા ચાર્જ/મહેનતાણું/ સંસ્થાઓ જાળવવા અને ટકાવી રાખવા માટે કરવામાં આવશે. ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ની રચના થાય અને તે કાર્યરત બને ત્યાં સુધી સ્થાનિક લોકો ના સ્વસહાય જૂથ ભંડોળ, સભ્યોની ધિરાણ જરૂરિયાત પૂરી પાડવા અને સ્વસહાય જૂથના બચત બેંક ખાતામાં રકમ રહેશે. તે જ રીતે ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘની રચના થતાં સુધી, સ્થાનિક લોકોની પ્રાથમિક કક્ષાનું સંઘ, તમામ સભ્ય સ્વસહાય જૂથની ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવા, સ્થાનિક લોકોનું પ્રાથમિક કક્ષાનું સંઘ (કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ) સીઆઇએફ ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ની અંદર ફરતું રાખશે. સંઘની અંદર નાણાંનો પ્રવાહ ખૂબ વધારવો જોઇશે. તેનો અર્થ એ થાય કે કોઇ સંઘ પાસે ઉપલબ્ધ નાણાં સભ્યો/ સ્વસહાય જૂથ/ પ્રાથમિક કક્ષાનાં સંઘ સાથે નિયમિત ફરતાં રાખવાંના રહેશે. નિષ્ક્રિય નાણાં શક્ય હોય તેટલાં ઓછાં રાખવાં.

બેંક ક્રેડીટ /ધીરાણ લીંકેજ

આજીવિકા સ્થિર રાખવા, સ્થાનિક લોકોના સ્વસહાય જૂથના દરેક સભ્યને હવે પછીનાં ૪-૬ વર્ષો દરમિયાન એક થી વધુવાર આશરે રૂ. ૧ લાખ જોઇશે. સ્વસહાય જૂથે પંચસૂત્રને અનુસરવામાં શિસ્તબદ્ધ રહેવું પડશે. બેંક લીંકેજ મેળવતા પહેલાં જૂથે તાલીમ મેળવવી જોઇશે.

સ્વસહાય જૂથ કક્ષાના ક્રેડીટ /ધીરાણ લીંકેજ માટેની તૈયારી

- સ્વસહાય જુથ બેઠકમાં નાણાંની જરૂરીયાત અંગે ચર્ચા કરશે તથા ઉપલભ્ધ નાણાંનો ઉપયોગ ગણતરીમાં લેશે. એટલે કે, સભ્યોએ અધિકતમ નાણાં ફરતાં રહે અને તેનો ઉપયોગ કરે (એટલે કે જૂથ ફંડના ૮૦ ટકા બાકી લોન માટે અને ૭૦ ટકા સભ્યોએ લોનનો ઓછામાં ઓછું એકવાર સ્વસહાય જૂથની લોનનો ઉપયોગ કરેલો હોવો જોઇએ).
- બેંકની લોન અંગેની ચર્ચા અને નિર્ણયની રજીસ્ટર માં નોંધ કરવી અને અંદાજીત ધિરાણ માંગની સાથોસાથ ઠરાવ પસાર કરવામાં આવશે.
- સ્વસહાય જૂથની પંચસૂત્રના આધારે ક્રેડીટ /ધીરાણ લીંકેજમાટે તૈયારી તપાસવાઆંતરિક ચકાસણી કરશે.
- ધિરાણ માટે સરળ દરખાસ્ત તૈયાર કરવામાં આવશે. એમસીપી/એમઆઇપી/ એમપીને સમય સુધીમાં તૈયાર થઇ જાય, તો તેનો ઉપયોગ ક્રેડીટ /ધીરાણ લીંકેજ હેતુ માટે કરવામાં આવશે.
- પીઆરપીએસ/એસી/પીએફટી/બેંક મિત્ર સ્થાનિક લોકોને લોન અરજી ફોર્મ આપશે.

- પીઆરપીએસ/એસી/પીએફટી/બેંક મિત્ર અરજી ફોર્મ ભરવામાં અને તમામ જરૂરી દસ્તાવેજો પૂરા કરી આપવામાં મદદરૂપ થશે.
- ભરેલી અરજી સંબંધિત શાખાને મોકલવી તે પીઆરપી/એસી/પીએફટીની મહત્વની જવાબદારી છે. તેમ છતાં, સ્થાનિક લોકો ફોર્મ રજૂ કરવા દરમિયાન સભ્યની સાથે રહેશે. આપેલી અરજીના બદલે બેંકની શાખા રસીદ આપશે.
- ક્લસ્ટર/સેજા અને બીએમએમયુ અરજી મંજૂર કરાવવા માટે બેંક શાખા સાથે સતત સંપર્કમાં રહેશે.
- ડીએમએમયુ અને બીએમએમયુ અરજી રજૂ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર લોન મંજૂર થાય તે નક્કી કરશે.
- એકવાર લોન મંજૂર થતાં, સ્થાનિક લોકો કામકાજના ત્રણદિવસની અંદર જુથના લોન ખાતામાંથી નાણાં ઉપાડશે.
- જુથ બેંકને નિયમિત રીતે હપ્તા પરત ચુકવશે.
- અગાઉની લોન બાકી હોય છતાં જુથ બેંકની શાખાને ધિરાણની વિનંતી રજૂ કરી શકશે.

ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ની કામગીરી :

- સ્વસહાય જૂથ સંઘને તેની ક્રેડીટ /ધીરાણ લીંકેજ ની જરુરિયાત ની અગાઉથી જાણ કરશે.
- સંઘ જૂથ, ક્રેડીટ/ધીરાણ લીંકેજ માટેની તૈયારી જોશે તેમજ તેનો ચકાસણી અહેવાલ ધ્યાનથી વાંચી જશે.
- સ્થાનિક લોકોના વિશિષ્ટ વ્યક્તિ દ્વારા લોન અરજી પૂરી કરવા માટે સ્વસહાય જૂથને સરળતા કરી આપવામાં આવશે.
- સ્થાનિક લોકોના બેંકના લોન ખાતામાંથી વિતરણ કરેલી રકમ જૂથે ઉપાડી છે કે કેમ તેના પર નજર રાખવાની જવાબદારીસ્થાનિક લોકોની રહેશે.
- ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) ની પેટા-સમિતિ/ સ્થાનિક લોકો કર્મચારી રોકીને નાણાંના ઉપયોગ અને પરત ચૂકવણી પર પણ દેખરેખ રાખશે.
- સભ્યો જાણીજોઇને પુનઃ ચુકવણી ન કરે, તો સંબંધિત સભ્યો પાસેથી તેની વસૂલાતમાં સ્થાનિક લોકો તેનાં જૂથને મદદ કરશે.

ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘની ભૂમિકા

- સમુદાયે બેંકવાર પ્રગતિ અહેવાલ એકત્રિત કરી રજૂ કરવો જોઇશે અને તેના સ્વસહાય જૂથ અને બેંક લીંકેજની સ્થિતિ અંગે તાલુકા કક્ષાની બેંક સમિતિ (બીએલબીસી)માં માગ કરવી જોઇશે.
- ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘ કક્ષાએ ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) વાર, ક્રેડીટ /ધીરાણ લીંકેજ માટે પાત્ર સ્વસહાય જૂથની સંખ્યા બાબતમાં લોન મંજૂર કરવી અને પરત ચૂકવણીની સંખ્યા તેમજ ક્રેડીટ/ધીરાણ લીંકેજની વગેરેની દેખરેખગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) વાર ક્લસ્ટર/સેજા લેવલ સંઘ રાખશે..
- સ્વસહાય જૂથનાં બધા સભ્યો જીવન વીમો અને મિલકત વીમો મેળવે તે માટે સ્થાનિક લોકો સગવડ આપશે.
- સ્થાનિક લોકો બેંક મિત્રની ઓળખ કરી અને કામગીરી માટે ક્ષેત્રની યોગ્ય બેંક શાખામાં નિયુક્તિ કરશે.

તાલુકા કક્ષાની બેંકર-સમિતિ (બીએલબીસી)કક્ષાએ

- પ્રાથમિક કક્ષાનાં સંઘ અને ક્લસ્ટર/સેજા કક્ષાનાં સંઘના પ્રતિનિધિઓ તાલુકા કક્ષાનીબેંકરસમિતિના સભ્ય હોય છે અને નિયમિત રીતે બેઠકમાં હાજર રહેશે.
- બેંકવાર ત્રિમાસિક પ્રગતિ અહેવાલ તાલુકા કક્ષાનીબેંકર સમિતિમાં રજૂ કરવામાં આવશે.
- ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) / ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘની બેઠકમાં હાજરી આપવા સ્થાનિક લોકો શાખા વ્યવસ્થાપક/ અધિકારીઓને આમંત્રણ આપશે.

જિલ્લા કક્ષાની પરામર્શ સમિતિની પેટા-સમિતિમાં (ડીએલસીસી)

- સ્થાનિક લોકોના ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘના પ્રતિનિધિ એ પેટા-સમિતિના સભ્ય રહેશે.
- સ્થાનિક લોકો બેંકવાર પ્રગતિ અહેવાલનું એકત્રીકરણ કરશે તે રજૂ કરશે.
- જે વિષયો અંગે તાલુકા કક્ષાની બેંકર સમિતિ(બીએલબીસી) કક્ષાએ સમાધાન ન થયું હોય તે વિષયો અંગે ચર્ચા થશે.
- સ્થાનિક લોકો તેના ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘની બેઠકમાં ભાગ લેવા એલડીએમ/ડીડીએમ અને અન્ય બેંકરોનેપણ વિનંતી કરશે.

નાણાકીય સમાવેશને લગતો સ્થાનિક લોક કર્મચારી (કોમ્યુનિટી કેડર)

- સંઘ માટે નાણાકીય સમાવેશ પ્રક્રિયા ચલાવવા આ સંવર્ગો બનાવવામાં આવ્યા છે.

સ્વસહાય જૂથ કક્ષાનો કર્મચારી : સ્વસહાય જૂથ બુક કીપર ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) કક્ષાનો કર્મચારી- ગ્રામ્ય સંઘ (પ્રાથમિક કક્ષાના સંઘ – પીઆરએલએફ) કક્ષાનો બુક કીપર, સૂક્ષ્મ ધિરાણ યોજના/ સૂક્ષ્મ મૂડી-રોકાણ આયોજનના તાલીમ આપનાર, ક્રેડીટ /ધીરાણ લીંકેજ માટે સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ (સીઆરપી) (સૂક્ષ્મ મૂડી-રોકાણ આયોજનની તાલીમ આપનાર અને સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ (એમઆઇપી તાલીમ આપનાર અને સીઆરપી- ક્રેડીટ /ધીરાણ લીંકેજ એક જ વ્યક્તિ હોઇ શકે) - ક્લસ્ટર/સેજા કક્ષાના ફેડરશેન કક્ષાનો કર્મચારી-ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘ કક્ષાના બુક કીપર , બેંક મિત્ર, સ્થાનિક લોકો લેખાજોખા.

કાર્યો

- સ્વસહાય જૂથ કક્ષાનો કર્મચારી (કેડર) :
  - સ્વસહાય જૂથ કક્ષાનો બુક કીપર - સ્વસહાય જૂથના હિસાબના ચોપડા જાળવનાર.
- પ્રાથમિક કક્ષાનું સંઘ કક્ષાનો કર્મચારી :
  - પ્રાથમિક કક્ષાનું સંઘ બુક કીપર - તેમના સંબંધિત સ્વસહાય જૂથ/જૂથો અને/અથવા પ્રાથમિક કક્ષાનું સંઘ.
  - સૂક્ષ્મ ધિરાણ આયોજન/સૂક્ષ્મ મૂડી-રોકાણ આયોજનની તાલીમ આપનાર- સ્વસહાય જૂથ ખાતે સૂક્ષ્મ ધિરાણ યોજના/ સૂક્ષ્મ મૂડી-રોકાણ યોજના તૈયાર કરવામાં સરળતા કરી આપશે.
  - બેંક લીંકેજ માટે સ્થાનિક લોકોની જાણકાર વ્યક્તિ- ફોર્મ ભરીને પ્રસ્તુત દસ્તાવેજ વગેરે એકઠાં કરીને બેંક લીંકેજ માંસરળતા કરી આપશે.
- **ક્લસ્ટર/સેજાકક્ષાના સંઘ કક્ષાનો કર્મચારી** :
  - ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘ કક્ષાનો બુક કીપર- ક્લસ્ટર/સેજા કક્ષાએ રેકર્ડના ચોપડા જાળવે .
  - બેંક મિત્ર- બેંકનાં ખાતાં ખોલવામાં અને સ્વસહાય જૂથ દ્વારા બેંકની કોઇ લેવડ-દેવડમાં સહાય.

- બેંક મિત્ર- સેવાઓ પૂરી પાડવામાં જુદી જુદી સહયોગી પ્રોડકટ લાઇન (શૈક્ષણિક લાયકાત વગેરે) વિશે સભ્યોને જાણ કરવી. તેમનેક્લસ્ટર/સેજાવાર ફાળવશે.
- સ્થાનિક લોકો લેખાજોખા ૨- સ્વસહાય જૂથની વચગાળાની નાણાંકીય પ્રવૃત્તિઓનું લેખાજોખા અને લોનના ઉપયોગ પર નિયંત્રણ –

તાલીમ

સ્વસહાય જૂથ કક્ષાએ

તાલીમનું નામ	કોના માટે	વિગત	સમયગાળો	તાલીમ આપનાર/ જાણકાર વ્યક્તિ
નાણાકીય સમાવેશ વિષય પર ઓરીએન્ટેશન	સ્વસહાય જૂથના સભ્ય	બચત, આંતરિક લોન, પરત ચૂકવણી બેંક ખાતું ખોલાવવું રેકર્ડના ચોપડા	૧ દિવસ	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકો કર્મચારી
નામાપદ્ધતિ(બૂક કીપીંગ)	સ્થાનિક લોકો સંવર્ગો (નાણાકીય સમાવેશ)	બેંક ખાતાની વિગતો- ખાતું ખોલાવવું, બેંક કડી	૩-૭ દિવસો	મુખ્ય બુક કીપર / પ્રોજેકટ સ્ટાફ/સ્થાનિક લોકો કર્મચારી
બેંક ખાતું ખોલાવવું અને બેંક લીંકેજ	સ્થાનિક લોકો કેન્દ્ર (નાણાકીય સમાવેશ)	બેંક ખાતું ખોલાવવા અને બેંક લીંકેજનીવિગતો	જુદા જુદા તબક્કે ૩-૭ દિવસ	પ્રોજેકટ સ્ટાફ/ બેંકર
સુક્ષ્મ ધિરાણ આયોજન/ સૂક્ષ્મ મૂડી	સ્વસહાય જૂથના સભ્ય	એમસીપી/ એમઆઇપીની તૈયારી અને	૧ દિવસ	પ્રોજેકટ સ્ટાફ સ્થાનિક લોકો કર્મચારી

રોકાણ આયોજન વિશે ઓરીએન્ટેશન		અંતિમ રૂપ		
બેંક કડી સંસ્કરણ અને દૃષ્ટિ (બેંક લીંકેજ)	સ્વસહાય જૂથના સભ્ય	બેંક લીંકેજ અંગે જાગૃતિ અને ચુકવણીનું સમયપત્રક	૧ દિવસ	પ્રોજેકટ સ્ટાફ સ્થાનિક લોકો કર્મચારી
સૂક્ષ્મ ધિરાણ આયોજન/ સૂક્ષ્મ મૂડી રોકાણ આયોજન તૈયાર કરવી	સ્વસહાય જૂથના સભ્ય	એમસીપી/ એમઆઇપી તૈયાર કરવી અને તેને આખરી રૂપ આપવું	૩ દિવસ	ઉપર મુજબ
એકસપોઝર મુલાકાત (જરૂરિયાત આધારિત)	બુક કીપર / સ્વસહાય જૂથના સભ્ય	બેસ્ટ પ્રેક્ટાઇસ(ઉત્તમ પ્રથાઓ)	૧ દિવસ	ઉપર મુજબ
સૂક્ષ્મ ધિરાણ આયોજનને સરળ બનાવવા માટે તાલીમ	સ્થાનિક લોક કર્મચારી	એમસીપીને સગવડ આપવી/ એમઆઇપી તૈયાર કરવી/ સમિક્ષા	૫-૭ દિવસ	ઉપર મુજબ
પ્રાથમિક કક્ષાના સંઘ (પીઆરએલએફ) કક્ષાએ તાલીમ				
નાણાકીય જાણકારી	પીઆર એલએફ સભ્ય	બચત બેંક ખાતુ ખોલાવવું. બેંક લીંકેજ, નાણાંનું વ્યવસ્થાપન	૧ દિવસ	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકો કર્મચારી
બૂક કીપીંગ	પ્રાથમિક કક્ષાનું સંઘનું	રેકર્ડના	જુદા જુદા	ઉપર મુજબ

	બુક કીપર	ચોપડા, એકસપોઝર	તબક્કામાં ૧૪ દિવસ	
બેંક લીંકેજ	સભ્યો બેંક લીંકેજ પેટા-સમિતિ	બેંક લીંકેજ	૧ દિવસ	ઉપર મુજબ
સૂક્ષ્મ ધિરાણ આયોજનને સરળતા કરી આપવા તાલીમ	પ્રાથમિક કક્ષાનું સંઘ-કારોબારી સમિતી	સૂક્ષ્મ ધિરાણ આયોજનને સરળતા કરી આપવી.	૩ થી ૫ દિવસ	ઉપર મુજબ
સુક્ષ્મ ધીરાણનું મુલ્યાંકન	પ્રાથમિક કક્ષાનું સંઘ-કારોબારી સમિતી	સમિક્ષા, બહાલી, મંજૂરી અને ચૂકવણી કેવી રીતે હાથ ધરવી.	૧ થી ૨ દિવસ	ઉપર મુજબ
નાણાંનું વ્યવસ્થાપન	સભ્યો	ગ્રેડીંગ સીઆઇએફ વ્યવસ્થાપન અને સમિક્ષા, સહાયપાત્રતા ઘટાડા ફંડ(વીઆરએફ) નો ઉપયોગ	૩-૪ દિવસ	ઉપર મુજબ
સ્થાનિક લોકો પ્રાપ્તિ(કોમ્યુનિટી પ્રોક્યોરમેન્ટ)	સભ્યો/પ્રાપ્તિપ્રોક્યોર મેન્ટ પેટા સમિતિ	સહાયપાત્રતા ઘટાડા ફંડનો ઉપયોગ	૨ દિવસ	ઉપર મુજબ
એકસપોઝર	સભ્યો	સીઆઇએફ વ્યવસ્થાપન	૧-૩ દિવસ	ઉપર મુજબ
નાણાકીય જાણકારી	ક્લસ્ટર/સેજા લેવલ સંઘ સભ્ય	બચત બેંક ખાતુ ખોલવું,	૧ દિવસ	ઉપર મુજબ

		બેંક લીંકેજ નાણાંની વ્યવસ્થા		
બુક કીપીંગ	ક્લસ્ટર/સેજા કક્ષાના સંઘના બુક કીપર	રેકર્ડના ચોપડા, એકસપોઝર	જુદા જુદા તબક્કામાં ૧૪ દિવસ	ઉપર મુજબ
બેંક મિત્રની તાલીમ	બેંક મિત્ર	બેંકનું ખાતું ખોલવું, બેંક લીંકેજ	૫-૭ દિવસ	પ્રોજેક્ટ સ્ટાફ/બેંકર
બીમા મિત્રની તાલીમ	બીમા મિત્ર	વીમા વિષયક જાણકારી	૫-૭ દિવસ	પ્રોજેક્ટ સ્ટાફ/વીમા એજન્સી
બેંક લીંકેજ	સભ્યો/ બેંક લીંકેજ પેટા સમિતી	બેંક લીંકેજ	૧ દિવસ	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી/બેંકર
નાણાંનું વ્યવસ્થાપન	સભ્યો	સીઆઇએફ વ્યવસ્થાપન અને સમિક્ષા, સહાયપાત્રતા ઘટાડા ફંડ	૩-૪ દિવસ	પ્રોજેકટ સ્ટાફ/ સ્થાનિક લોકોકર્મચારી
સ્થાનિક લોકો પ્રાપ્તિ(કોમ્યુનિટી પ્રોક્યોરમેન્ટ)	સભ્યો/પ્રાપ્તિ પ્રોક્યોરમેન્ટ પેટા સમિતિ	વીઆરએફ અને લાઇવલીહુડ ફંડનો વપરાશ	૨ દિવસ	ઉપર મુજબ
સ્થાનિક લોકો લેખાજોખા (સોશ્યલ લેખાજોખા) માટે તાલીમ	સ્થાનિક લોકો લેખાજોખા ૨	સ્વસહાય જૂથ અને પીઆરએલએફ ઓડીટ	૫-૭ દિવસ	પ્રોજેકટ સ્ટાફ

એકસપોઝર	સભ્યો	સ્થાનિક લોકો મૂડી-રોકાણ વ્યવસ્થાપન	૧ દિવસ	પ્રોજેકટ/ સ્ટાફ સ્થાનિક લોકો કર્મચારી

ભાગ-૪ : માળખાઓ બનાવવા અને જોડાણ કરવુ (લેયરીંગ અને કન્વર્જંસ)

સ્થાનિક લોકો આધારિત સંઘમાં, સ્થાનિક લોકો સંસ્થાઓની રચના અને વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવવા ઉપરાંત વ્યક્તિગત કુટુંબ અને સામૂહિક આજીવિકા પ્રવૃત્તિઓના પ્રોત્સાહનમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. સ્થાનિક લોકો આ હસ્તક્ષેપ કરે છે ત્યારે શ્રેણીબદ્ધ બીજી પ્રવૃત્તિઓ સાથોસાથ લેવાની થશે. આ પ્રવૃત્તિઓ સ્થાનિક લોકો પ્રોજેકટ સ્ટાફની સગવડથી હાથ ધરશે અને તેની શરૂઆત કેટલાક ઉત્તેજકો પર આધારિત રહેશે. તેથી આ પ્રક્રિયાને સ્તરીકરણ કહે છે, તેમાં હાર્દરૂપ સંસ્થાકીય અને વેપાર પ્રક્રિયાઓ ઉપરાંત સ્થાનિક લોકોની અંદરથી સહાયપાત્ર વ્યક્તિઓનો સામાજિક સમાવેશ, કૃષિ અને આજીવિકામાં મૂડી-રોકાણ (ખેતી આધારિત આજીવિકા, વીમો, આરોગ્ય અને અન્ન સુરક્ષા, રોજગાર અને સાહસ વિકાસ, પંચાયતી રાજ સંસ્થાઓ સાથે સંકલનના મુદ્દાઓ કેન્દ્રમાં રહેશે. તાલુકામાં નીચેના પ્રકારના સ્તર વિચારાયા છે.

સામાજિક સમાવેશ અને સામાજિક વિકાસ

ગરીબોમાં તદ્દન ગરીબ અને સૌથી વધુ જરૂર ધરાવતાં જે સ્વસહાય જૂથ હેઠળ આવી ન શકે તેમના માટે ખાસ વ્યૂહ અપનાવાના રહેશે. આ સ્થાનિક લોકોને ખાસ રાહત અને ફંડથી સહાય કરવામાં આવશે. અશકતતા ધરાવતી વ્યક્તિ માટે અનેક શરૂઆતની પ્રોજેકટ જણાવવામાં આવ્યા છે. માનવતા વિરોધી વેપાર(હ્યુમન ટ્રાફીકીંગ), મજૂરો, ગંદુ ઉપાડનારાઓ માટે દેશભરમાં પગથીયા લેવામાં આવશે. આવી યોજનાઓ પ્રાદેશિક રહેશે અને તેમની યોગ્યતા, વિસ્તૃત અને ઓછા ખર્ચ પર આધારિત રહેશે. જાતિ, આરોગ્ય અને અન્ન સુરક્ષા તેમજ કુપોષણયુક્તો ની જરૂરિયાતને આધારે હાથ ધરવામાં આવશે.

પંચાયતી રાજ સંસ્થાઓ અને સ્થાનિક લોકો આધારિત સંગઠનોનું સંકલન

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનના ક્ષેત્રાધિકાર નીચે હિતાધિકારીઓ માટે પંચાયતી રાજ સંસ્થાઓ મજબૂત બનાવવી અને તેનું સંકલન મહત્વની ભૂમિકા અદા કરશે. દીર્ઘદૃષ્ટિથી પ્રેરિત એકધારું ક્ષમતા નિર્માણ લાંબાગાળાના ફેરફારો લાવવામાં મહત્વનું છે. તેથી, પંચાયતી રાજ સંસ્થા-સ્થાનિક લોકો આધારિત સંગઠનો આપણા માટે ગ્રામીણ વિકાસનું અસરકારક મોડલ છે. કેમકે તે કલ્યાણકારી કાર્યક્રમો આપવા માટે તેમજ લાભો ઉપલબ્ધ કરવા માટે પ્રસ્તુત માધ્યમ છે. સંકલન જુદી જુદી કક્ષાએ હોઇ

શકે, પરંતુ સંકલન માટેનાં પ્રવેશદ્વારો સ્થાનિક સંદર્ભો વિચારણામાં લઇને વ્યૂહાત્મક રીતે શોધવાના છે. ગરીબોનું મતદાર મંડળ એટલે કે ગ્રામ્ય પંચાયત ગ્રામ્યસભાને મજબૂત બનાવે છે, જે અન્વયે આ દિશામાં કેટલાંક પગલાં સંકલન મંચનાં રહેશે.

આજીવિકા પ્રવૃત્તિઓ

સ્થાનિક લોકો આજીવિકાના વિશ્લેષણ અને સ્થાનિક આજીવિકા પ્રવૃત્તિઓ માટે મિશન ટીમની મદદ લઇ શકશે તેમજ આજીવિકા યોજના બનાવી શકશે, બજાર વિશ્લેષણ કરવા પ્રયત્ન કરી શકશે તેમજ સારી આવડ્ત અપનાવી શકશે. આ મિશન મારફત સ્થાનિક લોકો આજીવિકા સંસાધનોનું મેપિગ, સંસાધનોની ચકાસણી, ચીજ વસ્તુઓના ભાવમાં ફેરફારનો ગાળો અને કૃષિ, પશુધન, ડેરી વગેરેની સંભવિત પ્રવૃત્તિઓ નક્કી કરવા અંગે તાલીમ મેળવી શકશે. નિરંતર કૃષિ વિષયક જ્ઞાન મેળવવાની તક રહેશે. જે ઓછા ખર્ચ, ઓછા જોખમ અને વધારે શ્રમ સઘનતાને કારણે સ્પષ્ટપણે ગરીબો માટે લાભકર્તા છે. સ્થાનિક લોકો પશુધન અને કુટુંબની ડેરી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડનો ઉપયોગ કરવા પણ પ્રયત્ન કરી શકશે.

સામુદાયિક આજીવિકા મેપિંગ અને વિગતવાર આજીવિકા વિશ્લેષણ તેમજચીજ વસ્તુઓના ભાવમાં ફેરફારનો ગાળાને નિશ્ચિત કરવા અને હસ્તક્ષેપ દ્વારા એકસુત્રતા લાવવા માટે સ્થાનિક લોકોનાં સ્વસહાય જૂથ અને સંઘ, સંઘની આજીવિકા પેટા-સમિતિઓ મારફત હસ્તક્ષેપ યોજનાઓ અમલમાં લાવશે. સ્થાનિક લોકો આજીવિકાને લગતા પ્રશ્નોમાં હસ્તક્ષેપ કરવા માટે વસ્તુઓ આધારિત જૂથ અથવા ઉત્પાદક જૂથ પણ રચી શકશે. તે ચલાવવાના પૂરતા અનુભવ પછી અને સ્થાનિક લોકોના લોકોને પૂરતા લાભ મળવા ચાલુ થતાં, આ પેટા-સમિતિઓનું ઉત્પાદક કંપની જેવા અલગ આજીવિકા સંઘમાં રૂપાંતર થશે. વળી મહિલા કિસાન સશક્તીકરણ પરિયોજના હેઠળ જુદા જુદાં ક્ષેત્રોમાં, જે સારી કામગીરી બજાવી શકે છે તેવા સભ્યોનો હસ્તક્ષેપ આંમંત્રિત કરવામાં આવશે જેના દ્વારા ઓછામાં ઓછાં ૨૦ થી ૩૦ હજાર કુટુંબો લાભાંવિત થવાની સંભાવના છે. એમકેએસપીનો પ્રાથમિક ઉદ્દેશ, ટકાઉ અને સ્થિતિસ્થાપક સંયુક્ત આજીવિકા ઉભી કરવાનો છે જે તકનીકી નો સારી રીતે ઉપયોગ કરી શકે .

વીમો

સ્થાનિક લોકો તેનાં જરૂરિયાત વાળા ગરીબ કુટુંબોને સલામતી પૂરી પાડવા ફકત બચત અને લોન આપે તે પૂરતું નથી. સ્થાનિક લોકોનાં સભ્યોને સામનો કરવાં

પડતાં જુદાં જુદાં જોખમોને ધ્યાનમાં લઇ યોગ્ય સૂક્ષ્મ વીમા પ્રોડકટની ઓળખ કરવી તેમજ તેની સભ્યોને જાણકારી આપવી પણ ખુબજ જરૂરી છે.

યોગ્ય, ઉચિત અને પરવડી શકે તેવા જીવન વીમો, લોન વીમો, મિલકત વીમાને સંબધિત પ્રોડકટની ઓળખ પ્રોજેકટ સ્ટાફની સહાય દ્વારા કરી શકાય તેમ છે. વીમા સેવાઓની વ્યવસ્થા ક્લસ્ટર/સેજા કક્ષા/તાલુકા કક્ષાના સંઘ અસરકારક રીતે અને નિરંતર કરશે.ક્લસ્ટર/સેજા કક્ષાના ફેડરેશને નક્કી કર્યા મુજબ જૂથ વીમા પ્રોડકટનો અમલ કરવાનો રહેશે. ક્લસ્ટર/સેજા કક્ષાએ બીમામિત્રની સેવાઓ મેળવવા સ્થાનિક લોકો દ્વારા જોગવાઇ કરવાની રહેશે.

કૌશલ્ય અને નિયુક્તિ (સ્કીલ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ)

સ્થાનિક લોકોના સભ્યો આજીવિકા કૌશલ્ય કાર્યક્રમ માંથી લાભ લઇ શકશે . તેનો હેતુ સમાજના ગ્રામીણ યુવાનોની વ્યાવસાયિક જરૂરિયાતો પૂરી પાડવાનો રહેશે. સ્થાનિક લોકોના આવકના સ્ત્રોતમાં વિવિધતા લાવવા અંગેનું આ એક પગલું છે. આ કાર્યક્રમ ગરીબ સ્થાનિક લોકોના યુવાનોને કૌશલ્યવર્ધનમાં મદદ કરે છેતેમજ તેમનાં કૌશલ્ય દ્વારા તેમને રાષ્ટ્રનાં વૃદ્ધિ પામતાં સેકટરોમાં દાખલ થવાની તક આપે છે. તાલીમ અને નિમણૂક યોજનામાં ખાનગી, જાહેર, બિન-સરકારી, સ્થાનિક લોકો સંગઠનો સહભાગી થઇ કામ કરશે.

નિયંત્રણ અને જવાબદેહી

સૌથી નીચેની કક્ષાએ થતા કામની જવાબદારી અને ગુણવત્તા સુધારવાની જરૂરિયાત દરેક વ્યક્તિએ સમજાવવાની જરૂર છે. કેમકે તે સ્થાનિક સરકારમાં નિર્ણય-શક્તિ વધારવા ,તેમજ શિક્ષણસ્તર ઉચુ લાવવા અને સ્થાનિક લોકો ક્ષમતા વધારવા અને અસરકારક સહયોગ મજબૂત બનાવવામાં મદદરૂપ થશે. સ્થાનિક લોકોના દરેક સભ્યને સ્થાનિક લોકો નિયંત્રણ સાધનો અને વ્યવસ્થાપનની તાલીમ મળવી જોઇએ, કેમકે આ સેવાઓ દ્વારા ગુણવત્તા, કાર્યક્ષમતા અને જવાબદારીને અસર કરવામાં મદદ થશે. સ્થાનિક લોકોને નીયમન અને જવાબદારીની યોજના વિશે પણ શીખવવું પડશે. તે મિશનના ઉદ્દેશ મેળવવામાં અવરોધક હોય તેવાં પરિબળો નક્કી કરવામાં મદદ કરે છે. મિશન સ્ટાફે ગ્રામ્ય કક્ષાના નિયમન માળખા અને ફરિયાદ ફોરમને લોકોમાં જાણીતાં કરવાં જોઇએ. શાસન અને જવાબદારીના માપદંડના પાલનને એકાકી પ્રવૃત્તિ તરીકે જોવી નહિ, પરંતુ મિશન, એટલે સંસ્થા નિર્માણ, સમાવેશ, નાણાંકીય સમાવેશ વગેરે જેવા મુખ્ય પ્રવાહની હાર્દરૂપ પ્રવૃત્તિઓના આવશ્યક ભાગ તરીકે જોવી જોઇએ.

જીએસી(નિયંત્રણ અને જવાબદેહી) અન્વયેના હસ્તક્ષેપો અપેક્ષિત ધારાધોરણો મુજબના હોવા જોઇએ. તે રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન દ્વારા પૂરી કરી શકાશે અને તેમાં નીચેનાનો સમાવેશ થઇ શકશે :

(ક) સહાયક માળખાનું સક્રિય પ્રગટીકરણ

(ખ) સ્થાનિક લોકો આધારિત સંઘનું સક્રિય પ્રગટીકરણ

(ગ) સામાજિક લેખાજોખા

(ઘ) સ્થાનિક લોકો દેખરેખ વ્યવસ્થા

(ચ) સ્થાનિક લોકોના સભ્યોને તેમને ઉપલબ્ધ લાભો અંગે તાલીમ અને તે લાભો મેળવવાનાં સાધનો

(છ) સ્થાનિક લોકોના સભ્યોને લાભો મેળવવા માટે શ્રેણીબદ્ધ કાર્યક્રમો મારફત સંકલન

સ્થાનિક લોકોદેખરેખ વ્યવસ્થા

સરકાર દ્વારા અમલમાં મુકાતી બધી યોજનાઓ અને નીતિની અસરકારકતાના નિયંત્રણ માટે એવી મજબુત નિયંત્રણ પદ્ધતિ હોવી જોઇએ કે સ્થાનિક લોકોના દરેક તેમાં ભાગ લઇ શકે. સમુદાયે આજીવિકા અને વિકાસ પરની આવી પહેલની અસર સમજવાની જરૂર છે અને ઇચ્છિત પગલાં અસરકારક છે કે કેમ તે પણ જોવાની જરૂર છે. સ્થાનિક લોકોના કેટલાં સભ્યો તેમને મળતા લાભોથી વાકેફ છે તે પણ સમુદાયે જોવું જોઇશે.

નિયમિત દેખરેખ- નિયંત્રણથી સંબંધિત સેવા પૂરી પાડનારાઓને સ્થાનિક લોકો જવાબદાર આપી શકે અને તેમની પાસેથી દીર્ઘકાલીન કામ નક્કી કરી શકશે. તેનાથી પારદર્શકતા વધશે અને યોજનાઓ અને કાર્યક્રમોનાં આયોજન અને અમલમાં સ્થાનિક લોકોનાં સભ્યોની ભાગીદરી વધશે. તદઉપરાંત તે નિયંત્રિત સભ્યોને જવાબદેહી પૂરી પાડશે અને જણાવેલા નિર્ણયો લેવામાં સ્થાનિક લોકોની શક્તિનું નિર્માણ કરવામાં તે મદદરૂપ થશે.

નિયંત્રણમાં સ્થાનિક લોકોનો સહયોગ દરેક સભ્યોમાં વધુ સારી જાગૃતિ લાવવા ઉપરાંત પહેલ કરનારાઓને સામૂહિક પ્રતિભાવ આપશે. સ્થાનિક લોકો તેની જરૂરિયાતો અને ઇચ્છાઓનો નિર્ણય કરવા સાચા નિર્ણાયક હોવાથી, સ્થાનિક લોકોની સહયોગ યોજના અને કાર્યક્રમોના આયોજન અને અમલમાં દરેક સભ્યની ભાગીદારી વધશે, જે નિમ્ન કક્ષાએ જવાબદારી નક્કી કરશે. સાચા નિર્ણયો લેવાની સ્થાનિક લોકોની ક્ષમતા વધારવામાં મદદરૂપ થશે. તે એકત્રિત માહિતીનું ક્ષેત્ર પણ વિશાળ કરશે. (હાલની માહિતીને પૂરક)

સ્થાનિક લોકોની દેખરેખ માટેની જરૂર

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ, બધી પ્રવૃત્તિઓનો અમલ સ્થાનિક લોકોની સંસ્થાઓ મારફત થાય છે. તેથી, સ્થાનિક લોકોના અધિકારીઓ આખરી પદાધિકારીઓ નથી, પરંતુ અમલમાં સ્થાનિક લોકો પણ મહત્વની ભૂમિકા અદા કરે છે. તેથી, આજીવિકા પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવામાં સ્થાનિક લોકોની ભૂમિકા મહત્વની છે. સ્થાનિક પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓનું નિયંત્રણ કરીનેસ્થાનિક લોકો પોતાની મેળે વિકાસ પ્રક્રિયાઓની વ્યવસ્થા કરશે. તે તેની જરૂરિયાત મુજબ પસંદગી કરવામાં સભ્યોને મદદ કરશે તેમજ તદનુસાર સભ્યોની બાબતોને વાચા આપશે.

સ્થાનિક લોકોના નિયંત્રણ કરવાથી ગરીબમાં સૌથી ગરીબ અને વંચિતો સહાયથી વંચિત ન રહી જાય અને જરૂરિયાતવાળા કુટુંબો નક્કી કરી શકાય તેની ખાતરી થઇ શકશે અને તેઓ સ્વસહાય જૂથ હેઠળ એકત્રિત થાય અને ઉકત માપદંડ અને માર્ગદર્શક સૂચનાઓ અનુસાર તેમને મળવા પાત્ર લાભ પ્રાપ્ત કરી શકે તે નક્કી થઇ શકશે .

વ્યાપક માપદંડોની યાદી નીચે મુજબ છે, કે જે સ્થાનિક લોકો નિયંત્રણ પદ્ધતિ વિકસાવવા માટે જરૂરી છે :

- લાભો અને હકો અન્વયેનીજાગૃતિ
- સામાજિક અને નાણાકીય સમાવેશનો વ્યાપ
- સ્વસહાય જૂથની સ્વાયત્ત, પારદર્શક અને જવાબદેહ કામગીરી
- સ્થાનિક લોકો કર્મચારીની કામગીરી
- બેંક લીંકેજ
- સ્થાનિક લોકો દ્વારા અપાતી સેવાની ગુણવત્તા

પદ્ધતિ

સમુદાયે સ્થાનિક લોકોનાદરેક સભ્યોને અનુરૂપ પ્રક્રિયા વિકસાવવાની જરૂર છે, જેનો સ્થાનિક લોકોનાદરેક ઉપયોગ કરી શકે અને તે મૂળભૂત સ્થાનિક લોકો નિયંત્રણ પદ્ધતિને અનુસરતી હોય. સ્થાનિક લોકો આ માટે સચિત્ર નિયંત્રણ પદ્ધતિ તૈયાર કરી શકે . સર્વે (મોજણી) કરવા માટે સ્થાનિક લોકોના સભ્યો અથવા સ્વયંસેવકોને તાલીમ આપવાની જરૂર રહેશે, જેઓ આ મોજણીમાં સંકળાયેલ રહેશે.

સ્થાનિક લોકો નિયંત્રણ પદ્ધતિના ભાગ રૂપે નીચેનામાંથી એક અથવા બધાં પાસાં ધરાવતી સાદી અને સરળ સ્થાનિક લોકો નિયંત્રણ પદ્ધતિ ઘડી શકશે :

- સ્વસહાય જૂથ દ્વારા સ્વયં નિયંત્રણ
- માસિક નિવેદિકાનો ઉપયોગ કરીને આંતરિક સંસ્થાકીય નિયંત્રણ

- સચિત્ર અહેવાલ કાર્ડ
- સ્થાનિક લોકો સ્કોર બોર્ડ
- સામાજિક લેખાજોખા

નિયંત્રણ એક અનુભવમાત્ર નથી તે ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે. તેનો અમલ નિરંતર ધોરણે સર્વગ્રાહીપણે કરવો જોઇએ. ડીએમએમયુ અને બીએમએયુએ સ્થાનિક લોકો પાસેથી નિયમિત પ્રતિભાવ લેવાની જરૂર છે, જેથી તારણોનો વાર્ષિક આયોજન પ્રક્રિયામાં સમાવેશ કરી શકાય અને નિયંત્રણ નક્કી કરી શકાય .

કામગીરી અને જવાબદારીઓ

- **રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન**
  - સ્થાનિક લોકો નિયંત્રણ હાથ ધરવા માટે પદ્ધતિ ઘડી કાઢવી.
  - સ્થાનિક લોકો નિયંત્રણ હાથ ધરવા માટે ક્ષમતા નિર્માણમાં સહાય કરવી .
  - સ્થાનિક લોકો નિયંત્રણ માટેનો શિષ્ટાચાર વ્યાખ્યાયિત કરવો.
  - સ્થાનિક લોકો નિયંત્રણ હાથ ધરવા માટે સરળતા કરી આપવી.
